Downloaded from https:// www.studiestoday.com

ગુજરાતી

# સાહિત્યભારતી

ધોરણ-દસમું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - 2116/(પ્ર.ક્ર.43/16) એસડી-4 દિનાંક 25-4-2016 અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક 29-12-2017 રોજની મીટિંગમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ગુજરાતી
# સંયુક્ત
# સાહિત્યભારતી
## ધોરણ-દસમું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - 411 004.

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિઝીટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પ્રથમાવૃત્તિ : ૨૦૧૮

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય : સુશ્રી કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ. મધુ સંપટ
શ્રીમતી ભગવતી પંડ્યા
શ્રીમતી પ્રતિમા પંડ્યા

ગુજરાતી અભ્યાસ જૂથ : સુશ્રી ઈલા શુક્લ
શ્રીમતી સ્મિતા દવે
શ્રીમતી જ્યોતિ ખખ્ખર

નિમંત્રિત : શ્રી પ્રફુલ આર. શાહ
શ્રીમતી જનક દાવડા
શ્રીમતી હીના લિલાણી
શ્રીમતી વંદના પંચાલ
શ્રીમતી જિજ્ઞા કાપડિઆ
શ્રીમતી મંજરી ગુમાસ્તે
શ્રીમતી ઉર્મિલા શાહ
શ્રીમતી ધર્મિકા ધીરેન દોશી
શ્રી. ધીરેન મનસુખલાલ દોશી

સદસ્ય-સંયોજક : કેતકી નિતેશ જાની

સંયોજન પ્રમુખ : કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ
પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૦૪.

નિર્મિતિ : શ્રી. સચ્ચિદાનંદ આફળે
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. રાજેંદ્ર ચિંદરકર
નિર્મિતિ અધિકારી
શ્રી. રાજેંદ્ર પાંડલોસકર
સહાયક નિર્મિતિ અધિકારી

મુખપૃષ્ઠ અને ચિત્ર : શ્રી સંજયભાઈ પટેલ

અક્ષરાંકન : સમર્થ ગ્રાફિક્સ,
૫૨૨, નારાયણ પેઠ, પુણે-૩૦.

કાગળ : 70 GSM Creamwove

મુદ્રણાદેશ : N/PB/2018-19/0.01

મુદ્રક : S Graphix India Pvt.Ltd,Thane

પ્રકાશક : શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ – ૨૫.

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ધોરણ-૧૦માં આપનું સ્વાગત છે...! આ પુસ્તકને આપની સમક્ષ મૂકતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ.

ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા વિચારો વ્યક્ત કરવા માટે શબ્દસંપત્તિ બહોળી હોવી જરૂરી છે. સરળ વ્યાકરણ અને કૃતિયુક્ત સ્વાધ્યાયો આપની ભાષાભિવ્યક્તિ સમૃદ્ધ બનાવશે.

સર્વધર્મ સમભાવ, દેશપ્રેમ, કુટુંબપ્રેમ, ભારતનો સાંસ્કૃતિક વારસો, પર્યાવરણ, સકારાત્મક અભિગમ, હળવું હાસ્ય, બચત કરવાની વૃત્તિ, આપત્તિનો સામનો કરવાની શક્તિ, સંવેદનશીલતા વ્યક્ત કરતી કૃતિઓને અહીં સમાવિષ્ટ કરવામાં આવી છે.

પ્રત્યેક પાઠ/કાવ્યના અંતે આપેલા વૈવિધ્યપૂર્ણ સ્વાધ્યાયો તેમજ ઉપક્રમોને લીધે તમારી સર્જનશક્તિને વેગ મળશે. શબ્દોના અર્થ, જોડશબ્દ, સહસંબંધ જેવી કૃતિઓને લીધે ‘શબ્દકોશ’ વાપરવાની તમને ટેવ પડશે... વિશેષવાંચન તમને વાંચન તરફ વાળશે અને લેખન કૌશલ્ય તમારી લેખન રૂચિ વધારશે... આમ મૂળભૂત ભાષિક કૌશલ્યો વિકસાવવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તક અને આધુનિક તંત્રજ્ઞાનનો તમે સમન્વય સાધી શકો છો. સ્વાધ્યાયમાં વિવિધતા અને રૂચિ પરીક્ષામાં ઉત્તમ ગુણ પ્રાપ્ત કરવાનો મોકો આપશે...

આ પાઠ્યપુસ્તકના અધ્યયન બાદ અપેક્ષિત ક્ષમતાઓ તમે પ્રાપ્ત કરશો એવો વિશ્વાસ છે. પુસ્તકમાંનાં પ્રકલ્પો આનંદદાયી અને જ્ઞાનવર્ધક છે. જે આપની સૃજનશક્તિ અને કલ્પનાશક્તિમાં વધારો કરશે જ...!! Q.R. Code દ્વારા દરેક કૃતિ સંબંધી વધુ માહિતી માટે દશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે, જે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી હશે. આપના જીવનની પ્રથમ જાહેર અને મહત્ત્વની પરીક્ષા માટે આપ સહુને અંતરની શુભેચ્છાઓ...!!

આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે...

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તા. : ૧૮ માર્ચ ૨૦૧૮, ગુડી પડવો
ભારતીય સૌર દિનાંક : ૨૭ ફાગણ ૧૯૩૯

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ...............બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા :
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાયે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા ।
જય હે, જય હે, જય હે,
જય જય જય જય હે ॥

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારાં દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અપેક્ષિત અધ્યયન ક્ષમતા

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|
| ૧. શ્રવણ | ● શાળા-ઘર-પરિસરમાં થતા અનૌપચારિક સંભાષણ સાંભળે અને સમજે.<br>● કવિતાનો લય-તાલ સમજે અને સાંભળે.<br>● સંવાદો અને પ્રસંગ સમજપૂર્વક સાંભળે<br>● બોલીભાષા અને પ્રમાણભાષાનો ભેદ સમજે.<br>● સંદેશવહનના માધ્યમ દ્વારા વિવિધ સમાચારો સાંભળે અને સમજે તેમજ દેશની વર્તમાન પરિસ્થિતિથી વાકેફ રહે. |
| ૨. ભાષણ-સંભાષણ | ● આરોહ-અવરોહ સાથે કાવ્યપઠન કરે.<br>● સૂર-તાલ સાથે પ્રાર્થના ગાય.<br>● શાળામાં આયોજિત વિવિધ કાર્યક્રમોમાં સૂત્રસંચાલન કરે.<br>● જૂથચર્ચામાં ભાગ લે. પોતાના વિચારો અસ્ખલિતપણે રજૂ કરે.<br>● આપેલા વિષય પર વક્તવ્ય આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરે.<br>● શબ્દો, શબ્દસમૂહ કે રૂઢિપ્રયોગોનો વ્યવહારમાં સહજ ઉપયોગ કરે. |
| ૩. વાંચન | ● વાંચનમાં ગતિ વધારે.<br>● અસ્ખલિત શુદ્ધ ઉચ્ચારસહિત વાંચન કરે.<br>● યોગ્ય ગતિમાં સમજપૂર્વક વિરામચિહ્નો સાથે પ્રકટવાચન કરે, નિજાનંદ માટે વાંચે.<br>● મૂકવાચન કરે.<br>● ગુજરાતી શબ્દકોશ વાંચીને વર્ણાક્ષરોના ક્રમ ઓળખે. |
| ૪. લેખન | ● સ્વમત લેખિત રૂપે રજૂ કરે.<br>● લેખનના નિયમાનુસાર શુદ્ધ લેખન કરે.<br>● મુદ્દા પરથી વાર્તા, નિબંધ લેખન, પ્રવાસવર્ણન કરે.<br>● ગદ્યાંશ પરથી પ્રશ્નો બનાવે.<br>● આત્મસાત કરેલા શબ્દભંડોળનો લેખનમાં ઉપયોગ કરે.<br>● સુવાચ્ય અક્ષરે સ્પષ્ટ લેખન કરે.<br>● અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરે.<br>● પત્રલેખન કરે. |
| ૫. અધ્યયન કૌશલ્ય (આકલન) | ● ગુજરાતી ભાષા સાથે અન્ય ભાષા શીખવાનો અભિગમ કેળવે.<br>● પાઠ્યાંશ કે કાવ્યાંશના વાંચન બાદ થયેલી સ્વાનુભૂતિ પ્રગટ કરી શકે.<br>● કલ્પનાશક્તિના વિકાસ દ્વારા સર્જનશક્તિ ખીલે.<br>● સ્વયં મૂલ્યમાપનની ક્ષમતા વિકસે.<br>● સંસ્કાર પોષક સાહિત્યવાંચનનો અભિગમ કેળવે.<br>● ગુજરાતી ભાષાની વિવિધ વેબસાઈટની માહિતી મેળવી તેનો સંદર્ભ તરીકે ઉપયોગ કરે.<br>● સંગણકમાં ગ્રાફ્સ, આલેખ, P.P.T., વર્ડ-આલેખ વગેરેનો ઉપયોગ સમજી શકે. |
| ૬. ભાષિક સમજ (ભાષાભ્યાસ) | ● આગલા ધોરણની ભાષિક સમજનું પુનરાવર્તન.<br>● શબ્દસંપત્તિ :- શબ્દસમૂહ માટે એક શબ્દ, સમાનાર્થી, વિરોધી, જોડણી અર્થભેદ, જાતિ બદલો, શબ્દ અંતાક્ષરી લખે.<br>● જોડ શબ્દ, જૂથમાં ન બેસતા શબ્દો, અંગ્રેજી શબ્દો શોધવા, વર્ણાક્ષર મુજબ ગોઠવો વગેરે.<br>● વિશેષણ ઓળખે.<br>● વચન બદલીને લખે.<br>● રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ તેમજ વાક્યમાં ઉપયોગ કરે; સંધિનો વિગ્રહ કરે.<br>● વાક્યના પ્રકારો ઓળખે. |

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અનુક્રમણિકા



| ક્રમ | કવિતા/પાઠનું નામ | કવિ/લેખકનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| | **પદ્ય વિભાગ** | | | |
| ૧. | વૈષ્ણવજન | નરસિંહ મહેતા | ૧ | ૦૩ |
| | ★ વિશેષ વાંચન – ઊજવણી | દીપક ત્રિવેદી | ૪ | ૦૨ |
| ૨ | અંધેરી નગરી | દલપતરામ | ૫ | ૦૫ |
| | ★ વિશેષ વાંચન – દિવાદાંડી | પ્રહ્લાદ પારેખ | ૧૦ | ૦૨ |
| ૩. | જય ! જય ! ગરવી ગુજરાત ! | નર્મદ | ૧૧ | ૦૪ |
| | ★ વિશેષ વાંચન – ચિરકાળના મિત્રો | સુરેશ દલાલ | ૧૫ | ૦૨ |
| ૪. | ગાજે છે રાનમાં | ધ્રુવભટ્ટ | ૧૬ | ૦૨ |
| | ★ વિશેષ વાંચન – વા વા વંટોળિયા ! | જગદીપ વીરાણી | ૧૯ | ૦૨ |
| ૫. | દિવાળી ગીત | અનિલ ચાવડા | ૨૦ | ૦૨ |
| | ★ વિશેષ વાંચન – બંદર છો દૂર છે ! | સુંદરજી બેટાઈ | ૨૩ | ૦૨ |
| ૬. | ઝાડની વ્યથા | વિવેક ટેલર | ૨૪ | ૦૩ |
| | ★ વિશેષ વાંચન – જોઈએ છે એક ઝાડ ! | એષા દાદાવાળા | ૨૭ | ૦૨ |
| | **ગદ્ય વિભાગ** | | | |
| ૧. | નિક' વૉયચીક | સંકલિત | ૨૯ | ૦૫ |
| | ★ વિશેષ વાંચન – વિન્ની હાર્લો | સંકલિત | ૩૪ | ૦૨ |
| ૨. | ફરી આવો ફોરેન | તારક મેહતા | ૩૬ | ૦૫ |
| | ★ વિશેષ વાંચન – પ્રત્યેક કાર્યને તમારા પડછાયાથી દૂર રાખો | ડૉ. ચંદ્રકાંત મહેતા | ૪૨ | ૦૨ |
| ૩. | બચત કરશો તો બચશો | જયેશ ચિત્તલિયા | ૪૩ | ૦૫ |
| | ★ વિશેષ વાંચન – બચત અને રોકાણ વચ્ચેનો તફાવત | સંકલિત | ૪૯ | ૦૨ |
| ૪. | દેશભક્ત જગડુશા | રમણલાલ સોની | ૫૦ | ૦૫ |
| | ★ વિશેષ વાંચન – 'ઈ તો સાંયડી રોપી છે !' | પ્રદ્યુમ્ન તન્ના | ૫૭ | ૦૨ |
| ૫. | નીલાનું અલૂણાવ્રત | તરલા ભાટિયા | ૫૯ | ૦૫ |
| | ★ વિશેષ વાંચન – સ્વચ્છતાને જ્યાં ધર્મથી પણ વધુ મહત્ત્વ અપાય છે. | આશુ પટેલ | ૬૪ | ૦૨ |
| | | | | ૦૨ |
| ૬. | મંગળસૂત્ર | કિસનસિંહ ચાવડા | ૬૫ | ૦૫ |
| | ★ વિશેષ વાંચન – એકલો | જયન્ત પાઠક | ૭૦ | ૦૨ |
| ● | લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ | | ૭૧ | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## પદ્ય વિભાગ

# ૧. વૈષ્ણવજન

**નરસિંહ મહેતા**

આદિ કવિ નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજા ગામે ૧૫મી સદીમાં નાગર બ્રાહ્મણ કૃષ્ણદાસ મહેતાને ત્યાં થયો હતો. પાંચ વર્ષની ઉંમરે માતા-પિતાને ગુમાવ્યાં, તેથી તેમનો ઉછેર તેમની દાદીએ કર્યો હતો. ૧૫મી સદી દરમિયાન ભારતમાં જે ભક્તિ આંદોલનની શરૂઆત થઈ તેનો રંગ ગુજરાતને લગાડનાર કવિ નરસિંહ મહેતાએ કૃષ્ણભક્તિનાં પદો રચ્યાં છે. તેમની રચનાઓમાં ઝૂલણા છંદ મુખ્ય રહ્યો છે. દંતકથા મુજબ ભાભીએ તેમને મહેણું મારતાં દુ:ખી થઈ, મંદિરમાં જઈ, મહાદેવને પ્રસન્ન કર્યા અને પરિણામે કૃષ્ણની રાસલીલાનાં દર્શન થયાં.

નરસિંહ મહેતાએ ઊંચનીચના ભેદભાવ ટાળવા માટે પ્રત્યક્ષ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પ્રભાતિયાં, ઝૂલણાં છંદ અને કેદારો રાગ તેમના પ્રિય હશે, એમ તેમની રચના પરથી જણાય છે. પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનમાર્ગની પરંપરાના ઉત્તમ કવિ હતા. સાદી, સરળ, બોલચાલની ભાષામાં રચાયેલી તેમની ગેય રચનાઓ આજે પણ લોકોને હૈયે અને હોઠે રમે છે. તેમણે 'કુંવરબાઈનું મામેરું', 'હુંડી', 'ઝારીનાં પદ', 'સુદામાચરિત્ર', 'દાણલીલા' વગેરે જેવા ૧૫૦૦થી વધુ પદો રચ્યાં છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત ભજનમાં નરસિંહ મહેતાએ વૈષ્ણવજનનાં લક્ષણોનું વર્ણન કર્યું છે. પારકાની પીડા જાણનાર અને પરદુ:ખે ઉપકાર કરનાર પ્રભુનાં ભક્તો કદી અભિમાન કરતાં નથી. તેમના માટે જગતનાં બધાં જીવો વંદનીય છે. તેઓ નિંદા-કુથલીથી દૂર રહે છે. મન, વચન અને કર્મથી પવિત્ર રહીને દરેકને સમાન દૃષ્ટિથી નિહાળે છે. ઇચ્છાઓને ત્યજી દે છે તેમ જ પરસ્ત્રી કે પરધન તરફ નજર પણ કરતાં નથી. સાચા વૈષ્ણવો મોહમાયાની જાળમાં ક્યારેય ફસાતા નથી, લોભ કરતાં નથી, કામ અને ક્રોધને જીતી લે છે, કપટ તેમને સ્પર્શી ન શકે, વૈરાગ્ય ધારણ કરી રામનામમાં લીન રહી પોતાના કુળને તારે છે. આ રીતે કવિએ અહીં વૈષ્ણવનાં લક્ષણોનો સ્પષ્ટ ચિતાર આપ્યો છે. પ્રસ્તુત ભજન ગાંધીજીના પ્રિય ભજન તરીકે આજે પણ ગવાય છે.

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ મન નિર્મળ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મોહ માયા વ્યાપે નહિ તેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે.

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલા ભજનનું સમૂહગાન કરાવી શકાય. જુદાજુદા લઘુત્તરી પ્રશ્નોની મદદથી વૈષ્ણવમાં રહેલા ગુણોની ચર્ચા કરી શકાય. વૈષ્ણવની સંકલ્પના સ્પષ્ટ કરી શકાય. ભજનમાં આવતા સદ્‌ગુણો વિદ્યાર્થીઓમાં કેળવવા માટે જુદાજુદા પ્રેરક પ્રસંગો કહીને પ્રેરિત કરી શકાય. કવિતાના કવિ નરસિંહ મહેતાનો સંક્ષિપ્ત પરિચય આપીને તેમનામાં રહેલી વૈષ્ણવતાનો ચિતાર આપી શકાય.

સદ્‌ગુણો કેળવવાની સાથે જીવનમાં કોઈપણ પ્રકારનો મોહ કે માયા રાખવી ન જોઈએ, અપેક્ષાઓ રાખ્યા વગર જ પોતાની ફરજો બજાવવી જોઈએ તે વાત ઠસાવવા માટે પણ ઉદાહરણો આપી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો લખો :**

(૧) જીભ (૨) ખોટું (૩) ઇચ્છા (૪) સમગ્ર
(૫) કૂથલી (૬) વિરક્તિ (૭) વંશ (૮) વેદના

**સ. ૨. ઉદાહરણ પ્રમાણે 'પર'થી શરૂ થતાં શબ્દો બનાવો : ઉદા. પરધન**

**સ. ૩. કાવ્યમાં આવતા જોડાક્ષરયુક્ત શબ્દો લખો.**

**સ. ૪. નમૂના પ્રમાણે શબ્દ બનાવો : દા. ત. સત્ય – અસત્ય**

(૧) પ્રશંસા (૨) લોભી (૩) ઉપકાર
(૪) મલિન (૫) નિરાભિમાની (૬) કપટ

**સ. ૫. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) જે સત્ય જ બોલે તે – (૨) જેનામાં લોભ નથી તે –
(૩) જેનામાં સ્વાર્થ નથી તે – (૪) જેનામાં ભય નથી તે –

**સ. ૬. કાવ્યના આધારે ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો :**

(૧) બીજા ઉપર ઉપકાર કરે તો પણ મનમાં _________________ લાવતા નથી.
(૨) પોતાના મુખેથી ક્યારેય _________________ વચનો બોલતા નથી.
(૩) સમગ્ર જગતમાં સહુને _________________ કરે છે.
(૪) પારકી સ્ત્રી વૈષ્વણજન માટે _________________ સમાન છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો :**

(૧) જે બીજાની ________________ તે સાચા વૈષ્ણવ છે.
(અ) પીડા જાણે છે (બ) મદદ કરે છે (ક) સાથે ચાલે છે

(૨) સાચા ભક્તના ________________ નિર્મળ છે.
(અ) ઘર, પરિસર, આંગણું (બ) મન, વચન, કર્મ (ક) વાણી, વર્તન અને વિચાર

(૩) સજ્જનો બીજાનાં ધનને ________________
(અ) ખોટી નજરે જોતા નથી (બ) પોતાના માટે વાપરતા નથી (ક) હાથ લગાડતા નથી

(૪) સાચા વૈષ્ણવના દર્શન કરતાં ________________ કુળ તરી જાય છે.
(અ) એકોતેર (બ) એકસઠ (ક) એકસો તેર

**સ. ૮. કાવ્યના આધારે લખો :**

(૧) જેને લોભ નથી તે -
(૨) જેણે તૃષ્ણાનો ત્યાગ કર્યો તે -
(૩) દરેકને સમાન દૃષ્ટિથી જુએ તે -
(૪) જેનામાં કપટ નથી તે -

**સ. ૯. આડાઅવળા શબ્દોને ક્રમમાં ગોઠવીને કાવ્યપંક્તિ લખો :**

(૧) પીડ પરાઈ જે વૈષ્ણવજન તો કહીએ તેને જાણે રે
(૨) ન આણે મન પરદુઃખે તોયે કરે ઉપકાર રે અભિમાન
(૩) તીરથ તેના રે રામનામ શું લાગી તાળી સકળ તનમાં રે
(૪) દૃઢ મોહ વ્યાપે વૈરાગ્ય માયા નહિ મનમાં તેને જેના રે

**સ. ૧૦. સાચા વૈષ્ણવમાં રહેલા સદ્‌ગુણો તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૨. ‘નવ’ શબ્દના જુદાજુદા અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો : દા.ત. પણ - પરંતુ, પણ - પ્રતિજ્ઞા.**

**સ. ૧૩. વિશેષણ ઓળખીને રેખાંકિત કરો :**

(૧) વલ્લભ લોભી નથી.
(૨) હું દસમા ધોરણમાં ભણું છું.
(૩) મુંબઈ મોટું શહેર છે.
(૪) તું રજામાં કોના ઘરે જવાનો છે?

★ **શાળામાં અભ્યાસ શરૂ કરતાં પહેલાં પ્રાર્થના કરવાનાં કારણ વિશે સમૂહમાં ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ જુદીજુદી ભાષાની કોઈપણ પાંચ પ્રાર્થના શોધીને નાની પુસ્તિકા બનાવો.

## લેખન કૌશલ્ય

★ ‘વૃક્ષોનું સંવર્ધન’ વિષય ઉપર નિબંધ લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## પત્રલેખનનો મસૂદો

તારીખ,

________________

પ્રતિ, ________________

માનનીય, ________________

________________

વિષય : ________________

મહોદય/મહોદયા, ________________

મુખ્ય વિગત

આપનો/આપની

________________

સરનામું

________________

(પત્ર લખનારનું સરનામું)

## વિશેષ વાંચન

### ઊજવણી

મનની કચરાપેટીમાં, ભાઈ, ફેરવજો સાવરણી !
વળે રાગ-ને-દ્વેષ તો કરજો સારીપેઠ ઊજવણી.
વેર ઊગે તો વાઢી નાખો, દોસ્તભાવના ગાઢી રાખો,
સરળ શ્વાસના સથવારામાં ઝેર જીવનનાં કાઢી નાખો.
છેક સ્વર્ગમાં સ્થાન અપાવે એક જ આ નિસરણી !
મનની કચરાપેટીમાં, ભાઈ, ફેરવજો સાવરણી !
એવી હેલી વરસાવો સૌ એકમેકની અંદર,
કોઈ અજાણ્યા રસ્તા ઉપર છલકે સ્નેહસરોવર !
સાચું-જૂઠું પાર કરે ઈ તરી જશે વૈતરણી !
મનની કચરાપેટીમાં, ભાઈ, ફેરવજો સાવરણી !

– દીપક ત્રિવેદી

7D6P7I

પ્રાર્થના હૃદયનું સ્નાન છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૨. અંધેરી નગરી

## દલપતરામ

ઈ.સ. ૧૮૨૦ની ૨૧મી જાન્યુઆરીએ તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ત્યાંની ગામઠી શાળામાં લીધું ત્યારથી જ પ્રાસવાળી કવિતા રચવાનો શોખ ધરાવતા. સ્વામીનારાયણ સંપ્રદાયમાં માનતા હતા. કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર અને વ્રજભાષાની કાવ્યરીતિનું શિક્ષણ મેળવ્યું હતું. તેમની મોટાભાગની કવિતા પ્રાસંગિક, ઉપદેશાત્મક, સુધારાવાદી વલણવાળી લોકપ્રિય હતી.

તેમની ટૂંકી રચનાઓમાં ગરબી, પદો અને છંદોબદ્ધ કાવ્યોનો સમાવેશ થાય છે. તેમનું ગદ્યસર્જન પણ વૈવિધ્યપૂર્ણ છે. 'ફાર્બસવિરહ' તેમની લાંબી વિશેષ રચના છે. 'મિથ્યાભિમાન' નાટક, 'દલપત પિંગળ', 'કાવ્યદોહન ભાગ ૧-૨-૩' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. ૨૫ માર્ચ, ૧૮૯૮ના રોજ અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

આ વ્યંગાત્મક કથાકાવ્યના માધ્યમથી કવિ માનવની સહજવૃત્તિને ઉજાગર કરે છે. પોતાની ભૂલ ના સ્વીકારતાં બીજા ઉપર દોષનો ટોપલો ઢોળવો સરળ છે પણ બીજાના ગુણોને ખુલ્લા દિલે આવકારવા બહુ મુશ્કેલ છે. અહીં પ્રસ્તુત વાર્તામાં અભણ રાજા જેવી જ અભણ તેની પ્રજા છે. દરેક વ્યક્તિ કે વસ્તુને એક જ ત્રાજવે તોલનાર વ્યક્તિને અજ્ઞાનતાનું ભાન કરાવનાર આ કવિતા વ્યંગાત્મક રીતે સત્ય તરફ અંગુલિનિર્દેશ કરે છે.

જ્યાં સારાં-નરસાંનો વિવેક નથી ત્યાં એક ગુરુ અને ચેલો આવી ચડે છે. લોટ આપીને સુખડી મળવાથી શિષ્ય ખુશ થઈ ગુરુને વાત કરે છે. ત્યારે ગુરુ તે ગામમાં રહેવાની ના પાડે છે. પરંતુ શિષ્ય ગુરુની વાત માનતો નથી. તે જ ગામમાં રહે છે. ગુરુ બીજે ગામ જતા રહે છે. શિષ્ય ઘણો સમય તે ગામમાં રહી તાજોમાજો થઈ જાય છે. પરંતુ એક દિવસ રાજાના દરબારમાં ચોરીના આરોપસર તેને લવાય છે ત્યારે શિષ્ય રાજા પાસેથી મુદત લઈ ગુરુને લઈ આવે છે. ગુરુ ચતુરાઈપૂર્વક શિષ્યને બચાવી લે છે. આ કવિતા ઉપરથી બોધ મળે છે કે ''ગુરુની વાત હંમેશાં માનવી જોઈએ.''

(ભુજંગી)

પુરી એક અંધેરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં;
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે, કદી સારી બૂરી ન વેચે વિવેકે. ૧

ત્યાં જઈ ચડ્યા બે ગુરુ એક ચેલો, ગયો ગામમાં માગવા શિષ્ય પેલો;
લીધી સુખડી હાટથી આપી આટો, ગુરુ પાસ જઈને કહે ખૂબ ખાટ્યો. ૨



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ગુરુજી કહે રાત રહેવું ન આંહી, સૌ એક ભાવે ખપે ચીજ જ્યાંહી;
હશે ચોર ને શાહનો ન્યાય એકે, નહિ હોય શિક્ષા ગુનાની વિવેકે. ૩

ન એ વસ્તીમાં એકવાસો વસી જે, ચલો સદ્ય, ચેલા, જવું ગામ બીજે;
કહે શિષ્ય ખાવાપીવા ખૂબ આંહી, તજી તેહ હું તો ન આવીશ ક્યાંહી. ૪

ગુરુએ બહુ બોધ દીધો જ ખાસો, નહિ યોગ્ય અહીં રહે રાતવાસો;
ન માની કશી વાત તે શિષ્યે જ્યારે, ગુરુજી તજીને ગયા ગામ ત્યારે. ૫

રહ્યા શિષ્યજી તો તહીં દિન ઝાઝા, બહુ ખાઈ પીને થયા ખૂબ તાજા;
પછીથી થયા તેહના હાલ કેવા, કહું છું હવે હું સુણો સર્વ તેવા. ૬

(દોહરા)

તસ્કર ખાતર પાડવા, ગયા વણિકને દ્વાર;
તહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર. ૭

માત પ્રભાતે ચોરની, ગઈ કરવા ફરિયાદ;
શૂળી ઠરાવી શેઠને, ડોશીની સુણી દાદ. ૮

એવું ઘર કેવું ચણ્યું, ખૂન થયાં તે ઠાર;
રાતે ખાતર ખોદતાં, ચોર દબાયા ચાર. ૯

વણિક કહે કડિયા તણો એમાં વાંક અપાર;
ખરેખરી એમાં નથી, મારી ખોડ લગાર. ૧૦

કડિયાને શૂળી ઠરી, વણિક બચ્યો તે વાર;
ચૂક ગારો કરનારની, કડિયે કરી ઉચાર. ૧૧

ગારો કરનારો કહે, પાણી થયું વિશેષ;
એ તો ચૂક પખાલીની, મારી ચૂક ન લેશ. ૧૨

પુરપતિ કહે પખાલીને, જો તું શૂળીએ જાય;
આજ પછી આ ગામમાં એવા ગુના ન થાય. ૧૩

મુલ્લાં નીસર્યો મારગે મેં જોયું તે દિશ;
પાણી અધિક તેથી પડ્યું, રાજા છાંડો રીશ. ૧૪

મુલ્લાજીને મારવા, કરી એવો નિરધાર;
શૂળી પાસે લઈ ગયા, મુલ્લાંને તે વાર. ૧૫



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ફલ જાડું શૂળી તણું, મુલ્લાં પાતળે અંગ;
એવા હકીકત ચાકરે, જઈ કહી ભૂપ પ્રસંગ. ૧૬

ભૂપ કહે શું હરઘડી, પૂછો આવી કોઈ;
શોધી ચડાવો શૂળીએ, જાડા નરને જોઈ. ૧૭

જોતાં જોતાં એ જડ્યો, જોગી જાડે અંગ;
બહુ દિન ખાઈને બન્યો રાતેમાતે રંગ. ૧૮

શિષ્ય મુદત માગી ગયો, ગુરુ પાસે પસ્તાય;
ગુરુએઆવીઉગારીઓઅદ્‌ભુતકરીઉપાય.૧૯

જોગી શૂળી પાસ જઈ, કહે ભૂપ સુણ કાન;
આઅવસરશૂળીએચડે, વેગેમળેવિમાન.૨૦

ચેલો બોલ્યો હું ચડું, એ ગુરુ કહે હું આપ;
અધિપતિકહેચડીએચળે, પૂરણમળેપ્રતાપ.૨૧

ગુરુ-ચેલાને ગામથી પહોંચાડ્યા ગાઉ પાંચ;
રાજા શૂળી ઉપર રહ્યો, અંગે વેઠી આંચ. ૨૨

જહાં ભણેલ ન ભૂપતિ, નીપજે એવો ન્યાય;
દેશસુધારાની તહાં, આશા શી રખાય? ૨૩

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં આ કવિતાનું સમૂહગાન કરાવી શકાય. તે ગાવાથી વિદ્યાર્થીઓને કાવ્યના વિષયવસ્તુનું લગભગ જ્ઞાન થઈ જશે. છતાં ત્યારપછી પ્રશ્નોની સહાયથી વિદ્યાર્થીઓના જવાબને આધારે આખી વાત વાર્તારૂપે સમજાવી શકાય.

વાર્તા સમજાઈ ગયા પછી વિદ્યાર્થીઓ પાસે પણ વાર્તારૂપે કવિતાનો સાર રજૂ કરાવી શકાય. આ કવિતાનો મુખ્ય સાર છે કે, 'ગુરુની આજ્ઞાનું પાલન કરવું.' 'સારાસારનો વિવેક રાખવો અને સમજવો પણ', 'કોઈપણ બાબતની લાલચમાં ફસાવું નહિ' વગેરેનું વિદ્યાર્થીઓમાં દઢીકરણ થાય તે માટે પ્રેરણા આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો લખો :**

| | | | |
|---|---|---|---|
| (૧) દુકાન | (૨) સજા | (૩) ખામી | (૪) મહેતલ |
| (૫) ગોળપાપડી | (૬) ઉપદેશ | (૭) ઝડપ | (૮) તક |




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ. ૨. કવિતામાં કેટલાક સમાનાર્થી શબ્દોની જોડીઓ આપેલી છે. તે શોધીને લખો :

દા.ત. રાજા-ભૂપતિ




સ. ૩. ઉદાહરણ પ્રમાણે શબ્દો બનાવો : દા.ત. મૂર્ખ - મૂર્ખાઈ

(૧) જાડું (૨) મોટું (૩) સાદું

(૪) કડક (૫) ગરીબ (૬) ભલું

સ. ૪. શબ્દ પ્રયોગને વાક્યમાં વાપરો :

(૧) ખાતર પાડવું (૨) ત્યજી દેવું (૩) નિર્ધાર કરવો

(૪) રાતવાસો કરવો (૫) શૂળીએ ચડવું (૬) રીસ છોડવી

સ. ૫. વર્ણમાળાના ક્રમ પ્રમાણે શબ્દો ગોઠવો :

(૧) ભીંત, ખાતર, ખાજાં, રાત, ગુનો, જોગી, ભૂપતિ ____________________________

(૨) વણિક, કડિયો, મુલ્લાં, શિષ્ય, ગુરુ, તસ્કર ____________________________

સ. ૬. નમૂના પ્રમાણે લખો : દા.ત. મૂરખ : વિદ્વાન

(૧) શહેર (૨) વિવેક (૩) આશા

(૪) ચોર (૫) ભણેલા (૬) પ્રભાત

સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન પૂર્ણ કરો :

(૧) શિષ્યએ ________________ સુખડી લીધી.

(અ) પૈસા ખર્ચીને (બ) મંદિરમાંથી પ્રસાદીની (ક) આટો (લોટ)આપીને

(૨) ________________ માતા રાજાના દરબારમાં ગઈ.

(અ) ચોરની ફરિયાદ કરવા (બ) રાજાને મળવા (ક) મકાનમાલિકની ફરિયાદ કરવા

(૩) વણિકે ________________ નો વાંક ગણાવ્યો.

(અ) પખાલીનો (બ) કડિયાનો (ક) ડોશીનો

(૪) ગુરુએ શૂળીએ ચડવાના સમયને શુભ ગણાવતા કહ્યું કે ________________

(અ) રાજગાદી મળશે (બ) વેગે વિમાન મળશે (ક) પૂર્ણ કૃપા મળશે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૮. ઓળખો :**

(૧) ગંડુ રાજાની નગરી - ____________________________

(૨) ગામમાં માગવા જનાર - ____________________________

(૩) અંધેરી નગરી છોડી જવાનું કહેનાર - ____________________________

(૪) વણિકના ઘરે ખાતર પાડવા જનાર - ____________________________

(૫) ભીંત તૂટી પડતાં તેની નીચે દટાઈ જનાર - ____________________________

(૬) ગારો કરનારને ગુનેગાર ગણાવનાર - ____________________________

(૭) મુલ્લો પાતળો હોવાનું રાજાને કહેનાર - ____________________________

(૮) શિષ્યને શૂળીએ ચડતો બચાવનાર - ____________________________

**સ. ૯. ખાલી જગ્યા પૂરો :**

(૧) __________________ ની તહાં, આશા શી રખાય?

(૨) શોધી ચડાવો __________________, જાડા નરને જોઈ.

(૩) ખરેખરી એમાં નથી, મારી __________________ લગાર.

(૪) હશે ચોર ને શાહનો ____________ એકે, નહિ હોય શિક્ષા ____________ ની વિવેકે.

(૫) તસ્કર ____________ પાડવા, ગયા વણિકને દ્વાર;

**સ. ૧૦. સમજીને લખો :**

(૧) ગુરુએ શિષ્યને અંધેરી નગરીમાં ન રહેવા માટે કહ્યું કારણ કે...

(૨) શિષ્ય ગુરુ સાથે જવાને બદલે તે જ નગરીમાં રહ્યો તેનું કારણ...

(૩) ગુરુએ શિષ્યને બચાવવા કહેલી વાત...

**સ. ૧૧. પ્રસ્તુત કાવ્યની વાર્તા તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૨. કાવ્યમાંથી શોધીને યોગ્ય વિશેષણ લખો :**

(૧) પાણી (૨) અંગ (૩) નર (૪) ઉપાય

(૫) ગાઉ (૬) બોધ (૭) દિન (૮) ચોર

**સ. ૧૩. જાતિ બદલો :**

(૧) રાણી (૨) વાણિયણ (૩) પિતા

(૪) કુંભાર (૫) શેઠાણી (૬) શિષ્ય

**સ. ૧૪. વચન બદલો :**

(૧) દરવાજો (૨) ચેલો (૩) તાળું

(૪) કેળું (૫) ટોપલી (૬) સહિયર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ. ૧૫. વાક્યના પ્રકાર લખો :

(૧) દેશસુધારાની આશા કેવી રીતે રાખી શકાય? - (૨) વાહ! ફૂલની સુગંધ સરસ છે. -

(૩) જા, મારા માટે પાણી લઈ આવ. - (૪) મને વાર્તા સાંભળવી ખૂબ ગમે છે.-

★ 'શિક્ષણનું મહત્ત્વ' વિષય ઉપર વર્ગમાં વિદ્યાર્થીઓના જૂથ પાડીને ચર્ચા કરો/સંવાદ સાધો.

## પ્રકલ્પ

★ કવિ દલપતરામનું અન્ય કોઈપણ એક કાવ્ય કાર્ડપેપર ઉપર લખી તેનો સારાંશ નીચે લખીને એક ચાર્ટ તૈયાર કરો.

## લેખન કૌશલ્ય

★ નીચેના મુદ્દા ઉપરથી વાર્તા લખીને યોગ્ય શીર્ષક આપો :

એક આંધળો, બીજો લંગડો... બંનેને પડતી તકલીફો... બંને એ કરેલ સમજૂતી... લંગડો આંધળાના ખભે બેસી રસ્તો બતાડે... બંનેની તકલીફોનું સમાધાન.

## વિશેષ વાંચન

### દિવાદાંડી

'જાતાં જાતાં સફરમહીં' આ સિન્ધુના માર્ગમાંહી
છૂપા ઊભા ખડક તહીં જે કાળ શા નાવ કેરા !
તૂટ્યા જહાજો, ઝઝૂમી મરિયા જે ખલાસી બધા ત્યાં,
દીવાદાંડી-સ્વરૂપ ઝળકે પ્રાણ શું સર્વનો આ ?
દૂરેથી કે જલધિજલના માર્ગમાં નાવ આવે,
સંદેશાઓ ચમકી ચમકી વ્હાણને એ કહાવે,
'ના, ના, ના, ના, અહીં નહિ; અહીં કાળ ઊભો લપાઈ;
તારું આંહી જીવન સઘળું, પ્રાણ જાશે હરાઈ,'
સંદેશાઓ ઝબકી ઝબકી આવતા પ્રાણકેશ,
સૂણીને સૌ દિશ બદલતા નાવ કેરા ખલાસી,
જાતાં મારું જીવન-જલધિ માર્ગ જો નાવ તૂટે,
દીવાદાંડી બની રહી તહીં ચેતવું સૌ પ્રવાસી.

– પ્રહ્લાદ પારેખ

7DFK96

મૂર્ખ મિત્ર કરતાં શાણો શત્રુ સારો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૩. જય ! જય ! ગરવી ગુજરાત !

**નર્મદ**

મૂળ નામ નર્મદાશંકર લાલશંકર દવે. તેમનો જન્મ ૨૪ ઑગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરતમાં થયો હતો. તેઓ કવિ, નિબંધકાર, આત્મકથાકાર, નાટ્યસંવાદ લેખક, કોશકાર, પિંગળકાર, સંપાદક અને સંશોધક હતા. અર્વાચીન સાહિત્ય યુગનો પ્રારંભ નર્મદથી થયો. ૨૩ વર્ષની ઉંમરથી કાવ્યલેખનની શરૂઆત કરી હતી. ૧૮૫૮માં કલમને ખોળે માથું મૂકી શિક્ષકની નોકરીમાંથી હંમેશ માટે મુક્તિ મેળવી. તેમનાં નોંધનીય પુસ્તકોમાં 'નર્મગદ્ય' નિબંધસંગ્રહ, 'નર્મકવિતા' કાવ્યસંગ્રહ, 'નર્મકોશ', 'મારી હકીકત' આત્મકથા વગેરેનો સમાવેશ થાય છે. 'દાંડિયો' નામના પાક્ષિક દ્વારા તેમના સુધારાવાદી વિચારો રજૂ કર્યા. જય ! જય ! ગરવી ગુજરાત !' તેમનું ખૂબ જ પ્રચલિત કાવ્ય છે. ૨૫ ફેબ્રુઆરી, ૧૮૮૬માં મુંબઈમાં તેમનું અવસાન થયું.

**સૂર કૃતિનો**

ગુજરાત રાજ્યની ગૌરવગાથા વર્ણવતાં આ કાવ્યમાં રાષ્ટ્રપ્રેમની અનુભૂતિ કવિ આપણને કરાવે છે. સ્નેહ અને શૌર્યનાં પ્રતીક સમો ધ્વજ ગુજરાતના યુવાનોને પ્રેમભક્તિની રીત સમજાવીને દેશની શાન જાળવવાની પ્રેરણા આપે છે.

જે રીતે ભારતની ચારેય દિશામાં કુદરત ભારતીયોનું રક્ષણ કરે છે તે રીતે ગુજરાતની ઉત્તરમાં અંબામાતા, પૂર્વે કાળીમાતા, દક્ષિણે કુંતેશ્વર મહાદેવ અને પશ્ચિમે સોમનાથ અને દ્વારકાધીશ સાક્ષાત ગુજરાત રાજ્યની સહાય માટે અડીખમ છે.

પ્રકૃતિએ પણ ગુજરાતને ખોબેખોબા ભરીને સંસ્કૃતિ, સમૃદ્ધિ અને સુંદરતાનું દાન કર્યું છે. આની સાક્ષી તાપી, નર્મદા, મહી વગેરે નદીઓ અને સમુદ્ર પૂરે છે. પર્વતો જાણે દેશના વીર સપૂતો બની ગુજરાતને આશિષ સાથે વરદાન આપે છે.

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !

દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુંબી, પ્રેમશૌર્યઅંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત –
ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉત્તરમાં અંબામાત,
પૂરવમાં કાળીમાત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ.
છે સહાયમાં સાક્ષાત્
જય ! જય ! ગરવી ગુજરાત !



નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટનાં જુદ્ધરમણ ને, રત્નાગર સાગર,
પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકરઃ
સંપે સોહે સહુ જાત;
જય ! જય ! ગરવી ગુજરાત !

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ;
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !
શુભ શકુન દીસે; મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત;
જન ઘૂમે નર્મદા સાથ
જય ! જય ! ગરવી ગુજરાત !

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યની ઐતિહાસિક, સાંસ્કૃતિક, સામાજિક, સાહિત્યિક, ધાર્મિક અને ભૌગોલિક ભૂમિકાથી પરિચિત કરી શકાય.

આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના સૂત્રધાર મહાત્મા ગાંધી, સરદાર પટેલ વગેરે વિશે પ્રશ્નો પૂછીને અન્ય સપૂતોની માહિતી આપી શકાય.

ગુજરાત રાજ્યના સાંસ્કૃતિક વારસા પર વિશેષ પ્રકાશ પાડીને વિદ્યાર્થીઓને ગુજરાત અને ગુજરાતી ભાષા માટે જાગૃત કરી શકાય.

કુદરતે કરેલી મહેરનો પરિચય કરાવતી વખતે ભારતદેશની સીમા અને ગુજરાત રાજ્યની સીમાની તુલના કરાવી શકાય. રાષ્ટ્રભક્તિ માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરી શકાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) સૂર્ય (૨) સંતાન (૩) સન્મુખ (૪) પિતૃ
(૫) દરિયો (૬) સરિતા (૭) જલદી (૮) આશીર્વાદ

**સ. ૨. અર્થ બદલ્યા વિના વાક્યને નકારાત્મક બનાવો :**

(૧) શુભ કાર્યોમાં શુકન કરો તો ફાયદો થાય.
(૨) સાગનું લાકડું ઊંચી જાતનું હોય છે.
(૩) ઘરમાં સંપ હોય તો બધા સુખી રહે.
(૪) રમતમાં બધાં જીતની જ ઇચ્છા રાખે.
(૫) વડીલોના આશિષથી સફળતા મળે.
(૬) સૂર્ય પ્રભાતે ઊગે છે.

**સ. ૩. શબ્દસમૂહ માટે કૌંસમાંના શબ્દોમાંથી એક શબ્દ પસંદ કરો :**

**(કસુંબી, જુદ્ધરમણ, પ્રેમશૌર્ય અંકિત, અણહિલવાડ)**


(૧) ગુજરાતની જૂની રાજધાની – આજનું પાટણ – ______________________________
(૨) યુદ્ધમાં રમણે ચડેલો લડવૈયો – ______________________________
(૩) કસુંબલ રંગનું – ______________________________
(૪) સ્નેહ અને શૌર્યના પ્રતીક સમું – ______________________________

**સ. ૪. પૂરવ – પૂર્વ અને પરભાત – પ્રભાત. આ બંને શબ્દોમાં અર્ધો ‘ર’ જુદી રીતે દર્શાવ્યો છે. તેવા બીજા કોઈપણ ચાર-ચાર શબ્દો લખો :**

(૧) ‘ ર્ ’ રેફવાળા – ____________, ____________, ____________, ____________
(૨) ‘ ્ર ’ શબ્દની નીચે ‘ ્ર ’ વાળા – ___________, ____________, ___________, ___________

**સ. ૫. નમૂના પ્રમાણે જુદાજુદા અર્થ લખો :**

દા.ત.




**સ. ૬. નામ લખો :**

(૧) ગુજરાતની નદીઓ – ________________________________________
(૨) ગુજરાતના સપૂતો – ________________________________________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૭.** **યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) ઉત્તરે | (અ) કુંતેશ્વર |
| (૨) દક્ષિણે | (બ) સોમનાથ |
| (૩) પૂર્વે | (ક) અંબામાતા |
| (૪) પશ્ચિમે | (ડ) કાળીમાતા |

**સ. ૮.** **નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) સ્નેહ અને વીરતાનાં પ્રતીક રૂપી ધ્વજ ઝળહળશે.

(૨) દેશની પ્રગતિ માટેનાં સારાં શુકન થઈ રહ્યાં છે.

(૩) આપણા બહાદુર વડવાઓના આશિષ મળી રહ્યા છે.

(૪) પાટણની પ્રભુતા અને સિદ્ધરાજ જયસિંગને ગુજરાત ક્યારેય નહિ ભૂલે.

**સ. ૯.** **ખાલી જગ્યામાં કવિતામાંથી યોગ્ય શબ્દ લખો :**

(૧) તું ભણવ ભણવ નિજ _________________ સહુને પ્રેમભક્તિની રીત.

(૨) પર્વત પરથી વીર _________________ દે આશિષ જયકર.

(૩) જય ! જય ! ગરવી _________________.

(૪) વળી જોય સુભટનાં _________________ ને, રત્નાગર સાકર.

**સ. ૧૦.** **લખો :**

(૧) કાવ્યમાં ઉલ્લેખાયેલ ઐતિહાસિક વીર – ______________________________

(૨) પ્રેમ અને શૌર્યથી અંકિત થયેલ – ______________________________

(૩) દક્ષિણ દિશામાં ગુજરાતની રક્ષા કરનાર – ______________________________

(૪) ઝળહળતા ધ્વજનો રંગ – ______________________________

**સ. ૧૧.** **જાતિ બદલો :**

(૧) કવિ (૨) લેખક (૩) અભિનેતા

(૪) શિક્ષિકા (૫) સેવિકા (૬) નિર્દેશિકા

**સ. ૧૨.** **સંધિ જોડો :**

(૧) સિંહ + આસન = ________________

(૨) મત + અંતર = ________________

(૩) ધર્મ + અંધ = ________________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ. ૧૩. કાવ્યમાંથી શોધીને યોગ્ય વિશેષણ લખો :

(૧) ગુજરાત (૨) પરભાત (૩) જાત

(૪) શુકન (૫) પૂર્વજો (૬) દેવ

સ. ૧૪. પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

★ વિદ્યાર્થીઓના જૂથ પાડીને નીચેના વિષય ઉપર ચર્ચા કરો :

(૧) ગુજરાતના ઉદ્યોગપતિઓ (૨) ગુજરાતના દાતાઓ

(૩) ગુજરાતના નેતાઓ (૪) ગુજરાતના ખેલાડીઓ

## પ્રકલ્પ

★ 'ગુજરાત' વિશેના 'સાંઈરામ દવે'નાં કોઈપણ ચાર કાવ્યો શોધીને નાની પુસ્તિકા તૈયાર કરો.

## લેખન કૌશલ્ય

★ 'લહેરાતો તિરંગો' વિશે ૮ થી ૧૦ લીટીમાં નિબંધ લખો.

## વિશેષ વાંચન

### ચિરકાળના મિત્રો

મંદિરમાં હું મોટે ભાગે જતો નથી. કોઈ પણ બુકસ્ટોલ મારે માટે મંદિરની ગરજ સારે છે. પુસ્તક ઘરમાં જઈએ ત્યારે આપણે કેટલીયે સદીઓ સાથે મુલાકાત લેતા હોઈએ તેમ લાગે છે. કેટલાંય એવાં પુસ્તકો છે કે જેમણે આપણા જીવનના અનેક તબક્કે આનંદ આપ્યો હોય છે, તો કેટલીક કૃતિઓ એવી હોય છે કે જેણે જીવન પ્રત્યેનો આપણો અભિગમ બદલી નાખ્યો હોય. એક પુસ્તક વાંચ્યા પછી આપણે એના એ રહેતા નથી; આપણામાં કશુંક ઉમેરાય છે, કંઈક જે નકામું પડ્યું હોય એની બાદબાકી થાય છે. પુસ્તક આપણા લોહીમાં ભળી જાય છે, આપણાં ચૈતન્યનું સંવર્ધન કરે છે.

પુસ્તકો આપણી એકલતા દૂર કરે છે, આપણા એકાંતને સમૃદ્ધ કરે છે. માતાની જેમ એ આપણું જતન કરે છે, પિતાની જેમ છત્રછાયા આપે છે. પુસ્તકો આપણા ચિરકાળના મિત્રો છે. એમનો સહવાસ આપણે જ્યારે પણ માગીએ, ત્યારે ભાવથી તે આપણને ભેટે છે. આ સંબંધ કદીય વણસતો નથી. જે માણસ પુસ્તકોની વચ્ચે રહે છે, તે જિંદગી આખી બગીચાની વચ્ચે જ બેઠો હોય છે. સ્થૂળ વૈભવ અને સૂક્ષ્મ વૈભવ વચ્ચેનો ભેદ એને સમજાય છે.

– સુરેશ દલાલ

7DPGAT

મા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૪. ગાજે છે રાનમાં

**ધ્રુવ ભટ્ટ**

૮ મે, ૧૯૪૭ના રોજ ભાવનગર જિલ્લાના નીંગાળામાં તેમનો જન્મ થયો હતો. જાફરાબાદ અને કેશોદમાં તેમનો અભ્યાસ થયો હતો. તેમની પ્રથમ નવલકથા 'અગ્નિકન્યા' ૧૯૮૮માં પ્રકાશિત થઈ હતી. 'ગાય તેના ગીત' અને 'શ્રુનવંતુ' તેમના નોંધપાત્ર કાવ્યસંગ્રહ છે. નોંધનીય નવલકથામાં 'અકુપાર', 'તત્ત્વમસિ', 'લવલી પાન હાઉસ', 'સમુદ્રાન્તિકે' વગેરેનો સમાવેશ થાય છે. 'તત્ત્વમસિ' માટે ૨૦૦૨માં તેમને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. સૌરાષ્ટ્રના સમુદ્ર પ્રવાસ દરમ્યાનના અનુભવોના પરિણામ સ્વરૂપ આપણને તેમની પાસેથી 'સમુદ્રાન્તિકે' મળી છે. તેઓ સાહિત્ય પરિષદ તથા દર્શક ફાઉન્ડેશન એવોર્ડ દ્વારા સન્માનિત થયા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં કવિએ ચોમાસાને કારણે પ્રકૃતિનાં બદલાતાં રંગરૂપની વાત કરી છે. જંગલમાં વરસાદ વરસે ત્યારે વૃક્ષોની લીલાશ મેદાનમાં નીતરીને આવે છે. શહેરોમાં જ્યારે ધોધમાર વરસાદ વરસે ત્યારે તેમાં આવેલાં મકાનોમાં વરસાદની વાછટ અનુભવાય છે. કુદરત, પશુ, પક્ષીઓ પર તેની ઊંડી અસર પડે છે. તો માનવના મન પણ તેની માદક અસરથી બાકાત રહેતાં નથી, અને મોર બની ટહુકા કરવા લાગે છે અને કુદરતના સાનિધ્યમાં ગહેકવા લાગે છે. આમ કવિએ અહીં રસપ્રદ શૈલીમાં ચોમાસાને મન ભરી માણવાની વાત કરી છે.

ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં
વાડ પરે સૂતેલી સઘળી લીલાશ હવે નીતરતી થાશે મેદાનમાં
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...

ઊંચેથી આરપાર સરતું આકાશ હવે ઉતરશે ધોધમાર હેઠું
ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા કે ચોમાસું ધારધાર બેઠું
કાલ સુધી રહેતા'તા આપણે ને કાલથી તો વાછટો રહેશે મકાનમાં
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...

આપણને થાય એવું વાદળને થાય એવું ઝરણાને થાય એવું ઘાસને
આવી ઘટનામાં જે ડુંગરને થાય, થાય નેવેથી દડદડતા ગામને
તમને યે થાય ચાલ ટહુકો થઈ જાઉં અને ઝાડ તળે ગહેકું રે પાનમાં
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કાવ્યનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં કોઈપણ પરિચિત વર્ષાગીતનું સમૂહગાન કરાવી શકાય. વર્ષની ઋતુઓ તેમજ પેટાઋતુઓ બાબત ચર્ચા કરી શકાય. લઘુપ્રશ્નોની મદદથી શહેરના, ગામડાંના, જંગલના વરસાદની માહિતી આપી શકાય. ચોમાસા પછી કુદરતમાં થતાં પરિવર્તન વિશે પ્રશ્નો પૂછી ચર્ચા કરી શકાય. વરસાદ પડવાના જુદાજુદા પ્રકારનું સ્પષ્ટીકરણ કરી શકાય. દા.ત. ઝરમર, મુશળધાર, ધોધમાર વગેરે.

વરસાદની અસર પ્રકૃતિનાં તત્ત્વો તેમજ સજીવ સૃષ્ટિ પર જે જે રીતે થતી હોય તેની પણ સક્રિય ચર્ચા કર્યા પછી અંતે વિદ્યાર્થીઓના મન પર થતી અસર બાબત પૂછી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) જંગલ (૨) બધું (૩) નભ (૪) જોરદાર
(૫) સોંસરું (૬) ખડ (૭) પર્ણ (૮) પવન

**સ. ૨. કાવ્યમાંથી અંત્યાનુપ્રાસવાળા શબ્દો શોધો.**

**સ. ૩. ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવી તેનો વાક્યમાં ઉપયોગ કરો : દા.ત. ઊંચું – ઊંચેથી.**

**વાક્ય** – ઊંચેથી પાણી ધો ધો પડતું હતું.

(૧) નીચું (૨) ઊંડું (૩) જમણું (૪) હળવું

**સ. ૪. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) વાડી, બગીચા, મકાન વગેરેના રક્ષણ માટે ચારેબાજુ કરવામાં આવતી કાંટાળા છોડની આડ – ______________________________

(૨) આકાશમાં દેખાતો ધૂમાડાના ગોટા જેવો સમૂહ – ______________________________

(૩) છાપરાની નીચેની કિનારી પરનું નળિયું – ______________________________

**સ. ૫. નીચેના શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો :**

(૧) વાટ → [ ] → [ ] → [ ] → [ ]

(૨) સાવધ → [ ] → [ ] → [ ] → [ ]

(૩) ચોમાસું → [ ] → [ ] → [ ] → [ ]

(૪) ટહુકો → [ ] → [ ] → [ ] → [ ]



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૬. અર્થ સમજાવતી પંક્તિ લખો :**

(૧) વરસાદને કારણે વૃક્ષો પરનાં પાંદડાંનો રંગ ધોવાઈ જશે.

(૨) ઠંડાં, ભીનાં પવનો ચોમાસું જોરદાર જામવાનો સંદેશો લાવશે.

(૩) ચોમાસાની અસર વાદળાં, ઝરણાં, ઘાસ વગેરે દરેક તત્ત્વને થાય છે.

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(૧) ચોમાસું ગાજે છે ________________.

(અ) રાનમાં (બ) મેદાનમાં (ક) શહેરમાં

(૨) ધોધમાર વરસતા વરસાદમાં પવનો પણ________________.

(અ) સૂકાં અને ગરમ વહે છે (બ) ભીનાં અને ઠંડાં વહે છે (ક) ઠંડા, ગરમ વહે છે

(૩) ચોમાસામાં પ્રકૃતિની અસર માનવી પર પડતાં તે ________________ .

(અ) પ્રકૃતિની જેમ ખીલી ઊઠે છે

(બ) પક્ષીઓની જેમ કલરવ કરે છે અને ફૂલની જેમ મહેકે છે

(ક) ટહુકવા અને ગહેકવા લાગે છે

**સ. ૮. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

(૧) વાડ પર સૂતેલી સઘળી લીલાશ _________________.

(૨) ભીંજાતા વાયરાઓ વહેશે ______________________.

(૩) આપણને થાય એવું વાદળને થાય ________________.

(૪) તમને યે થાય ચાલ ટહુકો થઈ જાઉં ________________.

**સ. ૯. આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૦. 'આશ' પ્રત્યય લગાવી ભાવવાચક નામ બનાવો : દાત. મોકળું – મોકળાશ**

(૧) લીલું (૨) તીખું (૩) નવરું (૪) રાતું

(૫) મીઠું (૬) કાળું (૭) કડવું (૮) હળવું

**સ. ૧૧. સંધિ જોડો :**

(૧) પર + અધીન = ____________ (૨) ગણ + ઈશ = ____________

(૩) રવિ + ઈન્દ્ર = ____________ (૪) શિવ + આલય = ____________

(૫) પરિ + ઈક્ષા = ____________ (૬) સિદ્ધ + અર્થ = ____________

(૭) ધર્મ + આત્મા = ____________ (૮) પુરુષ + અર્થ = ____________

(૯) પરમ + અર્થ = ____________ (૧૦) સેવા + આશ્રમ = ____________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ. ૧૨. નીચેનાં વાક્ય ભૂતકાળમાં બદલો :

(૧) વાદળાં રાનમાં ગાજે છે.
(૨) મોર આંબાની ડાળે ગહેકે છે.
(૩) આંબા પર મોર બેસે છે.
(૪) બધાં મીઠાઈ ખાય છે.
(૫) ચોમાસું બરાબર બેસે છે.
(૬) ધોધમાર વરસાદ વરસે છે.

★ વર્ષની ઋતુઓ અને પેટાઋતુઓ વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.

★ તમારી શાળામાંથી ઉનાળાની રજાઓ દરમ્યાન જનારા કૂલુ-મનાલી-સિમલાના પર્યટનમાં જવા માટે પરવાનગી અને પૈસા માંગતો પત્ર તમારા પિતાને લખો.

## પ્રકલ્પ

★ કોઈપણ પાંચ ઋતુકાવ્યોનો સંગ્રહ કરો અને તેની સરસ મજાની પુસ્તિકા બનાવો.

## વિશેષ વાંચન

### વા વા વંટોળિયા !

વાયરા વનવગડામાં વાતા'તા
વા વા વંટોળિયા રે !

હાં રે અમે ગાડામાં બેસીને જાતાં'તા
વા વા વંટોળિયા રે !

ગાડાં દોડે, ઘૂઘરા બોલે,
બળદ કેરાં શિંગડાં ડોલે !

હાં રે અમે એકસાથ-સાથ મળી ગાતાં'તાં
વા વા વંટોળિયા રે !

ધોમ ધખેલા, આભ તપેલાં,
ગરમી કેરી ગાર લીંપેલા,
હાં રે અમે ઊની ઊની લૂ મહીં નાહતાં'તાં
વા વા વંટોળિયા રે !

– જગદીપ વીરાણી

પ્રભુએ રચ્યું વન, તો માનવીએ રચ્યું નગર.

7DYCCG



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૫. દિવાળી ગીત

### અનિલ ચાવડા

કવિનો જન્મ ઈ.સ. ૧૯૮૫ના ૧૦મી મેએ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ગામમાં થયો છે. વ્યવસાયે કવિ, લેખક અને કટારલેખક છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ., બી.એડ. થયેલા અનિલભાઈએ ખૂબજ નાની ઉંમરમાં સાહિત્ય ક્ષેત્રે ઘણી મોટી સિદ્ધિ મેળવી છે.

તેમનો પ્રથમ ગઝલસંગ્રહ 'સવાર લઈને' ૨૦૧૨માં પ્રકાશિત થયો. અન્ય પ્રકાશિત પુસ્તકોમાં ટૂંકી વાર્તાનો સંગ્રહ 'એક હતી વાર્તા', નિબંધસંગ્રહ 'જીવન અને ચિંતન' છે. આ ઉપરાંત તેમણે સંપાદિત પુસ્તકો પણ આપ્યાં છે.

સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી 'યુવા પુરસ્કાર', 'શયદા એવોર્ડ', આઈ.એન.ટી. મુંબઈ તરફથી 'યુવા ગૌરવ પુરસ્કાર', 'રાવજી પટેલ એવોર્ડ' વગેરે સન્માન તેમને પ્રાપ્ત થયા છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં દિવાળીમાં પ્રગટાવેલા દીવાની જેમ સ્વયંને પ્રકાશિત કરવાની એટલે કે આપણા આંતરિક ઉજાસને ઓળખીને પોતાની જાતને - સ્વયંને ઓળખવાની વાત કવિ કરે છે.

ઉદાસીઓના ફટાકડાઓ ફોડીને અર્થાત્ ઉદાસી દૂર કરીને ચહેરા ઉપર ફૂલઝડી જેવું સ્મિત એટલે કે આનંદ ફેલાવવાનો છે. કોઈની પાસેથી કોઈપણ અપેક્ષાઓ રાખ્યા વગર બસ નિઃસ્વાર્થ સ્નેહ દર્શાવી પોતાની જાતને ઉજાગર કરવાની છે.

દરેકના હૃદયમાં રહેલા ચમકતા હીરાને શોધવા માટે અંતરને ઢંઢોળવું પડે છે. ત્યારે જ આપણને ખુદનો પરિચય થાય છે. જો હૃદયમાં ઉજાસ અને અજવાળું જ ભરેલું છે તો પછી આપણે શા માટે ન ઝળહળીએ? આવી રીતે આખું વર્ષ દિવાળીના દીવડાની જેમ આપણે સ્વયંને પ્રગટાવી શકીએ. સાચે જ દિવાળીની શુભેચ્છા આપવાની કવિની આ રીત નોખી, અનોખી અને અદ્ભુત છે.

લ્યો આવી ગઈ દિવાળી દર વર્ષે આવે તેમ,
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
ઉદાસીઓના ફટાકડાઓ
ઝટપટ ફોડી દઈને,
ચહેરા ઉપર ફૂલઝડી સમ
ઝરતું સ્મિત લઈને;



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કોઈ પણ કારણ વિના જ કરીએ એકમેકને પ્રેમ...
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
સૌની ભીતર પડ્યો હોય છે
એક ચમકતો હીરો
ચલો શોધીએ ભીતર જઈને
ખુદની તેજ - લકીરો,
ભીતર ભર્યું જ છે અજવાળું ના ઝળહળીએ કેમ?
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કવિતાના અધ્યાપનની શરૂઆતમાં 'આપણા તહેવારો' અને 'તહેવારોનું જીવનમાં મહત્ત્વ' વિશે સમૂહચર્ચા કરાવી શકાય.

દિવાળી, દીપોત્સવી, દિપાવલીના પાંચેય દિવસોનાં નામ, તહેવારોનું મહત્ત્વ અને તેની પાછળની કથા વિષયક માહિતી પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓ પાસેથી મેળવી શકાય અને તેઓ ન જાણતા હોય તે વિષયક માહિતી આપી શકાય.

અહીં કવિએ દિવાળીને જે નોખી-અનોખી રીતે ઉજવવાની વાત કરી છે તેને સમજાવવા વિદ્યાર્થીઓના હૃદયમાં રહેલા આંતરિક ઉજાસને ઓળખવા માટે પ્રેરણા આપી શકાય.

કોઈપણ જાતની અપેક્ષાઓ રાખ્યા વગર દરેકને નિઃસ્વાર્થ પ્રેમ કરતા રહેવા માટે વિદ્યાર્થીઓને સંતોનાં ઉદાહરણો દ્વારા પ્રેરિત કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

| | | | |
|---|---|---|---|
| (૧) દિપાવલી | (૨) દીપક | (૩) ફૂલઝર | (૪) ગમગીન |
| (૫) મોં | (૬) હાસ્ય | (૭) અંદર | (૮) દારુખાનું |

**સ. ૨. યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) પ્રેમ | (અ) રુદન |
| (૨) તેજ | (બ) બહાર |
| (૩) સ્મિત | (ક) અંધારું |
| (૪) ભીતર | (ડ) નિસ્તેજ |
| (૫) અજવાળું | (ઈ) ઘૃણા |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૩.** **આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

ડાં | ફ | ક | ટા

લ | ડી | ફૂ | ઝ

ળી | ઝ | હ | એ | ળ

વી | ગ | એ | ટા | પ્ર

-------------- -------------- -------------- --------------

**સ. ૪.** **'શુભકામના' શબ્દના અક્ષરોથી તૈયાર થતા બે, ત્રણ અક્ષરવાળા ૪ શબ્દો બનાવો :**

[ ], [ ], [ ], [ ]

**સ. ૫.** **નીચેના શબ્દોને વર્ણાક્ષરના ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) દિવાળી, ઉદાસી, ફટાકડાં, ઝટપટ, ચહેરો, સ્મિત

--------, --------, --------, --------, --------, --------

(૨) દીવો, અજવાળું, ભીતર, લકીર, હીરો, પ્રેમ

--------, --------, --------, --------, --------, --------

**સ. ૬.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી સ્થાને લખો :**

(૧) ચહેરા પરના હાસ્યને ______________ સાથે સરખાવ્યું છે.

(અ) ગુલાબ (બ) ફૂલઝડી (ક) ચાંદની

(૨) દરેકના હૃદયમાં એક ચમકતો ______________ હોય છે.

(અ) હીરો (બ) દીવો (ક) કાચ

(૩) કવિ અહીં ______________ ના ફટાકડાં ફોડવાની વાત કરે છે.

(અ) સ્મિત (બ) દિવાળી (ક) ઉદાસીઓ

**સ. ૭.** **ખાલી જગ્યામાં કવિતાનો યોગ્ય શબ્દ મૂકો :**

(૧) આ વખતે તો ______________ પ્રગટીએ ચલો દીવાની જેમ.

(૨) કોઈપણ કારણ વિના જ કરીએ ______________ પ્રેમ.

(૩) ભીતર ભર્યું જ છે ______________ ના ઝળહળીએ કેમ?

(૪) ચલો શોધીએ ભીતર જઈને ______________ તેજ લકીરો.

**સ. ૮.** **નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) આ દિવાળીમાં આપણે પોતે જ દીવાની જેમ પ્રગટવાનું નક્કી કરીએ.

(૨) ઉદાસીઓના ફટાકડા ફોડીને આપણે ચહેરા ઉપર ફૂલઝડી જેવું સ્મિત ફેલાવવાનું છે.

(૩) કોઈપણ અપેક્ષા રાખ્યા વગર આપણે એકબીજાને નિઃસ્વાર્થ પ્રેમ કરવો જોઈએ.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૯.** **લખો :**

(૧) કાવ્યમાં વારંવાર આવતી પંક્તિ ______________________________________

(૨) તહેવારના નામ લખો :




**સ. ૧૦. આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો :**

**સ. ૧૧. વચન બદલો :**

(૧) વર્ષ

(૨) ફટાકડાં

(૩) દીવો

(૪) હીરો

(૫) લકીર

**સ. ૧૨.** **કવિતાને આધારે યોગ્ય વિશેષણ લખો :**

(૧) સ્મિત (૨) હીરો (૩) દિવાળી (૪) દીવો

★ **વિદ્યાર્થીઓના બે જૂથ પાડો. નીચેના વિષય પર દરેક જૂથ સમૂહચર્ચા કરો :**

(૧) શ્રાવણ માસના તહેવારો (૨) આસો મહિનાના તહેવારો

## પ્રકલ્પ

★ **ફટાકડાં ફોડતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો માટે એક ભીંતપત્રક બનાવો. તે બુલેટીનમાં લગાડો.**

## વિશેષ વાંચન

### બંદર છો દૂર છે !

અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે,
બંદર છો દૂર છે !
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે.
બંદર છો દૂર છે !
ફંગોળે તોફાની તીખાતા વાયરા,
મૂંઝાયે અંતરના હોયે જે કાયરા;
તારા હૈયામાં જો સાચી સબૂર છે !
છો ને એ દૂર છે !
આકાશી નૌકાને વીજ દેતી કાટકા,
તારી નૌકાનેયે દેતી એ ઝાટકા;
મધદરિયો મસ્તીમાં છો ને ચકચૂર છે
બંદર છો દૂર છે !
આંખોના દીવા બુઝાવે આ રાતડી
ધડકે ને થડકે જે છોટેરી છાતડી;
તારી છાતીમાં જુદેરું કો શૂર છે !
છો ને એ દૂર છે !
અલ્લા બેલી, અલ્લા બેલી;
જાવું જરૂર છે,
બંદર છો દૂર છે !
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે.
બંદર છો દૂર છે !

– સુંદરજી બેટાઈ

7E88E4

સારા વિચારો રાખવા તે જ આંતરિક સૌંદર્ય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૬. ઝાડની વ્યથા

## વિવેક મનહર ટેલર

તેમનો જન્મ ૧૬મી માર્ચ, ૧૯૭૧ના રોજ સુરતમાં થયો હતો. એમ.બી.બી.એસ. અને એમ.ડી. થયેલા વિવેકભાઈ હાલમાં સુરતમાં ડૉક્ટર તરીકે કાર્યરત છે.

તેમના પ્રકાશિત પુસ્તકોમાં ‘શબ્દો છે શ્વાસ મારા’ ગઝલસંગ્રહ છે. તો ‘ગરમાળો’ કાવ્યસંગ્રહ છે. ‘અડધી રમતથી’ તેમણે રચેલાં ગીતોની ઓડિયો સીડી છે. તેઓ ‘લયસ્તરો’ નામની વેબસાઈટનું સંચાલન પણ સંભાળે છે. ગુજરાતી વર્તમાનપત્રોમાં કોલમ લખે છે. તેમના ગઝલસંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદનો પુરસ્કાર મળ્યો છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિ ઝાડની વ્યથા વર્ણવે છે. આ ઝાડની વ્યથાના પ્રતીક રૂપે આપણને જીવન જીવવાની રીત સરળતાથી સમજાવે છે. ઝાડ જેમ મૂળિયાં વાઢીને જીવવા છતાં પોતાનામાં ફૂલોને ખીલવે છે તેમ આપણે પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં હસતા મોઢે, મૌન રહીને જીવવું જોઈએ.

કઠિયારો ઝાડને જે કુહાડીથી કાપે છે તે કુહાડીનો હાથો લાકડાનો જ હોય છે. એટલે કે તે લાકડું ઝાડના થડમાં જ રહેલું છે. લોકોને ફળ આપવા માટે ઝાડને પથ્થરનો માર સહન કરવો પડે છે. આ પ્રમાણે જ આપણે ઘણાં બધાં મુશ્કેલ કાર્યોને આનંદથી સ્વીકારીને કરવા પડતાં હોય છે. ભવિષ્યમાં ખરી જવાનું નિશ્ચિત હોવા છતાં વર્તમાનની મજાને માણી લેવી જોઈએ. આવો સુંદર સંદેશો ઝાડ પાસેથી આપણને મળે છે.

ટૂંકમાં કહેવાનું કે કોઈ આપણા ઉપર અપકાર કરે તો પણ આપણે તેના પર ઉપકાર જ કરવો જોઈએ.

મૂળિયાં વાઢીને જીવવાનું ને વળી ફૂલ પણ માથે ખીલવવાનું
ઝાડ ! તને આવું આવ્યું છે કદી જીવવાનું?

હાથો કુહાડીનો કાયામાં રાખી તું મોટું થાય, સાચી એ વાત છે;
ફળો ભેટ દેવાને માટે તું મૌન રહી પથરા ખાય, સાચી એ વાત છે,
પણ જાતની જ આરી બનાવીને જાતને પોતાના હાથે જ કાપવાનું?
બોલ, કદી આવું આવ્યું છે તારે જીવવાનું?

અંગારવાયુ પી પ્રાણવાયુ દેવાનું કામ, કહે લોક, ઘણું કપરું છે,
પણ અંગારા ખાઈનેય પ્રાણ પાથરવાથી વિશેષ, કહો, શું એ અઘરું છે?
હસતું મોં રાખીને સાવ લીલાં પાન સૌ એક પછી એક ખેરવવાનું,
હાય ! આ જીવવાનું કેમનું જીરવવાનું?
બોલ, કદી આવું આવ્યું છે તારે જીવવાનું?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કાવ્યમાં ઝાડના પ્રતીક દ્વારા આપણને જીવન જીવવાનો સંદેશો અપાયો છે તે તુલનાત્મક રીતે સમજાવ્યા પછી કાવ્યનું અધ્યાપન કરાવી શકાય. પ્રશ્નોત્તરની મદદથી ચર્ચા કરીને ઝાડનું મહત્ત્વ દર્શાવી શકાય.

અનેક મુશ્કેલીઓ વેઠવા છતાં જેમ ઝાડ પોતાનો પરોપકારનો ગુણ જાળવી રાખે છે તેમ આપણે પણ પરોપકારના ગુણને જીવનમાં કેળવવા-દૃઢ કરવા અનેક પ્રસંગોનાં ઉદાહરણો આપી શકાય.

આ કાવ્ય દ્વારા પ્રકૃતિના તત્ત્વો પાસેથી માનવને જીવન જીવવાના ઉમદા ગુણો પ્રાપ્ત થાય છે તે પણ ઉદાહરણો દ્વારા દર્શાવી શકાય.

ઝાડ વાવવા માટે, ઝાડ બચાવવા માટે પ્રેરણા આપી શકાય. પર્યાવરણની સુરક્ષા બાબત વિદ્યાર્થીઓને જાગૃત કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) પુષ્પ (૨) હસ્ત (૩) પરશુ (૪) જીવ
(૫) ઓક્સિજન (૫) પર્ણ (૭) પાષાણ (૮) શરીર

**સ. ૨. નમૂના પ્રમાણે શબ્દ લખો : દા.ત. સાચી – ખોટી.**

(૧) મરણ (૨) સહેલું (૩) સૂકાં (૪) કરમાવું

**સ. ૩. કાવ્યમાં આવતા પાંચ અક્ષરવાળા શબ્દો શોધીને લખો.**

**સ. ૪. શબ્દકોશની મદદથી નીચેના શબ્દોના અર્થ શોધો :**

(૧) જીરવવું (૨) વાઢવું (૩) ખીલવવું (૪) ખેરવવું

**સ. ૫. વર્ણાક્ષરના ક્રમ પ્રમાણે નીચેના શબ્દોને ગોઠવો :**

મૂળિયા, ફૂલ, ઝાડ, હાથો, કાયા, ભેટ, પથરા, અંગારા

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્યો પૂર્ણ કરો :**

(૧) આપણને ફળ દેવા માટે ઝાડ______________.
(અ) કુહાડીના ઘા સહન કરે છે (બ) પથરાનો માર ખાય છે (ક) પોતાનાં મૂળિયાં વઢાવે છે

(૨) ઝાડ આપણને ______________ વાયુ આપે છે.
(અ) કાર્બન ડાયોક્સાઈડ (બ) હાઈડ્રોજન (ક) ઑક્સિજન

(૩) કુહાડીનો હાથો ______________ માંથી બને છે.
(અ) લાકડા (બ) લોખંડ (ક) રબર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૭. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) મૂંગા મોઢે તકલીફો સહન કરીને બીજાને સુખ આપવું.

(૨) ભવિષ્યની ચિંતા છોડી વર્તમાનમાં મોજ માણવી.

(૩) માનવસૃષ્ટિને જીવાડવા માટે ઝાડ પોતે અંગારવાયુ પી લે છે.

**સ. ૮. યોગ્ય શબ્દ દ્વારા ખાલી જગ્યા પૂરો :**

(૧) મૂળિયાં કાપીને જીવવાનું છતાં ______________ ખીલવવાની જવાબદારી સ્વીકારેલી છે.

(૨) કુહાડીનો હાથો ઝાડની ______________ માંથી બને છે.

(૩) ઝાડ પોતે પીડા સહન કરી ______________ ખાઈને લોકોને જીવાડે છે.

(૪) ઝાડના લાકડામાંથી બનેલી ______________ ઝાડને કાપે છે.

**સ. ૯. કવિતાની પંક્તિઓને યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) હાથો કુહાડીનો | (અ) પ્રાણ પાથરવાથી |
| (૨) ફળો ભેટ દેવાને માટે | (બ) કાયામાં રાખી |
| (૩) અંગારવાયુ પી | (ક) તું મૌન રહી |
| (૪) પણ અંગારા ખાઈનેય | (ડ) પ્રાણવાયુ દેવાનું કામ |

**સ. ૧૦. વચન બદલો :**

(૧) વૃક્ષ (૨) પથ્થર (૩) પાંદડું

(૪) ફળ (૫) ફૂલ (૬) ડાળી

**સ. ૧૧. સંધિ છોડો :**

(૧) મહાત્મા (૨) મહેન્દ્ર (૩) અરૂણોદય (૪) ગણેશ

**સ. ૧૨. વિશેષણ ઓળખી રેખાંકિત કરો :**

(૧) તારી વાત સાચી છે.

(૨) બાગમાં રંગબેરંગી ફૂલો ખીલ્યાં છે.

(૩) સભામાં હજારો માણસો એકઠાં થયાં હતાં.

(૪) વૃક્ષનાં લીલાં પાનમાં કલોરોફીલ હોય છે.

**સ. ૧૩. કાળ ઓળખો :**

(૧) દિવાળીમાં અમે દિલ્હી ફરવા જઈશું.

(૨) ગયા વરસે ખૂબ વરસાદ પડ્યો.

(૩) મા મંદિરે જાય છે.

(૪) બાળકો બાગમાં રમતાં હતાં.

(૫) રામ અને શ્યામ રમશે.

(૬) દરજીએ સુંદર ટોપી સીવી.

(૭) મમ્મીએ શીરો બનાવ્યો છે.

(૮) આજે સાંજે મહેમાનો આવશે.

(૯) દાદા અને દાદી યાત્રાએ ગયા.

(૧૦) સર્કસમાં જોકર બધાંને હસાવતો હતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ. ૧૪. વૃક્ષના જુદાજુદા ભાગોનાં નામ લખી તે દરેકની ઉપયોગિતા જણાવો.

★ 'જો તમે કોઈને ઝાડ કાપતા જુઓ તો ...' આ વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.

## પ્રકલ્પ

★ મહારાષ્ટ્રના વન-વિભાગની માહિતી ઈન્ટરનેટ ઉપરથી મેળવીને એક સુંદર પ્રોજેક્ટ બનાવો.

## લેખન કૌશલ્ય

★ અધૂરી વાર્તા પૂરી કરો :

એક પ્રજાવત્સલ રાજા સભ્યતા અને સદાચારનો દૃઢ આગ્રહી હતો. પોતાની પ્રજાના સુખદુ:ખની સતત ફિકર કરતો. તેથી ઘણીવાર છૂપા વેશે નગરમાં ફરવા નીકળતો. એકવાર આ રીતે ફરવા નીકળ્યો ત્યારે એક સિપાહીને કોઈક સ્થળનો માર્ગ પૂછ્યો. તેણે ખૂબ સભ્યતાથી માર્ગ બતાવ્યો. તેના પર પ્રસન્ન થયેલા રાજાએ તેની કસોટી કરવાનું નક્કી કર્યું અને તેથી પોતાની સાથે આવવા સિપાહીને વિનંતી સાથે આગ્રહ કર્યો.

સિપાહીએ નમ્રતાથી પોતે ફરજ છોડીને નહિ જ આવી શકે તેમ કહ્યું. રાજાએ તેને થોડી મુદ્રાઓ આપીને ફરી પોતાની સાથે આવવાનો આગ્રહ રાખ્યો. સિપાહી ગુસ્સે થઈ ગયો. તેણે એક થપ્પડ મારી હડધૂત કરી કાઢી મૂક્યો. સાથે ફરીવાર કોઈને લાંચ ન આપવાની ચેતવણી પણ આપી... રાજા તો મનમાં ગર્વ અનુભવવા લાગ્યો. તેને થયું કે આને તો વફાદારીનો બદલો આપવો જ પડે.....

હવે તમે આ વાર્તા પૂરી કરો.

## વિશેષ વાંચન

### જોઈએ છે એક ઝાડ !

જોઈએ છે એક ઝાડ !
જેની ડાળી પર પંખીઓના માળા
ન હોય તો ચાલશે.
પણ એ પાનખર-પ્રૂફ હોવું જોઈએ !
બારેમાસ લીલું ને લીલું રહેતું હોય એવું-
ઊંચું-બીજા માળે આવેલા ફ્લેટની
મારી બાલ્કની સુધી પહોંચી શકે એટલું !
અને ઘટાદાર પણ જોઈએ જ.
જેનાથી બાલ્કનીનો વ્યૂ તો સુધરી જ જાય
પણ જેને બતાવીને
અંગ્રેજી મીડિયમમાં ભણતા દીકરાને
ગ્રીનરી પર એસે પણ લખાવી શકાય !

– એષા દાદાવાળા

વૃક્ષો વાવો, જીવન બચાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વાંચો

માત્ર વૃક્ષો જ નહીં સાથે
છાંયડો પણ કપાય છે.

પલંગ ઉપર સૂઉં છું
ને એક વૃક્ષ
સતત ઊડઊડ કરે છે
મારી આસપાસ
ઉપર-નીચે

ચોમાસું ક્યારે?
એ જાણવા
વૃક્ષો પંચાંગ નથી જોતાં.

દોસ્ત,
ભીંતનું અને વૃક્ષનું
તૂટી પડવું
એકસરખું નથી.

વૃક્ષને
જ્યારે પ્રથમ ફળ
બેસે છે ત્યારે
સીમ આખી ઊજવે છે
ઉત્સવ

– ધૂની માંડલિયા

ચેતજે જીવમાંય હાર ન હો,
સુખ એ દુ:ખનો કોઈ પ્રકાર ન હો;
એવો કોઈ મુગટ બન્યો જ નથી,
જેનો માથે જરાય ભાર ન હો.

– 'રઈશ મણિયાર'

ચંદ્ર ઊગે હસતો પૂરવમાં આથમતો રવિ જોઈ,
તોય ચંદ્રને કાંતિ અર્પે એવા સૂરજ કોઈ !

– દેવજી રા. મોઢા

કોણ પોતાનું, કોણ પરાયું ?
કોણ શત્રુ, કોણ ભ્રાત ?
ઘટઘટમાં એક જ રામ રમે ત્યાં,
પરની ક્યાં છે વાત ?

– દા. ખુ. બોટાદકર

પીળાં પર્ણો ફરી નથી થતાં કોઈ કાળે જ લીલાં;
ભાંગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઈ કાળે રસીલાં

– રમણભાઈ નીલકંઠ

★ વિદ્યાર્થીમિત્રો, અહીં કેટલીક ઉપયોગી ગુજરાતી વેબસાઈટના નામ છે. ક્યારેક તે જોજો, ખરેખર ગમશે.

(1) www.gujratilexicon.com (Gujrati Dictionary)
(2) www.bhagvadgomandal.com (Gujrati Dictionary)
(3) www.gujrativismisadi.com
(4) www.readgujrati.com
(5) www.gujratisahityasarita.com
(6) www.tahuko.com
(7) http://www.gazalgurjari.com
(8) http://www.uddesh.org
(9) http://readsetu.wordpress.com
(10) http://sarjansahitya.wordpress.com

7EH4FR



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ગદ્ય વિભાગ

# ૧. નિક'વૉયચીક

સંકલિત

**સૂર કૃતિનો**

પ્રસ્તુત સંકલિત કૃતિ એક સત્યઘટના છે. સૌ કોઈને પ્રેરણા આપતી આ કૃતિનો મુખ્ય સંદેશ એટલે 'અડધું શરીર સવાયું જીવન! જીના ઈસીકા નામ હૈ'

અકલ્પ્ય શારીરિક અક્ષમતા છતાં અનેક પ્રવૃત્તિઓમાં અગ્રેસર નિક' વૉયચીક, શારીરિક પંગુતાને નાથીને વટથી કેમ જીવી શકાય તેનું એક અનોખું અને જીવંત ઉદાહરણ છે.

'હજારો નિરાશાઓ પાછળ એક અમર આશા છુપાયેલી છે' અને ''મનુષ્ય સ્વયં જ પોતાના ભાગ્યનો નિર્માતા છે.'' જેવી ઉક્તિઓને સ્વયંસિદ્ધ કરતી આ કૃતિ સૌ કોઈનો જીવન જીવવાનો અભિગમ બદલવાની ક્ષમતા ધરાવે છે.

જીવનમાં આવેલી કે આવતી દરેક વિષમતાને સાહસ સાથે સહજ સ્વીકારવાની પ્રેરણા આપણને પ્રસ્તુત કૃતિના નિક' વૉયચીકના પાત્ર દ્વારા મળે છે.

એ લખે છે, કાંસકાથી વાળ ઓળે છે, બ્રશથી દાંત ઘસે છે, ગ્લાસથી પાણી પીવે છે, ફોનના જવાબ આપે છે, દાઢી કરે છે, કૉમ્પ્યુટર વાપરે છે, ટેનિસ બોલ ફેંકે છે, ડ્રમ પેડલ્સ વગાડે છે, સ્વિમિંગ કરે છે, ગોલ્ફ રમે છે, સ્કાય-ડાઈવિંગ કરે છે.

પણ એમાં નવું શું કે નોંધ લેવી પડે? આવું તો બધા કરતા હોય કે કરી શકે. હા પણ નિક' વૉયચીક આ બધું કરે, ત્યારે માત્ર નોંધ જ ન લેવી પડે પણ સલામ સુદ્ધાં કરવી જ પડે. કારણ કે નિકને નથી એકેય હાથ કે નથી એકેય પગ ! નિક' વૉયચીક (Nick Vujici) ઊર્ફે નિકોલસ જેમ્સ વૉયચીક આવી અકલ્પ્ય શારીરિક અક્ષમતા છતાં કરોડો સામાન્ય માણસ જેવું જીવન ગુજારે છે. એની આ કાબિલ-એ-દાદ હિંમત અનેકને પ્રેરણા, આશા અને જીવતા રહેવાનાં કારણો પૂરાં પાડે છે.


૧૯૮૨ની ચોથી ડિસેમ્બરે ઑસ્ટ્રેલિયાના મેલબોર્નમાં ડુસ્કા અને બોરીસ વૉયચીકને ઘરે નિક 'ટેટ્રા-એમેલિયા સિન્ડ્રોમ' સાથે જનમ્યો. જવલ્લે જ દેખાતી આ બીમારીમાં નવજાત શિશુ હાથ કે પગ વગર જન્મે છે. નિકને પણ પગને નામે બે સાવ નાના કે મિની પગ હતા, જેમાંથી એક પગમાં બે આંગળા હતા. આ સિવાય નિક પૂરેપૂરો તંદુરસ્ત. એના બન્ને ભાઈ મિયેલ અને એરોન એકદમ નોર્મલ.

જન્મ કે એની સાથે ભેટમાં આવેલી પંગુતામાં નિકે કંઈ કરવાનું નહોતું, પરંતુ અત્યંત દોહ્યલું અને મુશ્કેલ જીવન એને આવકારવા માટે બન્ને હાથ પહોળા કરીને ઊભું હતું. સંપૂર્ણ માનસિક સજ્જતા છતાં માત્ર શારીરિક પંગુતાને લીધે નિક સામાન્ય બાળકો માટેની સ્કૂલમાં ન જઈ શક્યો, કારણ કે કાયદો એને રોકતો હતો. પરંતુ આ કાયદામાં ફેરફાર થયા બાદ મુખ્ય પ્રવાહની સામાન્ય બાળકો માટેની સ્કૂલમાં એડમિશન મેળવનારો સર્વપ્રથમ વિદ્યાર્થી નિક બન્યો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




જો કે સ્કૂલ એડમિશનથી જંગ જીતાઈ નહોતો ગયો, નિકના અસલી જંગની શરૂઆત થઈ હતી. કાયદામાં ફેરફાર થયો પણ લોકોના મન બદલવાનું આસાન નથી. હાથ-પગની ગેરહાજરીને લીધે અન્ય વિદ્યાર્થીઓ એની મજાક કરવા માંડ્યા. કનડગત એટલી વધી ગઈ કે નિક હતાશાની ગર્તામાં સરી પડ્યો. આ ડિપ્રેશનની માત્રાનો ક્યાસ એ હકીકત પરથી આવે છે કે માત્ર આઠ વર્ષની ઉંમરે તે નકારાત્મક વિચાર કરવા માંડ્યો હતો. દસ વર્ષની ઉંમરે બાથટબમાં ડૂબી જવાનો પ્રયાસ પણ કર્યો. સદ્‌ભાગ્યે નિકને મા-બાપનો એટલો બધો પ્રેમ મળ્યો કે હતાશા અને નકારાત્મક વિચારોનું સાવ બાષ્પીભવન થઈ ગયું. એ માનવા લાગ્યો કે ઈશ્વર પાસે મારા જીવન માટે કોઈ અલગ પ્લાન લાગે છે એટલે જ ડૂબવા ન દીધો.

આગળ જતા નિક દુનિયાભરને સમજાવવા માંડ્યો કે જે હૃદય (વ્યક્તિ) પોતાનું કાર્ય કરવા ઇચ્છુક હોય તેનો ઈશ્વર ઉપયોગ કરે ને કરે જ. ગમે તેવી અને દરેક પંગુતાને પહોંચી વળવા માટે ઈશ્વર ખૂબ સક્ષમ અને શક્તિશાળી છે. નિક' વૉયચીકની ઈશ્વર પરની શ્રદ્ધા અને આસ્થા ગજબનાક છે. શરૂઆતમાં નિક પ્રાર્થના કરતો કે 'હે પ્રભુ મને હાથ અને પગ આપ, અને જો મારી પ્રાર્થનાનો અસ્વીકાર કરીશ તો હું તારી પ્રશંસા કરવાનું છોડી દઈશ. પરંતુ માતાએ બતાવેલા એક અખબારી કટિંગને પગલે એની શ્રદ્ધાને એક નવું જ પરિમાણ મળ્યું. એ અખબારમાં ભયંકર પંગુતા સાથે બાખડતા એક માનવી અંગે લેખ હતો. નિકને સમજાયું કે આવો સંઘર્ષ કરનારો હું એકલદોકલ નથી. આ સાથે જ પોતાની પંગુતાને એ સહજભાવે સમજતો-સ્વીકારતો થયો.

ઉંમર વધવા સાથે નિક બરાબર ઝળકવા માંડ્યો. સ્થાનિક ધર્માદા સંસ્થાઓ માટે અને અપંગો માટેના ચેરિટી કાર્યમાં એ સહભાગી થવા માંડ્યો. ૧૭મા વર્ષે તેણે વિદ્યાર્થીઓના જૂથને પ્રવચન આપવાનું શરૂ કર્યું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આને પાયો બનાવીને નિકે 'લાઈફ વિધાઉટ લિમ્બ્સ' નામના એન.જી.ઓ.ની સ્થાપના કરી. ૨૦૦૫માં તો એ યંગ ઑસ્ટ્રેલિયન ઑફ ધ યરના એવૉર્ડ માટે નોમિનેટ થયો હતો. ત્યારે નિક ઈશ્વરના ચમત્કારમાં ત્યાં સુધી માનતો કે પોતાના કબાટમાં કાયમ બૂટની જોડ રાખતો. ભગવાન પગ આપે તો તરત જ બૂટ પહેરી શકાય!

માત્ર ૨૨ વર્ષની ઉંમરે તેણે એકાઉન્ટન્સી અને ફાયનાન્શિયલ પ્લાનિંગમાં ગ્રેજ્યુએશન કર્યું. પરંતુ કારકિર્દી બનાવી મોટિવેશનલ સ્પીકર (પ્રેરણાદાયી વક્તા) તરીકેની. આજ સુધી પાંચ ઉપખંડના ૨૪ દેશના ત્રીસ લાખથી વધુ લોકો સમક્ષ તે પ્રવચન આપી ચૂક્યો છે.

આ ઉપરાંત નિકે પુસ્તક લખ્યું, મોટિવેશનલ ડીવીડી માર્કેટમાં મૂકી. એના જીવન પર ડૉક્યુમેન્ટરી બની, શોર્ટ ફિલ્મ બની, બેસ્ટ એક્ટરનો એવૉર્ડ સુદ્ધાં મળ્યો...

હાલ નિક અમેરિકાના લોસ એંજલસમાં રહે છે. ૨૦૧૨ની ૧૨મી ફેબ્રુઆરીએ પોતાની પ્રિયતમાને પરણ્યો. પછીના જ વર્ષે પ્રથમ પુત્રનો પિતા બન્યો.

ઈન્ટરનેટ પર ઉપલબ્ધ નિકના પત્રની પહેલી લાઈન સાથે સમાપન કરીએ : મારું નામ નિક વૉયચીક છે અને ૩૦ વર્ષ અગાઉ હાથ કે પગ વગર જનમ્વા બદલ હું (ઈશ્વરનો) આભારી છું...

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં કૃતિના વિષય સંબંધિત સત્યઘટનાના બે ચાર પ્રસંગો કહી શકાય. વિદ્યાર્થીઓ જાણતા હોય તો તેમની પાસેથી પણ જાણી શકાય. કૃતિના અધ્યાપન વખતે અર્થાત્ વિષયવસ્તુની ચર્ચા કરતી વખતે કૃતિના મુખ્ય પાત્ર નિક' વૉયચીક બાબત વિદ્યાર્થીઓના મનોભાવ જાણી શકાય. તેમ કરતી વખતે શારીરિક પંગુતા એ કોઈ ખામી, ઉણપ કે ખોડ નથી પણ પોતાના મજબૂત મનોબળમાં તે જ પંગુતાને વરદાનમાં ફેરવવાની તાકાત હોય છે તેની ચોક્કસ પ્રતીતિ કરાવી શકાય. જીવન વિશેના સકારાત્મક અભિગમ તરફ વળવાની પ્રેરણા પણ આ કૃતિ દ્વારા સુંદર રીતે પૂરી પાડી શકાય છે.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

| | | | |
|---|---|---|---|
| (૧) ઉત્તર | (૨) નીરોગી | (૩) બાળક | (૪) લડાઈ |
| (૫) પ્રયત્ન | (૬) ભાષણ | (૭) વખાણ | (૮) સરળ |

**સ. ૨. ઉદાહરણ પ્રમાણે લખો : દા.ત. મૃત્યુ – જન્મ**


| | | | |
|---|---|---|---|
| (૧) નાદુરસ્ત | (૨) સરળ | (૩) હાજરી | (૪) નકલી |
| (૫) દુર્ભાગ્ય | (૬) સ્વીકાર | (૭) નિંદા | (૮) જીત |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૩.** **'ઈક' પ્રત્યયવાળા શબ્દ બનાવો અને લખો :**




**સ. ૪.** **કૃતિમાં આવતા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો. તે માટેના આવડે તેટલા ગુજરાતી શબ્દો સામે લખો. જરૂર પડે ત્યાં શબ્દકોશનો ઉપયોગ કરો :**

_______ - _______ | _______ - _______

_______ - _______ | _______ - _______

**સ. ૫.** **''એકલદોકલ'' જોડશબ્દ છે. આવા બીજા પાંચ જોડશબ્દો લખો :**

__________, __________, __________,

_____________, _____________

**સ. ૬.** **નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) પ્રવાહીની વરાળ થઈ ઊડી જવી તે ક્રિયા - ____________________________

(૨) કાર્યક્રમ સમાપ્ત કે પૂરો કરવો તે - ____________________________

(૩) પ્રભાવ પડે તેવું અદ્‌ભુત કાર્ય કરી બતાવવું - ____________________________

(૪) નવું - તરતનું જન્મેલું - ____________________________

(૫) જેનાથી વસ્તુને માપી શકાય તે - ____________________________

(૬) જેની કલ્પના ન થઈ શકે તેવું - ____________________________

**સ. ૭.** **લખો :**

(૧) નિક' વૉયચીકના ભાઈઓ

(૨) નિક' વૉયચીકનાં માતા-પિતા

**સ. ૮.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્યો પૂર્ણ કરો :**

(૧) નિક' સામાન્ય બાળકોની શાળામાં જઈ ન શક્યો. કારણ કે ___________________

(અ) શાળાએ તેને પ્રવેશ ન આપ્યો (બ) તે માનસિક રીતે સજ્જ ન હતો (ક) કાયદો તેને રોકતો હતો

(૨) નિક'નો જન્મ ઓસ્ટ્રેલિયાના ___________________ શહેરમાં થયો હતો.

(અ) કેનબરા (બ) મેલબોર્ન (ક) સિડની

(૩) નિક' પોતાની પંગુતાને ___________________ હતો.

(અ) સહજભાવે સમજતો અને સ્વીકારતો (બ) કારણે નિરાશ થઈ ગયો

(ક) કારણે બાથટબમાં ડૂબી ગયો

(૪) ૧૭મા વર્ષે નિકે ___________________ શરૂ કર્યું.

(અ) ધાર્મિક સંસ્થાઓમાં પ્રવચન આપવાનું (બ) વિદ્યાર્થીઓના જૂથને પ્રવચન આપવાનું

(ક) એન.જી.ઓ. જેવી સંસ્થામાં પ્રવચન આપવાનું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૯.** **હાથ-પગ વગર પણ નિક કરી શકે છે તે દરેક કાર્ય લખો.**

**સ. ૧૦.** **યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
| --- | --- |
| (૧) ૨૦૦૫માં | (અ) જન્મ થયો |
| (૨) ૨૨ વર્ષની ઉંમરે | (બ) પુત્રનો પિતા બન્યો |
| (૩) ૨૦૧૨ની ૧૨મી ફેબ્રુઆરીએ | (ક) એવોર્ડ માટે નોમિનેટ થયો |
| (૪) ૨૦૧૩માં | (ડ) લગ્ન કર્યા |
| (૫) ચોથી ડિસેમ્બરે | (ઇ) ગ્રેજ્યુએશન કર્યું |

**સ. ૧૧.** **પાઠના આધારે નીચેનાં વાક્યોને ક્રમમાં ગોઠવો :**

(૧) હાથ કે પગ વગર જનમ્વા બદલ હું ઈશ્વરનો આભારી છું.

(૨) નિક' વૉયચીકની ઈશ્વર પરની શ્રદ્ધા અને આસ્થા ગજબનાક છે.

(૩) એના જીવન પર ડૉક્યુમેન્ટરી બની.

(૪) કાયદામાં ફેરફાર થયો પણ લોકોના મન બદલવાનું આસાન નથી.

(૫) હાલ નિક અમેરિકાના લોસ એંજલસમાં રહે છે.

**સ. ૧૨.** **સમજી-વિચારીને લખો :**

(૧) નિક વૉયચીકનું પૂરું નામ - ______________________________

(૨) નિકે સ્થાપેલી સંસ્થા - ______________________________

(૩) નિકે માર્કેટમાં મૂકેલી ડી વી ડી - ______________________________

(૪) નિકની બિમારીનું નામ - ______________________________

(૫) નિકે પોતાની કારકિર્દી બનાવી - ______________________________

**સ. ૧૩.** **સમજીને યોગ્ય કારણ લખો :**

(૧) અન્ય વિદ્યાર્થીઓ નિકની મજાક કરવા લાગ્યા.

(૨) નિક હતાશાની ગર્તામાં સરી પડ્યો.

(૩) નિકના નકારાત્મક વિચારોનું બાષ્પીભવન થયું.

(૪) નિકની શ્રદ્ધાને નવું પરિમાણ મળ્યું.

**સ. ૧૪.** **નિકનું ૮ થી ૧૦ લીટીમાં તમારા શબ્દોમાં પાત્રાલેખન કરો.**

**સ. ૧૫.** **સંધિનો વિગ્રહ કરો :**

(૧) વિદ્યાર્થી (૨) અત્યંત (૩) પરીક્ષા

(૪) વિવેકાનંદ (૫) ભાષાંતર (૬) ઈશ્વરેચ્છા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ. ૧૬. નામ માટે પાઠમાં વપરાયેલા યોગ્ય વિશેષણ લખો :

| | | |
|---|---|---|
| (૧) પગ | (૨) માણસ | (૩) જીવન |
| (૪) પંગુતા | (૫) ઈશ્વર | (૬) ફિલ્મ |
| (૭) ડીવીડી | (૮) ગર્તા | (૯) સંસ્થા |

## પ્રકલ્પ

★ દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરવા શું કરી શકાય? તે વિશે સમૂહ ચર્ચાનું આયોજન કરો.

★ 'કુમારપાળ દેસાઈ'ના 'અપંગના ઓજસ' પુસ્તકમાંથી કોઈપણ એક લેખ વિશે તમારા વિચારો સાથે ચાર્ટ તૈયાર કરો.

## વિશેષ વાંચન

### વિન્ની હાર્લો

ખૂબ નાની કે સાવ નજીવી તકલીફને લીધે જીવનમાંથી રસ ગુમાવી દેતા અને પ્રયત્નો છોડીને ખૂણામાં બેસી જનારાઓએ વિન્ની હાર્લો વિશે જાણવું જોઈએ. સુષુપ્ત મન-તન એકદમ ચેતનવંતા થઈ જશે.

વિન્ની હાર્લો (Winnie Harlow)નું મૂળ નામ ચેન્ટેલ બ્રાઉન-યંગ. તેનો જન્મ ૧૯૯૪માં કેનેડાના ટૉરેન્ટોમાં થયો. તેનાં માતા-પિતાનું નામ લીઝા બ્રાઉન અને વિન્ડસર યંગ. પોતાની બે બહેનો સાથે બાળપણની મસ્તી પૂરી કરે તે પહેલાં જ ચાર વર્ષની ઉંમરે અણધારી આફત આવી પડી. જમૈકન મૂળની શ્યામવર્ણી વિન્ની એટલે ચેન્ટેલને ચામડીજન્ય રોગ થયો. Vitiligo આપણે એને કોઢ કે સફેદ ડાઘના નામે ઓળખીએ.


શારીરિક કે માનસિક રીતે આ નાની બાળકીમાં કોઈ ખોડ-ખાંપણ નહોતી પણ એની શ્યામવર્ણી ચામડી પર સફેદ ડાઘ દેખાવા માંડ્યા. એ બિચારી માટે કંઈ નહોતું બદલાયું પણ સમાજની તેના તરફ જોવાની દૃષ્ટિ સાવ જ બદલાઈ ગઈ. ચાર વર્ષની બાળા આમ અસ્પૃશ્ય બની ગઈ. લોકો તેનાથી દૂર રહેવા માંડ્યા. સ્કૂલમાં તેની સાથે અતડો વ્યવહાર શરૂ થયો. બાળકો તેને ગાય કે ઝિબ્રા કહી ચિડાવવા લાગ્યા. અપમાન, અવહેલના અને અન્યાય વધવા માંડયાં. ચેન્ટેલ કંઈ સમજી શકતી નહોતી તેથી ચૂપચાપ સહન કરતી હતી. સમય અને ઉંમર વધવા સાથે સમજ આવવા માંડી એટલે એ અપમાન સહન કરી શકતી નહોતી. એક સ્કૂલથી કંટાળીને બીજી સ્કૂલમાં જાય તો ત્યાં પણ એનું એજ. વારંવાર સ્કૂલ બદલવા સાથે ક્યારેક જીવન ટૂંકાવી નાખવાનો ભયંકર વિચાર સુદ્ધાં આવી જતો. ના છૂટકે તેણે હાયસ્કૂલ જ છોડી દીધી. એક આશાસ્પદ કિશોરીને ભણતર છોડાવવા માટે મજબૂર કરવા બદલ કોણ જવાબદાર? વાંક કોનો?

પણ પ્રત્યેક ઘટના પાછળ ક્યાંક છૂપી સફળતા હોય છે. Every cloud has a silver line. સંજોગો અને વિષમતા સામે ઝઝુમવા યુવાન થયેલી વિન્નીએ પોતાના ફોટા ઈન્સ્ટાગ્રામ પર મૂક્યા. એના પર અમેરિકાની જાણીતી મૉડેલ ટાયરા બૅન્કની નજર પડી. ટાયરાએ પોતાના મૉડેલ્સ પર આધારિત રિયાલિટી શૉમાં તેની પસંદગી કરી. આ શૉમાં ચેન્ટેલ લાંબું ના ટકી શકી. પરંતુ દર્શકો અને જાહેરખબર એજન્સીઓને તેનામાં કંઈક નવીનતા દેખાઈ. પોતાના ઉત્પાદન વેચવા માટે ધ્યાન આકર્ષી શકે એવી મૉડેલ તેમને ચેન્ટેલમાં દેખાઈ. તેની ચામડી પરના ડાઘ અચાનક તેની સુંદરતા ગણાવા માંડ્યા. મોટી અને જાણીતી બહુરાષ્ટ્રીય કંપનીઓ તેને મૉડેલીંગ અને જાહેરખબર ફિલ્મ માટે લેવા માંડી. મ્યુઝિક વીડીયો અને ટી.વી. સીરીયલમાં પણ તેની ડિમાન્ડ વધી. હવે ફેશન ફોટોગ્રાફરો ચેન્ટેલથી દૂર ભાગવાને બદલે તેની પાછળ દોડવા માંડ્યા. હવે કોઈ પણ શુટમાં તેના શરીર પરના સફેદ ડાઘ છુપાવવાની યુક્તિઓ કરવાને બદલે આ ડાઘ વ્યવસ્થિત રીતે દેખાય એવા રંગ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




સંયોજન ભરાવા માંડ્યા. તેના ડાઘને અનુકૂળ વસ્ત્ર-પરિધાન શોધાવા લાગ્યાં. એ ફૅશન મૅગેઝિનના કવર્સ પર ચમકવા લાગી. અનેક લોકોએ સલાહ આપી કે સારવારથી આ ડાઘમાંથી મુક્તિ મેળવી લે કાં ક્રિમ લગાવીને તો એ ઢાંકી દે પણ એ ન જ માની.

આજે ચેન્ટેલ બ્રાઉન-યંગ જાણીતી ઈન્ટરનેશનલ મૉડેલ છે. પોતાનો ભૂતકાળ ભૂલીને તે પ્રેરણાત્મક સંબોધન આપે છે અને આ ક્ષેત્રમાં પણ ખાસ્સી કમાણી કરે છે. દુનિયાની ટીકા અને ઠઠ્ઠા-મશ્કરીથી હતાશ થઈ ગઈ હોત તો કોઈક અંધારે ખૂણે જીવનના દિવસો વીતાવતી હોત પણ તે હિંમત ન હારી. જીવનની નવી રાહ કંડારી અને સફળતાના ઉચ્ચતમ શિખરે પહોંચી ગઈ. તેની સાથે ભણનારા કે ખીજવનારાઓ હવે તેની સાથે ફોટા પડાવવા કે ઑટોગ્રાફ લેવા ફાંફા મારી રહ્યા છે.

માટે દોસ્તો, તમારી આજુબાજુ કે સમાજમાં ક્યાંય પણ આવી કોઈપણ પરિસ્થિતિથી હતાશ કે નિરાશ થયેલી વ્યક્તિ તમને મળે કે દેખાય તો તેને હાંસીપાત્ર ન બનાવતાં. તેની નૈતિક સહાયતા માટે તત્પર બનશો, માનવતાને દીપાવશો. ચેન્ટેલની કથા-વ્યથા પ્રેરણાત્મક છે. તે સમજાવે છે - ''હિંમતે મર્દા તો મદદે ખુદા.''

''પ્રયત્ન કરનાર કોઈ દિવસ પાછો નથી પડતો.''

– સંકલિત

આત્મવિશ્વાસ જ ભાવિ ઉન્નતિનું પ્રથમ પગથિયું છે.

7EQZHE



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૨. ફરી આવો ફોરેન

**તારક મહેતા**

હાસ્યલેખક તરીકે અનન્ય સ્થાન ધરાવનાર તારક જનુભાઈ મહેતાનો જન્મ ૨૬ ડિસેમ્બર, ૧૯૨૯ના રોજ અમદાવાદમાં થયો હતો. એમ.એ. સુધીનું શિક્ષણ લીધા બાદ ગુજરાતી નાટ્યમંડળના કાર્યાલયમાં કાર્યકારી મંત્રી રહ્યા. ઘણાં વર્ષો ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ફિલ્મ્સ-ડિવિઝન, મુંબઈમાં વૃત્તાંત લેખક અને ગેઝેટેડ અધિકારી તરીકે કાર્યરત રહ્યા હતા.

તારકભાઈએ ત્રિઅંકી નાટકો, એકાંકી સંગ્રહ, 'તારક મહેતાનો ટપુડો', 'દોઢડાહ્યા તારક મહેતા'... વગેરે પુસ્તકો આપ્યાં છે. ગુજરાતી સામયિકમાં ધારાવાહિક રૂપે છપાયેલા હાસ્યલેખો 'તારક મહેતાના ઊંધા ચશ્મા' પરથી હિન્દીમાં પ્રસારિત થતી ટી.વી.સિરિયલ ખૂબ જ લોકપ્રિય બની છે. તેમણે 'એક્શન રિપ્લે' નામે તેમણે આત્મકથા લખી છે. ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી સાહિત્ય ગૌરવ પુરસ્કાર તથા રમણલાલ નીલકંઠ હાસ્ય પારિતોષિક દ્વારા તારકભાઈને સન્માનવામાં આવ્યા હતા. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રી એવોર્ડથી પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧ માર્ચ ૨૦૧૭ના રોજ અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

અત્યંત હળવી શૈલીમાં લખાયેલી આ કૃતિમાં લેખકે આપણા હૃદયમાં રહેલી છૂપી ભાવનાને વ્યક્ત કરીને સામાજિક દરજ્જામાં કે પોતાના સ્ટેટસમાં પડતા ફરક ઉપર હળવો કટાક્ષ વ્યક્ત કર્યો છે.

હવા ખાવાના નજીકના સ્થળે બંગલો ધરાવતાં લોકો ઉનાળામાં ત્યાં જ જઈને રહે. તો વળી કેટલાંક લોકો દૂર સુધી પણ હવા ખાવાના નિમિત્તે ઉનાળામાં જઈ સમાજમાં વટ પાડતા જોવા મળે છે.

પરિવર્તન સંસારનો નિયમ છે તે ન્યાયે ફરવા જવાના ટ્રેન્ડમાં પણ પરિવર્તન આવ્યું છે. તેના તરફ અંગુલિનિર્દેશ કરતાં લેખકે હવે વિદેશમાં ફરવા જવાની વાત કરી છે.

વિદેશમાં ફરવા જવાથી થતા ફાયદાઓ જણાવી તેમાં થતો વધારાનો ખર્ચ સરભર કરવાના ઉપાયો પણ જણાવ્યા છે. મજાની વાત તો એ છે કે આ બધા પાછળ રહેલા દંભને વ્યક્ત કરવા લેખકે પરોક્ષ રીતે કટાક્ષનો સહારો લીધો છે તેને આપણે સમજવાનો છે.

માણસે એક વાર પરદેશ તો ફરી આવવું જ જોઈએ. તેનાથી તમારા સ્ટેટસમાં, તમારા સામાજિક દરજ્જામાં ઘણો ફરક પડી જશે. અગાઉની વાત જુદી છે. ત્યારે માણસો ગર્વથી કહેતા :

''અમારે તો માથેરાનમાં કે મહાબળેશ્વરમાં કે લોનાવલામાં બંગલો છે. અમે તો કાયમ ઉનાળામાં જઈને રહીએ છીએ.'' ''તમારા ભાઈને તો ઉનાળામાં બોમ્બેની ગરમી બિલકુલ નો ખમાય, એપ્રિલમાં છોકરાની પરીક્ષા પતી નથી કે ઈ કહેશે હાલો, આબુ જઈએ, હાલો મસૂરી જઈએ, હાલો...'' ''અમારે તો દર ઉનાળામાં પૂનામાં સેનિટોરિયમ બુક કરાવી જ રાખ્યું હોય છે...''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તે પછી ઑક્ટોબર-નવેમ્બરમાં હવા ખાવા જવાની ફેશન શરૂ થઈ પણ જ્યારથી કન્ડક્ટેડ ટૂરોની ઈન્ડસ્ટ્રી ચાલુ થઈ છે ત્યારથી આ દેશમાં હવા ખાવા જવાનું કંઈ મહત્ત્વ જ રહ્યું નથી. તેમાં મોટામાં મોટી તકલીફ એક જ, હજારો રૂપિયા ખર્ચીને તમે આખા ફેમિલીને પંદર-વીસ દિવસ છેક કાશ્મીર ફેરવી આવો પણ તમારો સમાજમાં કશો વટ પડતો નથી. ૩૫ વર્ષ પહેલાં કાશ્મીર જનારા માણસો કાશ્મીર જતા પહેલાં એક મહિનાથી પોતાના પ્રોગ્રામનો પ્રચાર કરી શકતા હતા. ઓળખીતા-પાળખીતા, લાગતા-વળગતા પણ પ્રભાવિત થઈને ચારેબાજુ કહેતા, 'ફલાણાભાઈ આ વર્ષે કાશ્મીર જવાના છે.' કાશ્મીર જઈને આવેલા માણસો પણ બે-ચાર મહિના સુધી લાગલગાટ કાશ્મીરની વાત કરી શકતા હતા. દિવસમાં દોઢસો વાર બોલતા, 'કાશ્મીર એટલે સાલું કાશ્મીર ! ઓહોહોહો !' 'કાશ્મીરમાં આવો ઉકળાટ નહીં. ચોવીસ કલાક બસ ઠંડક. ગમે તેટલું હરો-ફરો, ચાલ્યા કરો પણ થાકનું નામનિશાન નહીં. સવાર-બપોર-સાંજ બસ તાજાં ફ્રૂટ ખાવ અને મજા કરો... ભૂખ પણ તમને એટલી જ લાગે.

આજે તો તમે દિવાળી કરવા જાવ અને તમે વેપારી હો અને એકાદ-બે ધંધાનાં બીલ ચૂકવ્યા વગર કાશ્મીર ચાલ્યા ગયા હો અને ત્યાં તમારા લેણદાર ભેટી જાય તો એ ટકોર કર્યા વગર ના રહે, 'ફલાણાભાઈ, મુંબઈમાં તો કહેતા હતા તમારો હાથ ભીડમાં છે અને અહીં તો તમે આખા ભીડમાં છો. કાશ્મીર આવવાના પૈસા છે, પણ અમને ચૂકવવાના નથી.'

મુંબઈના જે સાખપાડોશીથી તમે બોર થઈ ગયા હો, કંટાળી-ત્રાસી ગયા હો એ જ માણસ શ્રીનગરની એક હોટલમાં તમારી જ બાજુમાં સાખ પાડોશી રૂપે ભેટી જાય ત્યારે તમારી શું હાલત થાય? મુંબઈમાં તમને એણે વારંવાર કહ્યું હોય - કાશ્મીર જવાના હો ત્યારે કહેજો, સાથે જઈશું, મજા આવશે. તમે તમારાં ઘરનાંઓને કડક સૂચના આપી હોય કે એ ચીટકુને ખબર ના પડવી જોઈએ કે આપણે કાશ્મીર જવાના છીએ, નહીં તો એ આપણને ચીટકી પડશે અને આપણું લોહી પી જશે. બધી જ ચોકસાઈ સાથે તમે મુંબઈમાં એને કહીને નીકળ્યા હો કે અમે તો થોડા દિવસ મહેમદાવાદ કે માંડવી જઈએ છીએ અને પછી એ માણસ ત્યાં તમારા બાજુના રૂમમાંથી ફૂટી નીકળે. તમને જોઈને હરખથી કથક નૃત્ય કરવા માંડે ત્યારે તમારી શું હાલત થાય? એનાં છોકરાંઓ તમારા ખોળામાં બેસીને તમારા નાક પરથી ચશ્માં, ખીસ્સામાંથી બોલપેન ખેંચવા માંડે, કાશ્મીરમાં પરોઠા ના ખાવા પડે તે માટે તમે મુંબઈથી ખાસ થેપલાં લઈ ગયા હો તે તમારો પાડોશી ઝાપટવા માંડે અને તમારા પડછાયાની જેમ તમને ચોંટી પડે.

તમને અંદરખાને એટલો ઉત્સાહ હોય કે મુંબઈ જઈશું ત્યારે છ મહિના સુધી જેને ને તેને સંભળાવીશું, કાશ્મીર એટલે કાશ્મીર, પણ એ સાંભળીને લોકો પહેલાંની જેમ અંજાઈ જશે એવી આશા રાખવી નકામી છે. હવે તો તમે સામા માણસને આંજી દેવા જ્યાં કાશ્મીરની વાત ચાલુ કરો ત્યાં તો સામો માણસ તરત જ વાત ઉપર કાતર મારશે, 'સાહેબ, હવે પહેલાંનું કાશ્મીર રહ્યું છે જ ક્યાં?'

''આવું બધું તો ઘણું બને. અમે ફલાણી સાલમાં ગયેલા અને જે મજા આવેલી ! ઓ હો હો હો ! અને ગઈ સાલ ગયા તો, સાલું, તદ્દન ડર્ટી... બિલકુલ ઉકરડો... જ્યાં જાવ ત્યાં ગિર્દી... કાશ્મીર કરતાં તો આપણું બોમ્બે સારું... કાશ્મીરમાં ગઈ સાલ અમારા તો પૈસા પડી ગયા, ત્યારથી નક્કી કર્યું છે. કાંદીવલીના કોઈ સેનિટોરિયમમાં મહિનો-માસ રહેવું સારું... બાકી કાશ્મીર નહીં... !

હવે આવું બધું થાય છે તેથી મારી તો સલાહ છે, એકવાર પરદેશ જઈ પડવું. હા, ખર્ચો થાય, પણ પછી તમને આખી જિંદગી વાત કરવાનો વિષય મળી જાય. કોઈ પણ જરા મુંબઈની બસ કે ટ્રેનની વાત કરે કે તરત જ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



તમે શરૂ થઈ જાવ : 'અરે સાહેબ! ટ્રેનો તો લંડનની. અંડરગ્રાઉન્ડ. આ આપણી ખટાખટ ટ્રેનો નહીં. એ તો તમને અડીને પસાર થઈ જાય તો યે તમને ખબર ન પડે. અને વળી, કોઈ જાતની પડાપડી-ધક્કામુક્કી નહીં. સ્ટેશન આવે કે ઓટોમેટિક ડોર ખૂલે ને ઓટોમેટિક વસાઈ જાય. કોઈ રીતનું લટકાલટકી નહીં, બૂમાબૂમ, મારામારી કંઈ નહીં. આપણે ત્યાં તો ઘણીવાર ગાડીમાં જગા ખાલી હોય તો ય લોકો બહાર લટકતા હોય છે. અને અહીં તો રેલવેના પુલો ઓળંગવામાં ટાંટીયા ટૈં થઈ જાય છે. ત્યાં તો તમારે એ પંચાત નહીં, તમે પગથિયા પર ઊભા રહી જાવ. પગથિયું ઓટોમેટિક ઉપર જાય, નીચે આવે. એ ઓટોમેટિક સીડીને એસ્કેલેટર કહે છે. ત્યાં તો મોટા મોટા સ્ટોરમાં એસ્કેલેટર હોય છે. દાદરા ઊતરવા-ચઢવાની ઝંઝટ નહીં. લાઈફ તો, સાહેબ, એ લોકો જીવે છે.' (હવે આપણાં દેશમાં પણ કેટલાક સ્ટેશને અને દુકાનોમાં એસ્કેલેટર હોય છે.) તમે બોલતા હો ત્યાં તમારાં પત્ની જોડાય : 'ઓલી વાત કરો ને?' 'કઈ વાત?' 'ત્યાં આપણે ઓલ્યા બરફવાળા દેશમાં ગ્યા'તા ને ઓલ્યા તાર હારે લટકતા ડબામાં બેહીને છેક ટોચ પર પહોંચેલાં...'

'તું સ્વિટ્ઝરલૅન્ડની વાત કરે છે. અરે, એની શું વાત કરવી! વાત કરવાથી કોઈને ખ્યાલ ના આવે. તું કેબલ કારની વાત કરે છે ને ! શિખરો વચ્ચે તારનાં દોરડાં બાંધ્યાં છે. એ દોરડા પર રેલવેના નાના ડબા જેવો ડબો લટકતો હોય અને એ ડબો સરકતો એક શિખરેથી બીજે શિખરે એમ છેક ટોપ પર જાય. હવામાં લટકતા એ ડબામાંથી તમને બરફનાં કોતરો, ખીણો દેખાય... સાહેબ, તમારું મગજ કામ ના કરે. આ તમારા કાશ્મીરમાં તો બસોમાં ફરી ફરીને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તમને હડદોલા લાગે. આ તો સાહેબ, રમકડા જેવી ટ્રેન, જોતાજોતામાં સીધા પહાડ ચઢે અને ત્યાંથી તમે આ કેબલ કારમાં એક પછી એક શિખરે પહોંચો. ત્યાં બે કલાકમાં જે જોવા મળે તેટલું અહીં જોતાં તમારા પંદર દિવસનો કચરો થઈ જાય.' પરદેશની આવી બધી વાતો કરવાનો મોટો ફાયદો એ છે કે એમાં ખોટા પડવાનો સંભવ હોતો નથી. કદાચ ત્યાં ફરી આવેલો માણસ તમને મળી જાય તો યે મોટેભાગે એ પણ તમારી જેમ જ અલપ-ઝલપ જ ફરી આવ્યો હોય. તમને ખોટા ઠરાવવા જેટલી એની પણ જાણકારી ના હોય. આ તો સ્વાનુભવની જ વાત છે. હું યુરોપ ફરી આવ્યો તે પછી સમાજમાં મારું માન વધી ગયું છે.

અમારા લેખક મિત્રો પણ બે મહિના ફૉરેનમાં ફરી આવીને બે વર્ષ સુધી એ વિશે લેખો લખ્યા જ કરે છે. કરાંચીમાં ફલાણી જગાએ ફલાણી વાનગી ખાધેલી તેના ઉપર લેખક ત્રણ કોલમ ભરી શકે છે. અહીં તમને કોઈ તાજ કે ઓબેરોયમાં પીવડાવવા-ખવડાવવામાં હજારેક રૂપિયાનું પાણી કરી નાખે અને તમે ગદ્ગદ્ થઈને એ ભાઈ વિશે એક લેખ લખો તો એ પબ્લિસિટીમાં ગણાઈ જાય. તંત્રીઓ છાપે નહીં. પણ ફૉરેનમાં તમને કોઈ બોલપેન આપે અને એકાદ ખૂણેખાંચરે પીત્ઝા કે એવું કંઈ ખવડાવી દે તો એ ભાઈ આપબળે અમેરિકા, ઈંગ્લૅન્ડ, કેનેડા કે પાકિસ્તાનમાં કેવી રીતે આગળ આવ્યા તેનો લાંબોચોડો હેવાલ બેધડક છપાવી શકો છો. લેખક પોતે પરદેશમાં પણ કેટલો પોપ્યુલર છે તે આ રીતે જ દર્શાવી શકાય છે. કેટલાક લેખકો તો ખુલ્લેછોગ જ્યાં જ્યાં ગયા ત્યાં લોકો કેટલા ઉમળકાથી ભેટતા હતા, એમની નવલકથાનાં પાત્રો વિશે પ્રશ્નો કરતા હતા, ચાહકો પરાણે પોતાને ઢસડી જઈ કેવી કેવી વાનગીઓ ખવડાવતા હતા એ બધું સવિસ્તર લખી શકે છે. કોણ બધું જોવા જાય છે ! આવો જ લાભ સામાન્ય માણસને પણ થતો જ હોય છે. ખર્ચો કરીને પંદર દિવસની ટૂરમાં જઈ આવવાનું. ખમતીધર માણસ હો તો ફેન્સી ચીજો ખરીદી લાવવાની. ઘણા એવી ચીજો વેચીને પોતાના પ્રવાસના સારા એવા ખર્ચા પણ કાઢી લેતા હોય છે. ઉપરથી અહીં આવ્યા પછી તમારાં માનપાન વધી જાય, વાતોનો વિષય મળી જાય.

હું તો કહું છું થોડા દિવસ ફૉરેનમાં ફરી આવો, ઘણો ફરક પડશે.

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં વિદ્યાર્થીઓને ગમતી ટીવી સિરિયલો વિશે ચર્ચા કરી શકાય. તારક મહેતાના ઉલ્ટા ચશ્મા બાબત વિસ્તૃત ચર્ચા કરી શકાય. ગંભીર બાબતને હળવી શૈલીમાં વ્યક્ત કરેલા લેખકના પ્રયત્નને બીરદાવીને કૃતિમાં રહેલા કટાક્ષને સરળ ભાષામાં સમજાવી શકાય.

સામાજિક સ્ટેટસને ઊંચું બતાવવાનો દંભ ટાળવાનો પ્રયત્ન કરી વાસ્તવિકતાને અપનાવવાની પ્રેરણા આપી શકાય. વિદ્યાર્થીઓએ જોયેલા દેશનાં ગિરિમથકો, ફરવાનાં સ્થળો કે વિદેશપ્રવાસના માણેલા આનંદ બાબત ચર્ચા કરી શકાય.

શ્રીમંત લોકો, ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો, મધ્યમ વર્ગના લોકો, નિમ્નવર્ગના લોકો દરેક લોકોમાં આજે ફરવાનો વધી ગયેલો જે શોખ જોવા મળે છે. તેના વિશે પણ ચર્ચા કરી શકાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**સ. ૧.** નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :

| | | | |
|---|---|---|---|
| (૧) અભિમાન | (૨) મુસાફર | (૩) વિવેક | (૪) આનંદ |
| (૫) આત્મકથા | (૬) રૈયત | (૭) રક્ત | (૮) ભીડ |


**સ. ૨.** નીચેના રૂઢિપ્રયોગ વાપરીને વાક્યો બનાવો :

| | | |
|---|---|---|
| (૧) પ્રચાર કરવો | (૨) અંજાઈ જવું | (૩) પૈસા પડી જવા |
| (૪) ગદ્‌ગદ્‌ થઈ જવું | (૫) બોર થઈ જવું | (૬) હાથ ભીડમાં હોવો |

**સ. ૩.** પાઠમાં આવતા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો. તેના ગુજરાતી અર્થ લખો. જરૂર પડે તો શબ્દકોશનો ઉપયોગ કરો :

**સ. ૪.** આગળ અને પાછળ 'જીવન' લગાવીને પાંચ-પાંચ શબ્દો બનાવો :

દા.ત. <u>ગૃહ</u>જીવન  દા.ત. જીવન<u>નૌકા</u>




**સ. ૫.** યોગ્ય રીતે જોડો :

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) સ્વદેશ | (અ) ગેરફાયદો |
| (૨) ખરીદી | (બ) ટૂંકો |
| (૩) મિત્ર | (ક) વિદેશ |
| (૪) ફાયદો | (ડ) વેચાણ |
| (૫) લાંબો | (ઇ) શત્રુ |

**સ. ૬.** 'મ' વર્ણાક્ષર પરથી પાઠમાં આવતાં સ્થળ કે શહેરનાં નામ પાઠમાંથી શોધીને તેને વર્ણાક્ષરના ક્રમ પ્રમાણે ગોઠવો.

**સ. ૭.** યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :

(૧) વાંચનારને હવે કચ્છ કરતાં ________________ માં વધારે રસ છે.

(અ) કેનેડા  (બ) કાશ્મીર  (ક) કેરળ

(૨) તમારા ભાઈને તો ઉનાળામાં ________________ ની ગરમી બિલકુલ નો ખમાય.

(અ) બૉમ્બે  (બ) મુંબઈ  (ક) મહેમદાવાદ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(૩) અમારે તો દર ઉનાળામાં _______________ માં સેનિટોરિયમ બુક કરાવી જ રાખી હોય.

(અ) નાસિક (બ) પંચગીની (ક) પૂના

(૪) લેખક બે મહિના _______________ ફરી આવે તો બે વર્ષ સુધી લેખો લખ્યા કરે.

(અ) ફૉરેન (બ) વિદેશ (ક) પરદેશ

**સ. ૮.** **પાઠ કાળજીપૂર્વક વાંચીને લખો :**

(૧) હવા ખાવા જવાની ફેશન શરૂ થઈ છે તે મહિના (૨) બરફવાળો દેશ

(૩) પગથિયું ઓટોમેટિક ઉપર જાય તેવી સીડી (૪) મુંબઈ નજીકના બે હવાખાવાનાં સ્થળો

**સ. ૯.** **પાઠના આધારે લખો :**

(૧) કાશ્મીરની વિશેષતા (૨) પરદેશ ફરવા જવાના ફાયદા

(૩) લંડનની અંડરગ્રાઉન્ડ ટ્રેનોની વિશેષતા (૪) કેબલ કાર

**સ. ૧૦.** **કારણ લખો :**

(૧) આપણા દેશમાં હવા ખાવા જવાનું કંઈ જ મહત્ત્વ રહ્યું નથી કારણ કે...

(૨) લેખકને આપણા દેશ વિશે લખવા જેવું કંઈ લાગતું નથી કારણ કે...

**સ. ૧૧.** **મુંબઈની લોકલગાડીની મુસાફરીનો તમને થયેલો અનુભવ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૨.** **સંધિ જોડો :**

(૧) દેવ + આનંદ (૨) દેવ + ઈન્દ્ર (૩) કવિ + ઈશ્વર (૪) મહા + આત્મા

(૫) મહા + ઈશ (૬) સ્વ + અધ્યાય (૭) ગિરિ + ઈશ (૮) સૂર્ય + ઉદય

**સ. ૧૩.** **નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખો :**

(૧) ''સાહેબ, હવે પહેલાનું કાશ્મીર રહ્યું છે જ ક્યાં?'' (૨) ''જાઓ. દરવાજો બંધ કરો.''

(૩) ''તું કેબલ કારની વાત કરે છે ને !'' (૪) આ તો સ્વાનુભવની જ વાત છે.

★ **પાઠમાં ભલે કટાક્ષરૂપે કાશ્મીરની વાતો થઈ છે, પણ 'કાશ્મીર : ભારતનું સ્વર્ગ' – આ વિશે આજના સંદર્ભે કાશ્મીરની ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ **હવાખાવાના કોઈપણ એક સ્થળ વિશેની માહિતી અને ચિત્રો ભેગા કરીને એક સુંદર પ્રકલ્પ તૈયાર કરો.**

## લેખન કૌશલ્ય

★ **'મારો યાદગાર પ્રવાસ' વિષય ઉપર ૮૦ થી ૧૦૦ શબ્દોમાં નિબંધ લખો.**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વિશેષ વાંચન

### પ્રત્યેક કાર્યને તમારા પડછાયાથી દૂર રાખો

મહાન કલાકાર માઈકલ એંજેલો પોતાની કલાકૃતિના નિર્માણ દરમિયાન પોતાના મસ્તક પરની ટોપી ઉપર એક પ્રકાશિત મીણબત્તી રાખતો. જેથી પોતાનો પડછાયો ઉપયોગમાં લેવાતા આરસપાણ કે કેનવાસ પર પડે નહીં. પોતાના 'પડછાયા'થી પોતાની કૃતિને મુક્ત રાખવાનો તે નમ્ર પ્રયાસ કરતો.

માઈકલના આ કાર્યમાં જીવનનો કેટલો મોટો સંદેશ છુપાયેલો છે. પ્રત્યેક કાર્યને તમારા 'પડછાયા'થી દૂર રાખો.

આપણાં આયોજનો, આપણા કાર્યક્રમો, આપણી સેવાઓ, આપણી સત્તાઓ, આપણા પડછાયાથી દૂર રહી શકે છે ખરી?

આપણાં કાર્યો આપણી મહત્ત્વકાંક્ષાઓનો વિજયધ્વજ આગળ લઈને ચાલતાં હોય છે. આપણી સેવાપ્રવૃત્તિઓ આપણા ઉત્કર્ષની નિસરણીનું જ કાર્ય કરતી હોય છે. આખરે તો માણસ ઈશ્વરને વ્યક્ત થવાનું માધ્યમ જ છે ને ! એની અભિવ્યક્તિ એટલે નિ:સ્વાર્થ પ્રેમ, લાગણી અને સેવાનો સમર્પણલક્ષી આયાસ.

સ્વાર્થભક્તિ આપણી માનવીય મર્યાદાઓને થાબડે છે અને નિ:સ્વાર્થતા આપણને માનવ-મર્યાદાઓથી મુક્ત બનાવે છે. આત્મચાહના વગર માણસ સેવાયાત્રી બનવા માટે સંકોચ અનુભવે એ આત્મઘડતરની અધૂરપ જ કહેવાય. પ્રીતિપાત્ર બનવું એટલે આત્મા અને મનથી સુંદર બનવું અને આત્મા તથા મનથી સુંદર બનવું એટલે મનમાં રહેલાં સ્વાર્થનાં કોટડાં જમીનદોસ્ત કરવાં.

સ્વાર્થજન્ય મર્યાદાઓને ફગાવી દેવાની ખુમારી જ સાચા મનુષ્યત્વની જન્મભૂમિ બની શકે.

નિ:સ્વાર્થતા એટલે અન્યની સંતુષ્ટિમાં ભાગીદાર બનવું. આત્મતુષ્ટિ માટે આપણે અભિનંદનોની વર્ષાને આવકારીએ છે. સત્કારનાં હાલરડાં મરક-મરક માણીએ છીએ, પુરસ્કારોની લહાણી માટે વલખીએ છીએ, પ્રશસ્તિના શબ્દો માટે તડપીએ છીએ, કારણ કે જગત સાથે આપણો વ્યવહાર આપ-લે નો છે એવું ગણિત આપણે આપણા મનને સમજાવી દીધું છે. તેથી આપણે આપવા કરતાં લેવામાં રાચીએ છીએ.

આપણી ટેવો-કુટેવો પણ આખરે શું છે? આપણી સ્વાર્થપ્રેરિત સ્વાર્થરત યુક્તિ-પ્રયુક્તિઓનું કેન્દ્રીકરણ માત્ર !

આપણે જગતને કેટલું દાન કર્યું, એના પરથી આપણી દાનશીલતાનું માપ નથી નીકળતું, પરંતુ શું અને કેવી રીતે આપ્યું. તેના પરથી નીકળે છે. બીજાના પડખાનું માંસ કાપીને પોતાને શિબિરાજા કહેવડાવતા દાનવીરોની આ સમાજમાં ખોટ નથી !

દાનીના પડછાયા વગરનું દાન અને સત્કારકર્તાના પડછાયા વગરનું માન જ્યારે સમાજમાં પ્રતિષ્ઠિત થશે, ત્યારે સમાજમાં 'આપ્યા'ની ફોરમ પ્રગટશે ! દાનભૂખ્યા ને માનભૂખ્યા ભિક્ષુકોનો વસ્તીવિસ્ફોટ સામાજિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ ચિંતાનો વિષય છે.

– ડૉ. ચંદ્રકાંત મહેતા

7EZVJ2

ઇચ્છા પર વિચારનું શાસન હોવું જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૩. બચત કરશો તો બચશો

**જયેશ ચિત્તલિયા**

જયેશ ચિત્તલિયાનો જન્મ ૨૫ ઓક્ટોબર, ૧૯૬૩ના રોજ મુંબઈમાં થયો છે.

હાલમાં તેઓ ફ્રીલાન્સર પત્રકાર તરીકે શેરબજાર-મૂડીબજાર, મ્યુચ્યુઅલ ફંડ, ફાઈનાન્સીયલ પ્લાનિંગ, ટેક્સ વિભાગ, રિઅલ એસ્ટેટ વગેરે વિશે વિવિધ વર્તમાનપત્રો અને સામયિકોમાં લખે છે. વિવિધ ગુજરાતી અખબારોમાં કોલમ લખે છે. 'શેરબજારમાં આપણે નિષ્ફળ શા માટે જઈએ છીએ?' નામનું પુસ્તક તેમણે આપ્યું છે. આ ઉપરાંત ફાઈનાન્સ સંબંધિત પરિચય પુસ્તિકાઓ પણ લખી છે.

**સૂર કૃતિનો**

ગ્લોબલાઈઝેશનના જમાનામાં આપણે ટકવું હોય તો નાણાંની બચત અનિવાર્ય છે. એ બાબત ઉપર પ્રકાશ પાડતી પ્રસ્તુત કૃતિમાં લેખકે બચત કરવાની જરૂરિયાત અને તેના ફાયદા વિશે વાત કરીને આપણને પણ બચત માટે ખૂબ સારી રીતે પ્રેરણા આપી છે. તો સાથે બચતને મહત્ત્વ નહીં આપવાથી આવનારી મુશ્કેલીઓ તરફ પણ નિર્દેશ કર્યો છે.

નાનપણમાં પિગી બેંકમાં પૈસાની બચત કરતાં અને કોઈ સારી કે ગમતી વસ્તુ લેવા પિગી બેંકનો ઉપયોગ કરતાં. આમ બચતને લેખક ભારતીય પરંપરાનો ભાગ ગણાવે છે. ભવિષ્યમાં મુશ્કેલ સંજોગોમાં કામ આવે તે માટે પહેલી આવકથી જ બચતની શરૂઆત કરવા પર ભાર મૂક્યો છે. બચતનો પાયાનો સિદ્ધાંત એટલે કમાવો, બચાવો અને પછી વાપરો.

હિસાબ લખવાની આદત પાડવી, ખરીદી વખતે પ્રમાણભાન રાખવું, વિવેકબુદ્ધિથી પૈસાનું રોકાણ કરવું, નાની રકમથી બચતની શરૂઆત કરવી વગેરે બાબત લેખકે સારી રીતે સમજાવી છે.

### તમે પૈસાને બચાવશો તો એ તમને બચાવશે...


વિશ્વભરમાં તાજેતરના દાયકામાં જોવા મળેલી આર્થિક કટોકટીની અસર સૌ પર પડે છે. વૈશ્વિકીકરણની આ અસરો હવે પછી થતી જ રહેશે અને બદલાતી પણ રહેશે જ, કેમ કે હવે તો ગ્લોબલાઈઝેશનનો જમાનો વધતો રહેવાનો છે. જેમાં કરે કોઈ ને ભરે કોઈ જેવો ઘાટ પણ જોવા મળી શકે, આ અસરો દરેક દેશની પ્રજા, એકેક વ્યક્તિ પર પણ પડતી હોય છે. પરંતુ જો આપણે આપણા જીવનમાં નાણાંની બચતને નોંધપાત્ર સ્થાન આપ્યું હશે તો સંજોગો સામે આપણે ટકી શકીશું, આપણી રક્ષા સારી રીતે કરી શકીશું. જેઓ બચતને જરાપણ મહત્ત્વ નહીં આપે કે તેની ઘોર ઉપેક્ષા કરશે તેમની સામે ભારે મુશ્કેલીઓ ઊભી થઈ શકે. બચત કરશો, તો બચી જશો. અહીં બચતની કેટલીક પાયાની અને વ્યાવહારિક વાતો સમજીએ....

આપણે નાના હતા ત્યારે પપ્પા કે મમ્મી પિગી બેંક કે સેવિંગ બૉક્સમાં પૈસા બચાવવા આપતા હતા. ઘણાં હોંશિયાર બાળકો તેમને મળતા પોકેટ મનીમાંથી પણ પૈસા બચાવી રાખી મૂકતા. ક્યારેક પોતાને કોઈ સારી વસ્તુ-



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ગમતી વસ્તુ લેવી હોય ત્યારે પિગી બેંકનો ઉપયોગ કરતા. આમ બચત આપણી ભારતીય પરંપરાનો ભાગ છે, ભારતીયજનોનો સ્વભાવ છે.

હકીકતમાં પહેલી આવકથી જ બચત શરૂ થવી જોઈએ. આપણે પૈસાની બચત શા માટે કરવી જોઈએ? સ્વાભાવિક છે કે ભવિષ્યમાં અથવા મુશ્કેલ સંજોગોમાં કામ આવે તે માટે.

આજના સમયમાં ઘણાં યુવાનો નોકરી પર લાગે ત્યારથી રિટાયરમેન્ટનું પ્લાનિંગ પણ કરતાં થઈ ગયા છે. કોઈ કહે કે નિવૃત્તિનું આયોજન કયા વરસથી ચાલુ કરવું જોઈએ? તો તેનો સરળ જવાબ છે, પહેલી આવક શરૂ થાય એ દિવસથી. બચતનો સ્પષ્ટ સિદ્ધાંત છે, કમાવો, બચાવો અને પછી વાપરો, પરંતુ મોટેભાગે લોકો કમાયા પછી તરત વાપરવાનું શરૂ કરી દે છે, અને પછી બચે તો બચતનો વિચાર કરે છે. આમ તો પૈસા બચાવવા મુશ્કેલ છે. ખાસ કરીને મોંઘવારીના કાળમાં અને સતત પરિવર્તન પામતી લાઈફ સ્ટાઈલમાં યેનકેન પ્રકારે પણ પૈસા બચાવવા પડશે. જો તમારે એક સલામત ભવિષ્ય ઊભું કરવું હશે તો વર્તમાનમાં સહન કરીને પણ બચત કરવી જરૂરી છે.

આપણે રોજરોજના હિસાબ લખવાની આદત કે નિયમ રાખીશું તો આપણને એ ખ્યાલ આવવો શરૂ થઈ જશે કે આપણે ક્યાં ખોટા ખર્ચ કરી નાંખીએ છીએ. બીજું તેનાથી આપણને ક્યા ખર્ચ પર કાપ મૂકવો તેનો અંદાજ પણ આવવા લાગશે. આપણે વધારાની આવક માટે મહેનત કરવી પડે એમ છે તે પણ આનાથી સમજાશે. આપણે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વિચારતા નથી, કિન્તુ જાણતા-અજાણતા આપણે કેટલાય બિનજરૂરી ખર્ચા કરી નાંખીએ છીએ. ખાસ કરીને આપણને જરૂર હોય કે ન હોય આપણે વાર-તહેવારે પ્રમાણ વગર ખરીદી કરી લઈએ છીએ. ઘણીવાર ફેશનના નામે કે ક્યારેક સમાજમાં દેખાદેખીમાં ખોટી રીતે નાણાં ખર્ચાઈ જાય છે. આ માનસિકતા સાથે બચતના ગુણ વિકસવા કઠિન બની જાય છે. જેનો ખ્યાલ બહુ મોડેથી આવે છે અથવા કપરા સંજોગોમાં તેનો અહેસાસ થાય છે. ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. લોકો બેંક સેવિંગ એકાઉન્ટમાં હજારો રૂપિયા રાખી મૂકતા હોય છે. જ્યાં તેમને નજીવું વ્યાજ મળે છે. પણ તેનો ખ્યાલ રહેતો નથી. ખરેખર તો લોકોએ ચોક્કસ જરૂરી રકમથી વધુ નાણાં સેવિંગ ખાતામાં મૂકી રાખવા નહીં, પરંતુ તેને બદલે એ નાણાંનુ પોતાની જરૂરિયાતને આધારે રોકાણ કરી નાંખવુ જોઈએ અર્થાત્ નાણાંના રોકાણમાંથી વધુ વળતર રૂપે વધુ નાણાનું સર્જન થતું રહેવું જોઈએ. પૈસામાંથી પૈસા ના બને તો એ ખોટનો ધંધો ગણાય.

જેમ બચત વહેલી શરૂ કરવી જોઈએ તેમ રોકાણનું કામ પણ વહેલાસર શરૂ કરી દેવું જોઈએ. પછી કરીશું-પછી કરીશું જેવા બહાનાં કે મનઘડત દલીલો સાથે આ કામ ખેંચતાં રહેવું જોઈએ નહિ. પગાર વધશે પછી કરીશ, પ્રમોશન મળશે પછી, બહારગામ ફરી આવું પછી, દીકરાનો જન્મ દિવસ ઊજવાઈ જાય એ પછી કરીશું જેવી દલીલો લોકોનો ખાસ્સો સમય ખાઈ જતી હોય છે. જેનો ખ્યાલ આવે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય એવું બની શકે છે.

ઘણાંને સવાલ થાય કે બચત શા માટે કરવી?

આ સવાલનો સીધો જવાબ મેળવવા પોતાની જાતને જ થોડા સવાલ પૂછવા ઉચિત રહેશે.

☞ તમારા હવેના સમયના રોજબરોજના ખર્ચા શું હોય છે?

☞ ફિલ્મો કેટલી જુઓ છો? તેની ટિકિટના ભાવ શું હોય છે?

પહેલાં આ ભાવો શું હતા? રોજરોજ-અવાર-નવાર જેમાં ટ્રાવેલ કરો છો એ રીક્ષા કે ટેક્સીના ભાડા હવે શું છે? બહારગામ કે ટુર પર જાવ છો ત્યારે હવે હોટેલમાં રહેવાનો ખર્ચ શું આવે છે, અને પ્રવાસનો પણ? અઠવાડિયામાં કે વારે તહેવારે હોટેલમાં કેટલાં બિલ ભરો છો? આ યાદી હજી તો લંબાવો એટલી લંબાવી શકાય તેમ છે. તમે પોતે પણ તે જાણો જ છો. એકદમ અફલાતૂન નહીં પણ ઓછામાં ઓછું આરામદાયક જીવન માટે પૈસાનો યોગ્ય સંચય અને તેમાંથી વધુ નાણાંનું સર્જન થાય અને નાણાંની નિયમિત વૃદ્ધિ થાય એ રીતે તેનું આયોજન થવું જરૂરી છે.

મોંઘવારી દિન પ્રતિદિન વધતી જાય છે માટે નાની રકમથી બચતની શરૂઆત કરી દેવી જોઈએ. નાની રકમ પણ સમય સાથે મોટી થતી જતી હોય છે. 'ટીપે-ટીપે સરોવર ભરાય' એ કહેવત બહુ જ્ઞાનીઓએ પાડી હોવી જોઈએ કારણ કે બચત કરતાં પહેલા સૌના મનમાં પહેલો વિચાર એ જ આવતો હોય છે કે પચાસ-સો રૂપિયામાં વળી શું બચાવવાનું? પણ દોસ્તો, આ સો રૂપિયા જ પછી હજાર થાય છે અને લાંબે ગાળે લાખ પણ થાય છે. બચત માટે કોઈ પણ રકમ નાની હોઈ શકે નહીં.

પૈસા કમાવાની શરૂઆતનો દિવસ એ પોતાની આવકમાંથી પહેલી બચત કરવાનો નિર્ણય જ નહિં, અમલમાં મૂકવાનો પણ દિવસ છે. સામાન્ય રીતે લોકો કહેતા હોય છે કે પગારમાંથી પૈસા બચશે તો બચત કરીશું. પરંતુ હકીકત એ હોવી જોઈએ કે પૈસા બચાવીને જ બચત કરવી પડે. માની લઈએ કે દરેકના કિસ્સામાં એ સંભવ ન બની શકે, કિંતુ આ નિયમ હોવો જરૂરી છે કે પહેલી કમાણીના દિવસથીજ બચતના પાઠ શીખીએ, પણ બચતનો વાસ્તવિક અમલ યુવાનીમાં પહેલી આવકથી શરૂ થવો જોઈએ. બચત અને તેનું યોગ્ય આયોજન સાથેનું રોકાણ આજના અને ભાવિ સમયની ખાસ જરૂરિયાત છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં વિદ્યાર્થીઓને મળતા ખિસ્સા ખર્ચ અને તેના ઉપયોગ બાબત ચર્ચા કરી શકાય.

વર્તમાન સમયની મોંઘવારી બાબત ચર્ચા કર્યા પછી બચત કરવાની જરૂરિયાત, તેનું મહત્ત્વ, તે કરવાના ઉપાયો અને તેની માટેની જુદીજુદી યોજનાઓ વિશેની માહિતીથી પરિચિત કરી શકાય. બૅંક અને પોસ્ટઑફિસની બચત યોજનાઓ ઉપર પણ પ્રકાશ પાડી શકાય. શક્ય હોય તો બૅંકની મુલાકાત પણ ગોઠવી શકાય. રોજના હિસાબ લખવા, ખિસ્સાખર્ચના પૈસામાંથી બચત કરવા માટે પ્રેરણા આપી શકાય.


## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) જગત (૨) ચલણ (૩) અનાદર (૪) ભયંકર
(૫) વધારો (૬) ફેરફાર (૭) મામૂલી (૮) ટેવ

**સ. ૨. કૃતિમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોની યાદી તૈયાર કરો. તેના ગુજરાતી અર્થ લખો. શબ્દકોશની મદદ લો.**

**સ. ૩. યોગ્ય જોડી બનાવો :**




(૧)
(૨)
(૩)
(૪)

**સ. ૪. નમૂના પ્રમાણે શબ્દ લખો : દા.ત. સ્વતંત્ર – પરતંત્ર**

(૧) આવક (૨) સ્વાભાવિક (૩) બિનજરૂરી (૪) વ્યવહારિક

**સ. ૫. આડાઅવળા અક્ષરોને ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો :**

(૧) રવિભશ્વ (૨) રીઘવામોં (૩) સહેઅસા
(૪) યકઆમદારા (૫) નઆજયો (૬) રૂતઆશ

**સ. ૬. 'ઇક' ઉપસર્ગ લગાડી શબ્દો બનાવો :**

(૧) અર્થ (૨) સમાજ (૩) તંત્ર (૪) રસાયણ
(૫) ભાષા (૬) માસ (૭) દિન (૮) વ્યવહાર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન પૂર્ણ કરો :**

(૧) સંજોગો સામે આપણે ટકી રહેવું હોય તો, આપણે જીવનમાં ______________

(અ) નાણાંની બચતને નોંધપાત્ર સ્થાન આપવું જોઈએ

(બ) પહેલેથી પૈસા ભેગા કરવા જોઈએ (ક) કરકસરથી રહેવું જોઈએ

(૨) નાનપણમાં પોતાને ગમતી વસ્તુ લેવા આપણે ______________

(અ) માતાપિતા પાસે જીદ કરતાં (બ) પિગી બેંકનો ઉપયોગ કરતાં

(ક) ગમે તેમ કરી પૈસા મેળવતાં

(૩) નિવૃત્તિનું આયોજન પણ આપણે ______________

(અ) નિવૃતિ પછી તરત જ કરવું જોઈએ (બ) પેન્શન શરૂ થાય ત્યારથી જ કરવું જોઈએ

(ક) પહેલી આવક શરૂ થાય તે દિવસથી કરવું જોઈએ


(૪) બચતનો સ્પષ્ટ સિદ્ધાંત છે કે, ______________

(અ) કમાવો, વાપરો અને પછી બચાવો (બ) કમાવો, બચાવો અને પછી વાપરો


(ક) વાપરો, બચાવો અને પછી કમાવો

**સ.૮. સમજીને લખો :**

(૧) બચત પછી કરીશું તે માટેની દલીલો



(૨) બચત કરવા પોતાની જાતને પૂછવાના પ્રશ્નો



(૩) પૈસા બચાવવાની જરૂરિયાત

(૪) રોજનો હિસાબ લખવાની આદતથી થતા ફાયદા

**સ. ૯. અધૂરાં વાક્યો પાઠના આધારે પૂરા કરો :**

(૧) બચત કરશો તો ______________________________

(૨) ક્યારેક સમાજમાં દેખાદેખીમાં ______________________________

(૩) પૈસામાંથી પૈસા ના બને તો એ ______________________________

(૪) બચત માટે કોઈપણ રકમ ______________________________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૧૦. નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) યોગ્ય આયોજન સાથેનું રોકાણ આજના સમયની ખાસ જરૂરિયાત છે.

(૨) મોંઘવારી દિન-પ્રતિદિન વધતી જાય છે.

(૩) પહેલી કમાણીના દિવસથી જ બચતના પાઠ શીખીએ.

(૪) ટીપે-ટીપે સરોવર ભરાય.

(૫) પૈસા બચાવીને જ બચત કરવી પડે.

**સ. ૧૧. પાઠના આધારે ખાલી જગ્યા પૂરો :**

(૧) બચતની જેમ રોકાણનું કામ પણ ________________ શરૂ કરી દેવું જોઈએ.

(૨) નાણાંની ________________ વૃદ્ધિ થાય એ રીતે તેનું આયોજન થવું જરૂરી છે.

(૩) ઓછામાં ઓછું ________________ જીવન માટે પૈસાનો યોગ્ય સંચય કરવો જોઈએ.

(૪) હકીકતમાં ________________ આવકથી જ બચત શરૂ થવી જોઈએ.

**સ. ૧૨. તમને મળતા ખિસ્સાખર્ચનો ઉપયોગ તમે કેવી રીતે કરો છો? આ પાઠ શીખ્યા પછી કોઈ ફેરફાર કરશો કે? તે લખો.**

**સ. ૧૩. યોગ્ય વિશેષણ લખો :**

(૧) સંજોગો (૨) સિદ્ધાંત (૩) વાતો

(૪) વ્યાજ (૫) જીવન (૬) બાળકો

**સ. ૧૪. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : જવાબ માટે કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરો :**

(સિદ્ધાંત, દાયકો, બચત, રોકાણ)

(૧) દસ વર્ષનો સમૂહ - ________________

(૨) ભવિષ્ય માટે બચાવેલા પૈસા - ________________

(૩) વધુ વળતર મેળવવા પૈસા રોકવા એટલે - ________________

(૪) કોઈપણ બાબતની ચર્ચા-વિચારણા કર્યા પછી સર્વાનુમતે કરેલો નિર્ણય - ________________

★ **નીચેની બાબતો વિશે વર્ગમાં બે જૂથ પાડીને સમૂહચર્ચા કરો :**

- પાસબુક
- ચેકબુક
- કેવાયસી (KYC)
- બચતખાતું
- ચાલુ ખાતું
- રીકરીંગ ખાતું
- ફિક્સ્ડ ડિપૉઝિટ

**પ્રકલ્પ**

★ **કુટુંબના વડીલ સાથે ચર્ચા કરી તમારા ઘર માટેનું એક મહિનાનું અંદાજપત્ર તૈયાર કરો.**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## લેખન કૌશલ્ય

★ નીચેનાં વાક્યોનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરો :

(૧) Beauty is in the heart, not in the face.
(૨) All power is within you. You can do anything and everything.
(૩) You are the creator of your own destiny.
(૪) Never postpone what you can do today.
(૫) Good manners will open the doors that the best education cannot.
(૬) No one will manufacture a lock without a key. Similarly God won't give problems without solutions
(૭) A ruler should be slow to punish and swift to reward.
(૮) We must follow the traffic rules for the safety.
(૯) Go out on the ground to play every day.
(૧૦) Trees are our best friends.

## વિશેષ વાંચન

### બચત અને રોકાણ વચ્ચેનો તફાવત

બચત નિષ્ક્રિય છે; રોકાણ સક્રિય છે.
બચત ધ્યેયરહિત છે; રોકાણ ધ્યેયયુક્ત છે.
બચતમાં આયોજન આવશ્યક હોતું નથી;
રોકાણમાં આયોજન આવશ્યક હોય છે.
બચતમાં વ્યક્તિ નાણાં સાચવે છે.
રોકાણમાં નાણા વ્યક્તિને સાચવે છે.
બચતમાં નજર નાણાંની ચૂકવણી પર હોય છે.
રોકાણની નજર લાભાંશ અને વળતર પર હોય છે.
બચતમાં ચિંતા છે; રોકાણમાં વિશ્વાસપૂર્ણ સાહસ છે.
બચત સંપત્તિ સાચવે છે; રોકાણ સંપત્તિમાં વૃધ્ધિ કરે છે.

– સંકલિત

7F9RKP

આળસ આરામ નથી, કંજૂસાઈ કરકસર નથી અને ઉડાઉપણું ઉદારતા નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૪. દેશભક્ત જગડુશા

**રમણલાલ સોની**

રમણલાલ પીતાંબરદાસ સોનીનો જન્મ ઈ.સ. ૧૯૧૮ના ૨૫મી જાન્યુઆરીએ મોડાસા તાલુકાના કોકાપુર ગામમાં થયો હતો. આગ્રા યુનિવર્સિટીમાંથી બી.એ. કરીને મોડાસા હાઈસ્કૂલમાં શિક્ષક અને આચાર્ય તરીકે કાર્યરત રહ્યા. સત્યાગ્રહની લડતમાં સક્રિય રહી જેલવાસ પણ ભોગવ્યો. ખેડૂતો અને હરિજનોના ઉદ્ધાર માટે અનેક પ્રવૃત્તિઓનું સંચાલન તેમણે કર્યું. બાળસાહિત્ય અને અનુવાદ ક્ષેત્રે ખેડાણ કર્યું. તેમણે વાર્તા, કવિતા, નાટકો લખ્યાં છે. તેમની આત્મકથા 'રાખનું પંખી' નામે પ્રકાશિત થઈ છે. બંગાળી સાહિત્યનો ગુજરાતીમાં તેમણે અનુવાદ કર્યો છે.

તેમની નોંધપાત્ર કૃતિઓમાં શિશુકથા, શિશુસંસ્કારમાળા, ધનોતપનોતની ધડાધડ, સિંહાસન બત્રીસી, અરેબિયન નાઈટ્સની વાતો, ઈસપની બાળવાતો વગેરેનો સમાવેશ થાય છે. તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક અને ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ગૌરવ પુરસ્કારનું સન્માન મળ્યું છે. ઈ.સ. ૨૦૦૬ની ૨૦મી સપ્ટેમ્બરે અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં પાટણના રાજા વિશળદેવના જીવનના પ્રસંગ વર્ણવ્યા છે. રાજ્યની મુશ્કેલીના સમયે રાજા અને પ્રજા સમજપૂર્વક, ધીરજપૂર્વક ઉકેલ લાવે તો સમસ્યા હળવી થઈ જાય છે. દાનવીર જગડુશા પણ નગરશેઠ તરીકે માનવતાવાદી અભિગમ ધરાવે છે. જાત મહેનતે એકઠી કરેલી કમાણી અને સંચિત કરેલા અનાજના કોઠારોને સંકટ સમયે પ્રજા માટે ખુલ્લા મૂકી દેનાર શાહ સોદાગર જગડુશાના દિલની ઉદારતાનો સરસ પરિચય લેખકે પ્રસ્તુત નાટક દ્વારા કરાવ્યો છે.

સ્થળ : પાટણ — પાટણના રાજા વિશળદેવનો દરબાર

(રાજા વિશળદેવ દરબાર ભરીને બેઠા છે, પણ સૌનાં મોં ઉદાસ છે. આખાયે દરબારમાં જાણે નિરાશાની ઘેરી છાયા ફરી વળેલી છે. રાજાની સામે રાજજોષી ટીપણું પહોળું કરીને બેઠા છે. તે આંગળીના વેઢા પર આંકડા માંડે છે.)

રાજા : તે જોષીજી, આ વર્ષેય વરસાદ નથી શું?

જોષી : મહારાજ, મને થાય છે કે કાળવાણી ઉચ્ચારતાં મારી જીભ કપાઈ કેમ નથી જતી ?

રાજા : સમજી ગયો ! હું સમજી ગયો ! જોષી, હવે બોલવાની જરૂર નથી.

(એટલામાં બહારથી ઘણા લોકોનો પોકાર સંભળાય છે : 'અમને ખાવાનું આપો ! અમને જિવાડો! અમે મરી જઈએ છીએ !')



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રાજા : મારી રાંકડી રૈયત ભૂખે મરે છે ! હવે તો એક આશા જગડુશાની રહી છે. પ્રધાનજી એમને તેડી લાવવા કચ્છ ગયા છે. આજકાલમાં આવી જવા જોઈએ.

દરવાન : (પ્રવેશી, રાજાને પ્રણામ કરી) મહારાજ ! કચ્છના શાહ સોદાગર શેઠ જગડુશા પધાર્યા છે. પ્રધાનજી પણ સાથે છે.

રાજા : (એકદમ ઉત્સાહમાં આવી) એકદમ, એકદમ એમને અંદર લઈ આવ !

દરવાન : (નમ્રતાથી) મહારાજ, પ્રધાનજીએ કહેવડાવ્યું છે કે શેઠ જગડુશા શાહ સોદાગર છે. તેમનો સત્કાર કરવા આપ પોતે –

રાજા : સમજ્યો, સમજ્યો એમના સત્કાર માટે મારે જ સામા જવું જોઈએ. પ્રધાનજીની વાત સાચી છે ! (રાજા ગાદી પરથી ઊભો થઈ જાય છે. આખી કચેરી ઊભી થઈ જાય છે. પછી રાજા જગડુશાનો સત્કાર કરવા પ્રવેશદ્વાર ભણી જાય છે. સામેથી પ્રધાન જગડુશાને લઈને આવે છે. જગડુશાને જોઈ રાજા ઝડપથી પગલાં ભરી એની સામે જાય છે, તેવી જ રીતે જગડુશા પણ ઝડપ કરે છે. બંને એકબીજાને વહાલથી ભેટે છે. પછી રાજા જગડુશાનો હાથ પકડી રાજગાદી તરફ દોરી જાય છે અને પોતાની જોડે જ ગાદી પર તેમને બેસાડે છે. બન્નેના બેઠા પછી પ્રધાન અને દરબારીઓ પોતપોતાના આસન પર બેસે છે.)

જગડુશા : મહારાજ, ઓચિંતાનો કેમ યાદ કર્યો મને ?

રાજા : સુખદુ:ખની વાતો કરવા, શેઠજી ! ગુજરાતમાં આજે ત્રણ વરસથી કારમો દુકાળ ચાલે છે.

જગડુશા : એકલા ગુજરાતની કાં વાત કરો છો ? આખા હિંદુસ્તાનમાં આજે દુકાળ છે. સિંધ મેવાડ, માળવા, કાશી અને ઠેઠ કંદહાર લગી આજે લોકો ભૂખે મરે છે અને પાનખરમાં પાંદડાં ખરે તેમ ખરે છે. વખત એવો બારીક છે કે ભલભલાની લાજ જવાનો વખત છે. સાત ખોટના દીકરાના મોંમાંથી બાપ બટકું રોટલો કાઢી ખાય છે. મૂઠી ધાન સારુ માબાપ છોકરાંને વેચે છે ! શી ખબર શું થવા બેઠું છે ?

રાજા : રામજી રાખશે તે રહેશે ! પણ આવે વખતે રૈયતને ટકાવી રાખવાનો રાજ્યનો ધર્મ છે.

જગડુશા : આપ સરખા પ્રજાવત્સલ રાજાના મોંમાં આવા જ શબ્દો શોભે. મને એ સાંભળી બહુ આનંદ થાય છે. મેં તો સાંભળ્યું છે કે આપે આપના ધાનના કોઠાર અને ધનના ભંડાર ગરીબોને માટે ખુલ્લા મૂકી દીધા છે !

રાજા : મૂકી દીધા હતા; હવે તો એય ખાલી થઈ ગયા. હવે મારા ધનના ભંડાર અને અન્નના કોઠારોય ખાલીખમ પડ્યા છે અને રૈયતના પેટનો ખાડો તો હજી ઊણો ને ઊણો જ છે. ધાર્યું'તું કે ઓણ સાલ વરસાદ આવશે ને સૌ સારાંવાનાં થશે, પણ વરસાદ આવ્યો નહિ, અધૂરામાં પૂરું તીડ પડ્યાં ! લોકો ત્રાહિમામ પોકારે છે !

(એટલામાં બહારથી પોકાર આવે છે : ''અમે મરી જઈએ છીએ, અમને જિવાડો, અમને જિવાડો, અમને અનાજ આપો !'')

જગડુશા : (બહારનો પોકાર સાંભળી) ભૂખ્યાં ગળાંમાંથી પૂરો અવાજ પણ નીકળતો નથી.

રાજા : વસ્તીનું આ દુ:ખ એ મારું દુ:ખ છે, પણ નિવારણનો કોઈ રસ્તો મને દેખાયો નહિ. ત્યારે હું મૂંઝાયો. એવે વખતે તમે યાદ આવ્યા !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જગડુશા : (નવાઈ પામી) હું યાદ આવ્યો ? કેવી રીતે ?

રાજા : મારા સાંભળવામાં આવ્યું છે કે પાટણમાં જગડુશાની માલિકીની કેટલીક અનાજની વખારો છે !

જગડુશા : જગડુશાની માલિકીની અનાજની વખારો ? મહારાજ, આપની કંઈક ભૂલ થાય છે. મારી માલિકીની કોઈ અનાજની વખાર મેં પાટણમાં કે કોઈ શહેરમાં રાખી જ નથી.

રાજા : તો અમે સાંભળ્યું એ શું ?

જગડુશા : કંઈક સમજફેર થઈ હશે, મહારાજ ! કારણ કે વખારો મારી ખરીને ?

રાજા : (નવાઈ પામી) વખારો આપની છે અને છતાં એ આપની માલિકીની નથી, એમ આપનું કહેવું છે ?

જગડુશા : વાત એમ છે કે વખારો મારી છે એ વિશે કંઈ શંકા નથી !

રાજા : અને એ વખારોમાંનું અનાજ ?

જગડુશા : એ અનાજ મારું નથી.

રાજા : (હતાશ બની જઈ) એ અનાજ તમારું નથી ? તો શું તમે એ કોઈને દઈ દીધું છે ? કોને દીધું ? ક્યારે દીધું ? હું તમને એના મોં માગ્યા દામ આપત !

જગડુશા : એ અનાજ મારું નથી એ નિશ્ચિત છે. મેં કોને દીધું અને ક્યારે દીધું એ જાણવું હોય તો – એમ કરોને, એ વખારો ખોલાવી એની તપાસ કરાવો ને ?

રાજા : કેવી રીતે ખબર પડશે ?

જગડુશા : એમ જ ખબર પડશે. દરેકે દરેક વખારની અંદર ભીંતપત્ર પર તાંબાપતરામાં લેખ લખાવીને જડાવેલો છે. તેમાં એ અનાજના માલિકનાં નામઠામ બધું લખેલું છે !

રાજા : ઠીક છે, ઠીક છે ! હું એ માલિકની પાસે જઈશ ને કહીશ કે સુકાળ થયે તેને એક એક દાણા સાથે મોતી ગણીને આપીશ, પણ આજે મારી પર આટલી દયા કર !

જગડુશા : જે રાજાના દિલમાં રૈયતનાં સુખદુઃખનો આવો ખ્યાલ છે તેને અનાજ જરૂર મળી રહેશે.

રાજા : મળી રહેશે ? કોટવાલજી, જાઓ વખારો ઉઘાડો અને લેખ અહીં લઈ આવો !

કોટવાલ : જેવી આજ્ઞા, મહારાજ ! (જવાનું કરે છે.)

જગડુશા : મહારાજ ! આપે આટલી તકલીફ લેવાની કંઈ જ જરૂર નથી ! હમણાં જ મારા માણસો લેખ લઈને અહીં આવશે. મેં ક્યારનાયે તેમને ત્યાં મોકલી દીધા છે. (એટલામાં હાથમાં તાંબાપતરું લઈને એક માણસ સભામાં દાખલ થાય છે. બધા તેની સામે જોઈ રહે છે. પહેલાં એ રાજાને અને પછી જગડુશાને પગે લાગે છે અને પતરું જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા એ પતરું રાજાના હાથમાં મૂકે છે.)

રાજા : આ જ એ લેખ ?

જગડુશા : હા, મહારાજ ! પંડિતજી પાસે એ વંચાવો.

રાજા : પંડિતજી, લો આ લેખ વાંચો.

(પંડિતજી ઊભા થઈને આગળ આવે છે. ઉઘાડા ડિલ પર ઉપરણો અને માથે પંડિતશાહી પાઘડી શોભે છે. રાજાની સામે આવી પ્રણામ કરી પતરું હાથમાં લે છે.)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



પંડિત : (પતરું વાંચે છે.) મહારાજ, સાંભળો આમાં લખ્યું છે કે આ વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાંડુઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી !

(આખી સભા આ સાંભળી ઘડીભર સ્તબ્ધ બની જાય છે. પછી કળ વળતાં બધા 'વાહવાહ !' પોકારે છે.)

રાજા : વાહ, જગડુશા વાહ ! (ઊભો થઈ જઈ જગાડુશાને ભેટી પડે છે.) તમે તો કહેતા હતા કે અનાજ તમારું નથી ?

જગડુશા : તો મારું.... છે ? એ તો ગરીબોનું છે. આ અનાજમાંથી એક દાણોય લેવાનો મને હક્ક નથી !

(એટલામાં બીજો માણસ હાથમાં પતરું લઈને આવી પહોંચે છે. તે રાજાને તથા જગડુશાને પગે લાગી લેખ જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા તે રાજાને સોંપે છે. રાજા પંડિતને આપે છે.)

પંડિત : (બીજો લેખ વાંચે છે.) મહારાજ સાંભળો, હવે હું બીજી વખારનો લેખ વાંચું છું. આમાં લખ્યું છે વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાડુંઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી !

આખી સભા 'વાહવાહ' પોકારે છે. રાજા ફરી જગડુશાને ભેટી પડે છે. એવામાં ત્રીજો માણસ પ્રવેશે છે. પહેલાની પેઠે તે પતરું પણ જગડુશાના અને રાજાના હાથમાં થઈને પંડિતના હાથમાં આવે છે.)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પંડિત : હવે ત્રીજી વખારનો આ લેખ સાંભળો : આ વખાર જગડુશાની છે, પણ એ અનાજના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી ! દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે.

રાજા : વાહવાહ! વાહવાહ!

રાજા : જગડુશા, આવી કેટલી વખારો છે ગામમાં ?

જગડુશા : ચાલીસેક હશે મહારાજ !

રાજા : ચાલીસ વખારો ? ત્યારે તો મારી પ્રજા જીવી ગઈ અને હું ય જીવી ગયો ! જ્યાં લગી ગુજરાતમાં તમારા જેવા ઉદાર શ્રેષ્ઠીઓ છે. જગડુશા ! ત્યાં લગી ગુજરાત રાજ્યને કોઈ આંચ આવવાની નથી ! (ત્યાં તો એક સાથે અનેક માણસો હાથમાં તાંબાપતરાં લઈ સભામાં પ્રવેશે છે. અને એમને જોઈ આખી સભા આનંદમાં અને આવેશમાં આવી ઊભી થઈ 'જયનાદ' પોકારે છે.)

આખી સભા : ગુજરાતનો રાજા ઘણું જીવો ! ગુજરાતનો શાહ સોદાગર ઘણું જીવો ! ગુજરાત રાજ્ય અમર રહો !

(પડદો)

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં દેશભક્ત જગડુશા જેવા અનેક દાનવીરો જેવા કે દાનવીર કર્ણ, ભામાશા વગેરેનો મૌખિક પરિચય કરાવી શકાય. ઉદારતા, માનવતા, ભલમનસાઈ જેવાં નૈતિક ગુણોનો વિકાસ આ કૃતિ દ્વારા કરાવી શકાય. સંકટના સમયે એકબીજાને મદદ કરવી જોઈએ. તેમજ આજે દેશમાં જ્યારે ત્સુનામી, ઘોડાપૂર, દુકાળ, હિમવર્ષા જેવી આપત્તિજનક સ્થિતિ ઊભી થાય તેવા સમયે સરકારને મદદ કરવાની ભાવના વિકસાવવા બાળકને પ્રેરિત કરી શકાય છે. દેશપ્રેમ અને રાષ્ટ્રભક્તિની ભાવના આ કૃતિ દ્વારા સાધ્ય કરી શકાય છે.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) પંચાંગ (૨) ભયંકર (૩) ભૂપતિ (૪) આખરે
(૫) નિરાશ (૬) પ્રજા (૭) ભવિષ્યવાણી (૮) રંક

**સ. ૨. ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો : ઉદા. આશા-નિરાશા**

આબરૂ | માલિક | શ્રીમંત | આનંદ | દુકાળ | સુખ | જન્મ

**સ. ૩. આપેલા શબ્દોના બે-બે પર્યાય શબ્દ લખો :**

(૧) અનાજ (૨) રૈયત (૩) રાજા
(૪) લાજ (૫) ગરીબ (૬) નિરાશ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૪. યોગ્ય જોડી બનાવો :**


| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) આંકડા માંડવા | (અ) અવાક્ થઈ જવું. |
| (૨) જીભ કપાઈ જવી | (બ) નિરાંત થવી |
| (૩) સાત ખોટનો દીકરો હોવો | (ક) બધી રીતે શુભ થવું |
| (૪) સૌ સારાંવાનાં થવાં | (ડ) ખૂબ લાડકો, એકનો એક દીકરો |
| (૫) કળ વળવી | (ઇ) બોલતાં બંધ થઈ જવું. |
| (૬) સ્તબ્ધ થઈ જવું | (ઈ) ગણતરી કરવી |

**સ. ૫. નીચેના શબ્દસમૂહો માટે વપરાતો એક શબ્દ કૌંસમાંથી શોધો :**


(અવર્ણનીય, કર્તવ્યનિષ્ઠા, નિઃસ્વાર્થ, દાનવીર, દ્વારપાલ, દેશભક્ત, ધ્યેયનિષ્ઠ, કોઠાર)

(૧) કર્તવ્ય માટે તત્પર રહેનાર
(૨) ધાન્ય સાચવવા ભરવાની જગ્યા
(૩) ખૂબ દાનધર્મ કરનાર
(૪) દરવાજા પર પહેરો ભરનાર
(૫) જેનું વર્ણન ન કરી શકાય એવું
(૬) વિશિષ્ટ ધ્યેય સામે રાખીને ચાલનાર
(૭) સ્વાર્થરહિત કાર્ય કરનાર
(૮) દેશ માટે મરી ફીટનાર

**સ. ૬. હાથની સાથે જુદાં જુદાં ક્રિયાપદ જોડીને તેનો અર્થ બતાવો :**




**સ. ૭. નાટકના પાત્રોનાં નામ લખો.**




**સ. ૮. વિચારીને લખો :**

(૧) પાટણના રાજા
(૨) ટીપણું પહોળું કરીને બેઠાં
(૩) અમને ખાવાનું આપો એમ કહેનાર
(૪) કચ્છના શાહ સોદાગર
(૫) પતરું વાંચનાર
(૬) જગડુશાને લઈ આવનાર

**સ. ૯. યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો :**

(૧) તાંબાના પતરાના લેખમાં વખારની માલિકી _______________ ની લખેલી હતી.

(અ) દેશની પ્રજા (બ) જગડુશા (ક) વેપારી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(૨) જગડુશા શેઠે વખારની અંદર લેખ_____________ લખાવ્યા હતા.

(અ) સોનાના પતરા પર (બ) ચાંદીના પતરા પર (ક) તાંબાના પતરા પર

(૩) વખારમાંનું બધુ અનાજ એના _____________.

(અ) દેશનું છે (બ) રાજાનું છે (ક) ભૂખે મરતાં ગરીબ ભાઈભાડુંઓનું છે

(૪) જગડુશાનો નગરશેઠ તરીકે પ્રગટ થતો અભિગમ _____________ છે.

(અ) વેપારીનો (બ) કરકસરયુક્ત (ક) માનવતાવાદી

(૫) પાટણના રાજા માટે જગડુશા શેઠ _____________ વિશેષણ વાપરે છે.

(અ) પ્રજાવત્સલ (બ) મુત્સદ્દી (ક) કંજૂસ

**સ. ૧૦. નીચેની વિધાનોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) સાત ખોટના દીકરાના મોંમાંથી બાપ બટકું રોટલો કાઢી ખાય છે.

(૨) રાજા જગડુશાનો હાથ પકડી રાજગાદી તરફ દોરી જાય છે.

(૩) ગુજરાતમાં આજે ત્રણ વરસથી કારમો દુકાળ ચાલે છે.

(૪) કચ્છના શાહ સોદાગર શેઠ જગડુશા પધાર્યા છે.

(૫) રાજાની સામે રાજજોષી ટીપણું પહોળું કરીને બેઠા છે.

(૬) કાળવાણી ઉચ્ચારતાં મારી જીભ કપાઈ કેમ નથી જતી ?

**સ. ૧૧. નીચેનાં વાક્યો કોણ, કોને કહે છે તે લખો :**

(૧) ઓચિંતાનો કેમ યાદ કર્યો મને ?

(૨) જાઓ વખારો ઉઘાડો અને લેખ અહીં લઈ આવો !

**સ. ૧૨. કૌંસમાં આપેલા શબ્દનું યોગ્ય રૂપ લખી વાક્ય પૂર્ણ કરો :**

(૧) બન્નેના બેઠા પછી પ્રધાન અને દરબારીઓ (પોતપોતાનું) _____________આસન પર બેસે છે.

(૨) આપ સરખા પ્રજાવત્સલ રાજાના મોંમાં (આવું) _____________ જ શબ્દો શોભે.

(૩) (ભૂખ્યું) _____________ ગળામાંથી (પૂરું) _____________ અવાજ પણ નીકળતો નથી.

(૪) તમારી (કેટલું) _____________ વખારો છે ગામમાં ?

**સ. ૧૩. કૌંસમાં આપેલા સર્વનામનું યોગ્યરૂપ ખાલી જગ્યામાં લખો :**

(૧) (હું) ____________ થાય છે કે કાળવાણી ઉચ્ચારતા મારી જીભ કપાઈ કેમ નથી જતી ?

(૨) (હું) ____________ તો સાંભળ્યું છે કે (આપ) ____________ (આપનું)____________ ધનના કોઠાર ખુલ્લા મૂકી દીધા છે.

(૩) (હું) ____________ રાંકડી રૈયત ભૂખે મરે છે.

(૪) તો શું એ (તમે) ____________ વખારો નથી.

(૫) (અમે) ____________ એ બધી વાતની ખબર પડશે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૧૪. આપેલાં વાક્યને ભૂતકાળમાં બદલો :**

(૧) દરબારીઓ આસન પર બેસે છે. - ______________________________

(૨) અનાજની વખારો કાલથી ખુલ્લી મુકાશે. - ______________________________

(૩) ગુજરાતમાં જગડુશા જેવા ઉદાર શ્રેષ્ઠીઓ છે. - ______________________________

(૪) હું બીજી વખારનો લેખ વાંચીશ. - ______________________________

(૫) માણસો હાથમાં તાંબાપતરાં લઈ સભામાં પ્રવેશે છે. - ______________________________

**સ. ૧૫. જગડુશા શેઠનો સ્વભાવ/ પાત્રપરિચય તમારા શબ્દોમાં લખો.**

★ **આ નાટકમાંથી તમને ગમતા સંવાદો નોંધી તમારા મિત્ર સાથે વર્ગમાં રજૂ કરો.**

## પ્રકલ્પ

★ **જુદાં જુદાં પાંચ ઐતિહાસિક નાટકો શોધી તેની એક હસ્તલિખિત પુસ્તિકા તૈયાર કરો.**

## લેખન કૌશલ્ય

★ **નીચેના મુદ્દાના આધારે તમારા શબ્દોમાં વાર્તા લખો. તેને યોગ્ય શીર્ષક આપો :**

પાંડવો અને કૌરવોના ગુરુ દ્રોણાચાર્ય - એક વાર નિશાન તાકવાની પરીક્ષા - એક વૃક્ષ પર ગુરુએ પક્ષી મૂકવું - દરેકને વારા ફરતી બોલાવવા - પક્ષીની આંખ વીંધવાનું કહેવું - શું શું દેખાય છે તે પૂછવું - બધું જ દેખાતું હોવાનું દરેકનું કહેવું - ગુરુનું નિરાશ થવું - છેલ્લે અર્જુનને બોલાવવું - અર્જુનનો જવાબ - માત્ર પક્ષીની આંખ દેખાવી - ગુરુ દ્વારા નિશાન તાકવાની આજ્ઞા - નિશાન યોગ્ય તાકવું - પક્ષીની આંખ વીંધાવી - ગુરુની શાબાશી - દરેકને એકાગ્રતાનું મહત્ત્વ સમજાવવું - બોધ -

★ **તમે જોયેલા એક અદ્‌ભુત સરકસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.**

## વિશેષ વાંચન

### ‘ઈ તો સાંચડી રોપી છે !’

સાંભરી આવે છે સાતેક વર્ષ પહેલાંના કચ્છ-ભ્રમણ દરમિયાન ઘડચો પ્રસંગ. ભ્રમણનો મુખ્ય ઉદ્દેશ હતો, એકાદા રબારી લગ્નની શક્ય એટલી દસ્તાવેજી સામગ્રી એકઠી કરવાનો. કચ્છનાં ભાતીલાં લોકવરણમાંયે રબારી જેવી રૂપાળી, ખડતલ અને ખુમારીભરી જાતિ બીજી એકેય નહીં ! નમણા, ભીનેવાન પંડથી માંડી અંગનાં પહેરવેશ-આભૂષણો, ભૂંગાનાં લીંપણગૂંપણ અને ઘરવખરી : બધાંમાં આંખે ઊડીને વળગે એવી જન્મજાત રુચિ-સૂઝ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રબારીના આરાધ્યદેવ કૃષ્ણ. ને પરંપરા માગે કે રબારીનાં લગ્ન લેવાય કેવળ ગોકુળ આઠમે ! આમ, ગામેગામ લગ્ન હોય. મીંઢીયાણામાં ઢેબરિયા રબારીઓનો મોટો વસવાટ, એટલે ઘણાં ઘેર લગ્ન હતાં. પૂછા કરતાં ખબર પડી કે બે જાનોને નજીકના ટપર ગામે ઉતારો આપવામાં આવ્યો હતો. સાતમની બપોરે જ ટપર પહોંચી, આવેલ જાનનાં વડેરાંઓને મળી આઠમની લગ્નવિધિને છબીઓમાં મઢવાની સંમતિ મેળવી લીધી. સાંજ થવાને હજી વાર હતી એટલે ખોરડાંનાં લીંપણ શણગાર અને જાનૈયાઓના ઠાઠને નીરખતાં, વાસના ચોક મહીં આવ્યાં. બીચ પડ્યા ખાટલાઓમાંથી એક પરે, ગોદડાંના વીંટાને અઢેલીને એક ભાભુમા માળા ફેરવતાં બેઠાં હતાં. ખાટની પડખે જ, નાની કાંટાળી વાડના ઘેરા બીચ, આછા ભીના પોતમાં વીંટ્યો એક રોપો જોઈ કુતૂહલ થઈ આવ્યું, ને નજીક જઈ એ અંગે પૂછા કરી. અમને આવકારતાં હળવું હસીને બાઈ બોલ્યાં, 'ઈ તો સાંયડી રોપી છે, ભલા !'

પળભર તો કીધું ઉકલ્યું નહીં, પણ પછી એક અવર્ણ્ય રોમાંચ અનુભવ્યો એ સહજ સર્યા ઉત્તરની ઓળખે. 'છાંયડી' રોપી હતી. બસ. લીમડો, વડ-પીપળ કે પછી આંબો-આંબલી, ઝાડના નામનુંય અગત્ય નહોતું ! ને એ વધતાં પહેલાં જ ઘેટાં-બકરાં ચરી ના જાય કે ધખતા ધોમ એને સૂકવી ના દે, માટે ફરતી મેલી હતી કાંટાળી વાડ અને માથે પાતળું ભીનું પોત !

કોઈ સમરથ કવિનેય ઈર્ષ્યા થઈ આવે એટલો સચોટ ને સભર શબ્દ-વિલાસ હતો એ ! ને જેને વાંચતાં-લખતાં યે નહોતું આવડતું એવી એક અભણ ગ્રામનારીએ સહજ ઊભર્યા અલંકારની સાથોસાથ આપણી સંસ્કૃતિના એક મૂળભૂત મૂલ્યને પણ દોહરાવ્યું હતું ! છાંયડી એટલે છત્ર-છાયા, આશ્રય અને રક્ષણ. છાંયડી, ભારતના અજોડ ઔદાર્ય અને સહિષ્ણુતાનું પરિમાણ છે. જગતના અનેક શરણાર્થીઓની પેઢીનીપેઢી એ ઓથમાં નિર્ભયપણે ફૂલીફાલી છે. વિવિધ ભાષાઓ અને ધર્મની ચિંતનધારાઓ પ્રગટી-પાંગરી છે.

જ્યાં લગી આપણાં જનગણમન મહીં ભાવ-કથનનું આવું સૌષ્ઠવ ભર્યું પડ્યું છે. ત્યાં લગી ગુર્જરગિરાના સાતત્યને, કહો, શી આંચ આવશે ?

– પ્રદ્યુમ્ન તન્ના

7FIMMC

સમસ્ત ગુણોની સીમા દાન છે. – ચાણક્ય



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૫. નીલાનું અલૂણાવ્રત

**તરલા ભાટિયા**

તેમનો જન્મ ઈ.સ.૧૯૩૬માં થયો હતો. એક સરેરાશ શિક્ષિત ગૃહિણીની જેમ જીવન વિતાવ્યું. બાળપણથી જ તેમને સાહિત્યના વાંચન અને લેખન પ્રત્યે રુચિ હતી. તેથી જ ગૃહિણી તરીકેના કર્મ કરવા સાથે જ તેમણે શબ્દોનો મર્મ પણ જાણ્યો એટલું જ નહિ પોતાની કલમ દ્વારા વહેવડાવ્યો પણ ખરો. તેમનું સાહિત્ય વાંચતાં અનુભવાય છે કે એક સ્ત્રી પોતાની આંતરદષ્ટિથી બાહ્યજીવનને કેવી રીતે મૂલવે છે.

તરલાબહેનની કલમ નવલિકા, લઘુનવલ, લેખ અને એકાંકી જેવા સાહિત્ય સ્વરૂપમાં વિહરી છે. પોતાની સંવેદનાને તેમણે સહજતાથી, સરળતાથી અને સચ્ચાઈથી વ્યક્ત કરેલી છે. ૨૨ જૂન, ૨૦૦૫ના તેમનું અવસાન થયુ હતું. 'તારાં સંભારણાં' અને 'ઉઘડતી દિશાઓ' એ તેમનાં મરણોત્તર પ્રગટ થયેલાં પુસ્તકો છે.

**સૂર કૃતિનો**

રમૂજ ઉત્પન્ન કરતી આ નવલિકામાં ગમ્મતમાં ને ગમ્મતમાં કરેલી ટકોર આપણે સમજવાની છે. નીલાનું અલૂણાવ્રત કરવાનું રહસ્ય જાણવા માટે તેના પતિના પ્રયત્નો અને અનુમાનો હાસ્ય નીપજાવવા સાથે સ્ત્રીઓના સ્વભાવ પ્રત્યે કટાક્ષ પણ કરે છે. નીલા પણ ખરું કારણ છુપાવીને અંતમાં આડકતરી રીતે જણાવે છે. તેમાં પણ સ્ત્રીસહજ સ્વભાવનું દર્શન થાય છે. મીઠાના બે અર્થો સ્પષ્ટ કરવાથી જે ગોટાળો અને ગરબડ થાય છે તે પણ હાસ્ય નીપજાવે છે. બ્લડપ્રેશરમાં મીઠું (નમક) ન ખવાય અને ડાયૅબી'ટિઝ્‌માં મીઠું (મિષ્ટાન્ન) ન ખવાય તે વાર્તાના અંતમાં સ્પષ્ટ થાય છે. વ્રતો અને ઉપવાસ-એકટાણાના નામે આપણે ખોરાકનો પ્રકાર બદલીએ છીએ પણ પ્રમાણ હદ બહારનું કરી નાંખીએ છીએ. તેમ છતાં વ્રત છે માટે ભૂખ્યા જ હોવાનો દંભ છોડતા નથી. આવી આપણી કમજોરી પ્રત્યે પણ લેખિકાએ રમૂજી રીતે આપણને અરીસો બતાવ્યો છે.

''સાંભળ્યું તમે ? કાલથી મારે અલૂણાવ્રત કરવું છે.'' નીલાએ ધડાકો કર્યો.

હું ચમક્યો. માનવામાં ન આવે એવી આ વાત હતી. નીલા અને વ્રત ! વ્રતો અને તહેવારોને નોનસેન્સ, હમ્બગ કહીને ઉડાવી દેતી અને દિવસમાં ફક્ત ચાર-પાંચ વખત અલ્પાહાર કરતી મારી નીલા કંઈક વ્રત કરવાની વાત કરતી હતી. ''શું ? શું ઉ ઉ ઉ ?.... નીલા ! હું સમજ્યો નહિ. તું... તું...''

''હું અલૂણાવ્રત કરવાની છું. બરાબર કાન ખોલીને સાંભળી લ્યો !'' ''પણ... પ... ણ... નીલા ! તું વ્રત કરીશ?'' ''હા વળી ! એમાં આટલી નવાઈ શાના પામો છો?'' પણ નીલા ! તું નહોતી કહેતી કે હું આમાં માનતી નથી. એ બધી અંધશ્રદ્ધા છે, વહેમ છે, પુરાણોએ પરાણે ઠાંસેલા તેમના આઈડિયાઝ છે... વગેરે વગેરે... ?''

''એ મેં તમને કહેલું ત્યાર પછી મારા વિચારો પલટાઈ ગયા છે ! હવે હું માનું છું કે વ્રતો અને તહેવારો ભારતીય પ્રણાલિકા અને પ્રાચીન સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ છે. એને આપણે કોઈ પણ ભોગે જાળવી રાખવા જોઈએ !''

સમજી ગયો. બપોરે ઊંઘવાને બદલે નીલાએ રેડિયો પરના બહેનોના કાર્યક્રમમાં કોઈ વાર્તાલાપ સાંભળ્યો હશે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તેની અસર હોવી જોઈએ. મગજમાં કંઈ ઊતરતું નહોતું. લાલો લાભ વિના લોટે નહિ તેમ મારી નીલા કોઈ સબળ કારણ સિવાય વ્રત કરે તેવી કાચીપોચી નહોતી.

''જુઓ... કાલથી હું મોળું ખાઈશ. એટલે કે મીઠા વિનાનું... તેથી આપણી રસોઈમાં મીઠું નહિ હોય...''

''જો નીલા ! મીઠાના ભાવમાં કિલોએ પાંચ પૈસાનો વધારો થયો હોય તેથી તારે કાંઈ મીઠું બંધ કરવાની જરૂર નથી. આમ તો સાડીઓના ભાવમાં સો-દોઢસો ટકાનો વધારો થાય તો ય તારું રૂંવાડું ય ફરકતું નથી...''

અને ''મોળાકત ? એ તો કન્યાઓ સારો પતિ મેળવવા કરે છે તે વ્રત... પણ નીલા ! એક આર્યનારી તરીકે તારે માટે આવો વિચાર કરવો એ પણ મહાપાપ છે !''

''લાજો હવે જરા'' નીલા છંછેડાઈ. ''શરમાતા નથી આવું બોલતાં ? જાઓ, મારે કહેવું જ નથી તમને.''

''ના, ના, નીલા !... પ્લી...ઝ'' નીલા જરા ઠંડી પડી. ''આજે બપોરે વનલતાબહેન આવેલાં. તેઓ કહેતાં હતાં કે પરિણીત સ્ત્રીઓ પણ અલૂણાવ્રત કરી શકે. એથી પતિના આયુષ્ય સુખ-સંપત્તિમાં વધારો થાય છે... તેથી મને થયું કે ચાલ, હું પણ કરું... જુઓને ! હમણાં હમણાં તમે સાવ કેવા લેવાઈ ગયા છો ?'' નીલાનો સાદ ગળગળો બન્યો. મેં મારી દેહયષ્ટિ પ્રતિ નજર કરી. માથાથી પગ સુધી જેટલું જોવાયું તેટલું જોયું. ખાસ્સું રાતીરાયણ જેવું શરીર... ચીમટી ભરો તો લોહીનો ટસિયો ફૂટી નીકળે... તો પછી આમ કેમ ? મારી નજર કદાચ...'' ના, બે દિવસ પહેલા સ્ટેશને કરાવેલું વજન યાદ છે. તેનું કાર્ડ પણ લાલબત્તી ધરતું હતું. ''નીલાના વ્રતનું રહસ્ય હજુ કળી શકાયું નહોતું.'' ને આપણે તે દિવસે ડૉક્ટર કાપડિયા પાસે ગયેલા ત્યારે એમણે નહોતું કીધું.'' ધીમા સાદે નીલા બોલી. યાદ આવ્યું. નીલાને તે દિવસે ચક્કર આવતાં હતાં. માથું ગોળગોળ ફરતું હતું. ધરી ઉપર ફરતી પૃથ્વીની જેમ બધું તેની આસપાસ ફરતું હતું.

''નીલાબહેન, તમને હાઈ બ્લડપ્રેશર છે.'' ડૉક્ટર કાપડિયા કહેતા હતા ! તમારે મીઠું ખાવાનું તદ્દન બંધ કરવું પડશે. મીઠું એટલે નમક વગરનું... સમજ્યાંને તમે ?'' પરંતુ ખાદ્યપદાર્થોની શોખીન મારી નીલાએ તો 'પડશે તેવા દેવાશે' કહીને એ વાતને અવગણી હતી.

''ને આમ તો મને મોળી વસ્તુ ગળે જ ન ઊતરે પણ અલૂણાવ્રત આવ્યું તેથી ચાલ આ ઠીક મોકો છે. એક કાંકરે બે પક્ષી ! મારા પ્રેશરમાં ઘટાડો અને તમારા આયુષ્યમાં વધારો. કેમ બરાબર ને ?'' હવે અલૂણાવ્રતનું રહસ્ય સમજાયું.

બીજે દિવસે નીલાએ હાથમાં એક યાદી મૂકી. ''આ શું ? બધી વસ્તુઓ તો ચાર દિવસ પહેલાં જ આવી ગઈ છે. હવે શું બાકી છે ?'' અત્યંત મીઠા સ્વરે નીલા બોલી. ''બાકી તો કાંઈ નથી. પણ મોળું ખાઈને કંટાળું તો સૂકો મેવો ખવાય. તેથી મંગાવું છું.''

જમતી વખતે મેં નીલાને પૂછ્યું, ''આજે શું છે ? બર્થ ડે કે મેરેજ ડે ?'' નીલાએ કહ્યું કે, ''કંઈ નથી. કેમ એમ પૂછવું પડ્યું ?'' ''તો પછી આ દૂધપાક, પૂરી હલવો, ગુલાબજાંબુ કેમ...?''

''આ તો અલૂણાવ્રતમાં મીઠું ન ખવાય પણ મીઠું ખવાય એટલે.'' નીલાનો દ્વિઅર્થી શ્લેષ મને ન સમજાયો ''મીઠું ખવાય અને ન ખવાય એ બંને કેમ બની શકે ?''

''મીઠું એટલે મીઠાવાળી ખારી વસ્તુ નહિ ખાવાની પરંતુ મીઠું એટલે ગળ્યું-સાકરવાળું ખાઈ શકાય.''


આ વ્રત તો ભાઈ મજાનું ! માલમલીદો અને મિષ્ટાન્નની મોજ માણવાની મને પણ મજા આવી ગઈ.

રાત્રે નવરા બેઠાં કંઈ ન સૂઝવાથી મેં નીલા પાસે સૂકો મેવો માંગ્યો. તે તો ત્રીજા દિવસે જ ખલાસ થઈ ગયો હતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



તે જાણીને મારું મસ્તક ચક્કર ધૂમ ! લગભગ દોઢેક કિલો જેટલો સૂકોમેવો અઢી દિવસમાં ખલાસ ?

'' આ ચાખો તો જરા'' નીલાએ બરફીનો ટુકડો અને કોપરાપાકનું ચકતું મારા હાથમાં મૂકતાં કહ્યું. ''મારી બાએ ખાસ મારા માટે મોકલાવ્યા છે. હું અલૂણાવ્રત કરું છું ને એટલે ?'' એમ કહી ખાલી બોક્સ તેણે કચરાના ડબ્બામાં નાંખ્યા. આ ઉપરથી બાકીની મીઠાઈનું ક્યાં પ્રસ્થાન થયું હશે તે સમજી લેજો.

હું હાથ જોડી મનમાં ગૌરીમાને વિનવતો હતો, ''હે મા ! મારી નીલાને હેમખેમ રાખજો. તેને ઊની આંચ પણ ન આવે તે જોજો.'' પણ મારી પ્રાર્થના ન ફળી. નીલાને ચક્કર આવતાં હતાં. માથું ગોળગોળ ફરતું હતું. ધરી ઉપર ફરતી પૃથ્વીની જેમ બધું તેની આસપાસ ફરતું હતું. નીલા કહેતી હતી કે, ''આ વ્રત કર્યું ને તેથી ભૂખથી જ ચક્કર આવતાં હશે.''

''ભૂખથી ?'' હવે ચક્કર મને આવ્યાં. મારી આંખો સામે ખાલી થયેલાં પેંડા, બરફી, કોપરાપાકના બોક્સ, શ્રીખંડ, દૂધપાક, રબડીનાં તપેલાં, કાજુ-બદામ, દ્રાક્ષનાં પૅકેટ ગોળગોળ ઘુમવા લાગ્યાં.

''નીલાબહેન, તમને ડાયૅબી'ટિઝ્‌ની અસર હોય તેવું લાગે છે.'' ડૉક્ટર કાપડિયા કહેતા હતા ! ''તમારે મીઠું ખાવાનું તદ્દન બંધ કરવું પડશે. મીઠું એટલે સાકરવાળું... સમજ્યાંને તમે ?'' હું ધીમે રહીને નીલાને હાથ પકડી બહાર લઈ ગયો.

**માર્ગદર્શક સ્તંભ**

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં ભારતીય સંસ્કૃતિ વિશે ચર્ચા કરીને આવશ્યક માહિતી આપી શકાય. આપણા તહેવારો તેમજ વ્રતો વિશેની માહિતી પણ પ્રશ્નોત્તરના માધ્યમથી આપી શકાય. કન્યાઓ દ્વારા થતાં અલૂણાવ્રતની વિસ્તૃત સમજ આપ્યા પછી પ્રસ્તુત કૃતિનું અધ્યાપન-વિષયવસ્તુની સમજ પ્રશ્નોત્તર અને કથનના માધ્યમથી આપી શકાય.કૃતિમાં ગર્ભિત કટાક્ષ તરફ નિર્દેશ કરી ઉપવાસના સાચા હાર્દને સમજાવી શકાય. ઉપવાસ અને આરોગ્ય વચ્ચેના સંબંધને સમજાવી તેની પાછળનો વૈજ્ઞાનિક દષ્ટિકોણ નિર્માણ કરવાનો પ્રયત્ન કરી શકાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**સ. ૧.** નીચેના શબ્દો માટે કૃતિમાં ક્યા શબ્દો વપરાયા છે ?

(૧) શંકા (૨) વિવાહિત (૩) તક (૪) ઈલા

(૫) મીઠું (૬) પ્રથા (૭) મીઠાઈ (૮) મર્મ

**સ. ૨.** નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

(૧) મીઠાં વગરનું ખાવાનું વ્રત –

(૨) ગણકારવું નહિ તે –

(૩) મીઠા કે ખાંડ વગરનું –

(૪) પગથી માથા સુધી–

(૫) ખાંડની ચાસણીમાં કોપરાનું છીણ નાંખી બનાવેલી મીઠાઈ –

(૬) જૂના યુગનું –

**સ. ૩.** (અ) 'કાન દઈને સાંભળવું – ધ્યાન દઈને બરાબર સાંભળવું' આ પ્રમાણે કાન સાથે સંબંધિત રૂઢિપ્રયોગ બનાવો અને તેના અર્થ લખો.

(બ) શબ્દકોશનો ઉપયોગ કરીને શરીરના કોઈપણ બે અવયવ પરથી પાંચ રૂઢિપ્રયોગો શોધીને તેના અર્થ લખો.

**સ. ૪.** ઉલટા અર્થ બતાવતા શબ્દો રેખાંકિત કરો :

(૧) મારા પ્રેશરમાં ઘટાડો અને તમારા આયુષ્યમાં વધારો.

(૨) પેંડા, બરફી, કાજુ-બદામનાં ભરેલાં બોક્સ ખાલી થયેલાં જોઈ મને ચક્કર આવી ગયા.

(૩) તાજી વસ્તુઓ બનાવી ખાવ પણ વાસી વસ્તુ ખાવી નહિ.

(૪) અલૂણાવ્રતમાં મીઠાવાળું ખાવાનું નથી, પરંતુ મોળું ખાવાનું છે.

**સ. ૫.** યોગ્ય વિકલ્પ શોધી વાક્ય પૂર્ણ કરો :

(૧) નીલાને _______________ વ્રત કરવું હતું.
(અ) એકાદશીનું (બ) નવરાત્રિનું (ક) અલૂણા

(૨) કન્યાઓ મોળાકતનું વ્રત _______________ માટે કરે છે.
(અ) ભાઈના સ્વાસ્થ્ય (બ) સારો પતિ મેળવવા (ક) મનની ઇચ્છા પૂરી કરવા

(૩) અલૂણાવ્રતમાં _______________ ખવાય.
(અ) મીઠા વગરનું (બ) મીઠાવાળું (ક) તીખું તમતમતું

(૪) નીલાને ડાયેબી'ટિઝ્ _______________ થી થયું.
(અ) વધુ પડતી મીઠાઈ ખાવા (બ) મીઠા વગરનું ખાવા (ક) વંશપરંપરાગત

**સ. ૬.** સમજીને લખો :

(૧) પાઠનો હાસ્ય ઉત્પન્ન કરતો કોઈપણ એક પ્રસંગ

(૨) અલૂણાવ્રત કરવાથી થતા ફાયદા

**સ. ૭.** ઓળખો :

(૧) વ્રત, ઉપવાસ એક અંધશ્રદ્ધા છે, એમ માનનાર –

(૨) નીલાના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરનાર –



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(૩) નીલાને મીઠાઈ ન ખાવાની સલાહ આપનાર - (૪) નીલાએ કરેલું વ્રત -
(૫) નીલાને વ્રત કરવાની સલાહ આપનાર - (૬) નીલાનો શોખ -

સ. ૮. **નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) 'ભૂખથી ?' હવે ચક્કર મને આવ્યાં. (૨) માનવામાં ન આવે એવી આ વાત હતી.
(૩) નીલાનો દ્વિઅર્થી શ્લેષ મને ન સમજાયો. (૪) જુઓ.... કાલથી હું મોળું ખાઈશ.

સ. ૯. **'વ્રતો અને તહેવારો ભારતીય પ્રાચીન સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ છે.' આ વિધાનને તમારા શબ્દોમાં સમજાવો.**

સ. ૧૦. **નીચેનાં વાક્યો સામે કૌંસમાંથી બંધ બેસતી કહેવત લખો :**

(પડશે તેવા દેવાશે, એક કાંકરે બે પક્ષી મારવા, લાલો લાભ વિના ન લોટે, અતિની ગતિ નહિ, ટીપે ટીપે સરોવર ભરાય)

(૧) એક કામ કરીને બે હેતુ સિદ્ધ કરવા - (૨) વધુ પડતી કોઈપણ બાબત નુકસાનકર્તા હોય છે-
(૩) નાની નાની બચતથી મોટી રકમ જમા થાય છે - (૪) કેટલીક વ્યક્તિ ફાયદા વગર કોઈ કાર્ય કરતી નથી-
(૫) પરિસ્થિતિ પ્રમાણે પ્રતિસાદ આપવો -

સ. ૧૧. **નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામ ચિહ્નો મૂકો :**

(૧) પણ પછી નીલા તું વ્રત કરીશ
(૨) મીઠું એટલે નમક વગરનું સમજ્યા ને તમે
(૩) નીલાબહેન તમને ડાયૅબી'ટિઝ્‌ની અસર હોય તેવું લાગે છે
(૪) સાંભળ્યું તમે કાલથી મારે અલૂણાવ્રત કરવું છે

★ **હાઈ બ્લડપ્રેશર અને ડાયૅબી'ટિઝ્‌ના રોગમાં શું ખાવું અને શું ન ખાવું તે વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ **વયાનુસાર વ્યક્તિને કેટલી કેલેરી જોઈએ તે ક્યા પદાર્થો ખાવાથી મળે તેની માહિતી ઈન્ટરનેટ પરથી શોધીને તમારી પોતાની 'પૌષ્ટિક આહાર'ની એક ડાયરી બનાવો.**

## લેખન કૌશલ્ય

★ **નીચેનો પરિચ્છેદ વાંચો અને તેમાંથી કોઈપણ પાંચ પ્રશ્નો બનાવો :**

બાબા અર્થાત મુરલીધર આમટેનો જન્મ ઈ.સ.૧૯૧૪માં થયો હતો. રક્તપિત નિર્મૂલનનું કામ કરતી વખતે તેમણે મહારોગી સેવા સમિતિની સ્થાપના કરી. બાબા આમટેએ રક્તપિત્તિયાઓને માનસિક આધાર મેળવી આપવાનું, તેમનામાં આત્મવિશ્વાસ જગાવવાનું અને તેમને કામની તક ઉપલબ્ધ કરાવી આપી આત્મનિર્ભર બનાવી તેમનું પુનર્વસન કરવાનું લક્ષ્ય સેવ્યું છે. ઈ.સ. ૧૯૮૫માં તેમને 'રેમન મેગસેસે' પારિતોષિક પ્રદાન કરવામાં આવ્યું. ભારત સરકારે ઈ.સ.૧૯૮૬માં 'પદ્મવિભૂષણ' ખિતાબ આપીને તેમના કાર્યનું ગૌરવ કર્યું. અત્યંત માનભર્યા ગણાતા 'ગાંધી શાંતિ પુરસ્કાર'થી પણ તેમનું ગૌરવ કરવામાં આવ્યું છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વિશેષ વાંચન

### સ્વચ્છતાને જયાં ધર્મથી પણ વધુ મહત્ત્વ અપાય છે.

મુંબઈના અમેરિકન સેન્ટરમાં મિડિયા એડવાઈઝર તરીકે ફરજ બજાવતા ભૂતપૂર્વ સિનિયર અંગ્રેજી પત્રકાર પ્રમોદ પાગેદારે આવો એક કિસ્સો અમને કહ્યો. એક ભારતીય સજ્જને, અમેરિકા જઈને સારું એવું કમાયા પછી, એક સરસ મજાની અમેરિકન સોસાયટીમાં મકાન લીધું. એ સજ્જન પોતાના કુટુંબ સાથે નવા મકાનમાં રહેવા ગયા. સોસાયટીના અમેરિકન રહેવાસીઓએ તેમનું અભિવાદન કર્યું અને સાથે સલાહ પણ આપી કે તમારા ઘરનું આંગણું સ્વચ્છ રાખજો અને કપડાં ધોયા પછી જાહેરમાં સૂકવતાં નહીં પણ એ માટે બેઝમેન્ટનો ઉપયોગ કરજો. અમેરિકન સોસાયટીમાં નવાસવા રહેવા ગયેલા ભારતીય કુટુંબના ઘરની બહાર આંગણામાં નાનકડો બગીચો હતો અને એમાં લૉન હતી. અમેરિકાના દરેક સ્વતંત્ર મકાનની બહાર તમને લૉન અચૂક જોવા મળે. અમેરિકાનાં શહેરોમાં ક્યાંય તમને ધૂળવાળી જગ્યા જોવા ન મળે. ક્યાંય પણ ખુલ્લી જગ્યા હોય તો ત્યાં લૉન ઉગાડી દેવામાં આવે અને જાહેરમાં લૉન ઉગાડવામાં આવી હોય ત્યાં વહેલી સવારે સિટી ગવર્મેન્ટ એટલે કે સુધરાઈના કર્મચારીઓ ગ્રાસ કટર મશીનથી વધી ગયેલું ઘાસ કાપતા જોવા મળે. આ તો જાહેર જગ્યાની લૉનની વાત થઈ પણ ઘરઆંગણાની લૉનને જાળવવાની જવાબદારી તો અમેરિકન નાગરિકોએ જાતે જ સંભાળવી પડે.

પેલા ભારતીય સજ્જને આંગણાના નાનકડા બગીચામાં લૉન સરખી કરવામાં અને બગીચાની સફાઈમાં આળસ કરી. અઠવાડિયા સુધી તેમના બગીચાની અને લૉનની કોઈ કાળજી ન લેવાઈ એ જોઈને સોસાયટીએ તેમને એ માટે વિનંતી કરતો એક પત્ર મોકલ્યો. એમ છતાં પેલા ભારતીય સજ્જને ઘરઆંગણાના બગીચાની અવગણના કરી. બીજું એક સપ્તાહ વીતી ગયું. ભારતીય સજ્જન કે તેમના કુટુંબના સભ્યો સળવળ્યા નહીં. એટલે બીજા સપ્તાહના છેલ્લા દિવસે એક પ્રોફેશનલ એજન્સીમાંથી એક માળી આવ્યો. એ માળીએ ભારતીય સજ્જનના આંગણાનો બગીચો સાફ કરી દીધો અને રૂપકડો બનાવી દીધો. ભારતીય સજ્જન અને તેમના કુટુંબના સભ્યો તો રાજીના રેડ થઈ ગયા. તેમણે નિશ્ચય કર્યો કે હવે પછી આપણે જાતે બગીચાની સાફસફાઈની કડાકૂટમાં પડવું જ નહીં.

પણ એ પછી જે કંઈ બન્યું એનાથી ભારતીય સજ્જન અને તેમના કુટુંબના બધા સભ્યો હેબતાઈ ગયા. ભારતીય કુટુંબ બગીચાને રળિયામણો બની ગયેલો જોઈને હરખાઈ રહ્યું હતું ત્યાં જ તેમના ઘરની ડોરબેલ રણકી ઊઠી. ભારતીય સજ્જને દરવાજો ખોલ્યો એ સાથે તેમના હાથમાં ૧૫૦ ડોલરનું (એટલે કે રૂપિયા ૬૫૦૦ જેટલા રકમનું) બિલ પકડાવી દેવાયું ! બગીચાની અને લૉનની સાફસફાઈની ફી પેટે એ બિલ તેમના હાથમાં થમાવી દેવાયું હતું. ભારતીય સજ્જન અને તેમના કુટુંબના તમામ સભ્યો અવાચક બની ગયા. બીજી વખત આ રીતે ખિસ્સું હળવું ન થઈ જાય એ માટે તેઓ સજ્જ થઈ ગયા. રૂપિયા ૬૫૦૦ના દંડના ભયથી તેમના મનમાં સ્વચ્છતા માટે પ્રીત જાગી ગઈ.

આશુ પટેલ

7FSINZ

મનના હાથીને બુદ્ધિના અંકુશમાં રાખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ૬. મંગલસૂત્ર

## કિસનસિંહ ચાવડા

કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડાનો જન્મ ૧૭ નવેમ્બર, ૧૯૦૪ના વડોદરામાં થયો હતો. તેમણે ગુજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનમાં શિક્ષણ લીધું હતું. મુંબઈની ફેલોશિપ હાઈસ્કૂલમાં થોડો વખત અધ્યાપન કાર્ય કર્યું હતું. અમેરિકામાં પ્રિન્ટિંગ મેનેજમેન્ટનો કોર્સ કર્યા બાદ વડોદરામાં 'સાધના મુદ્રણાલય'ની શરૂઆત કરી હતી. થોડો સમય પોંડિચેરી આશ્રમમાં અને પછી અલમોડા પાસે મીરતોલા આશ્રમમાં રહ્યા હતા.

નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર તરીકે લેખન કાર્ય કર્યું અને પત્રકારત્વમાં પણ જોડાયા હતા. તેમના 'અમાસના તારા', 'જિપ્સીની આંખે' નિબંધ સંગ્રહો જાણીતા છે. નર્મદ સુવર્ણ ચંદ્રક દ્વારા તેઓ સન્માનિત થયા હતા. ૧ ડિસેમ્બર, ૧૯૭૯ના રોજ મિરતોલામાં તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં માતા અને પુત્ર વચ્ચેના નિઃસ્વાર્થ પ્રેમ અને લાગણીના તંતુથી જોડાયેલા સંબંધની વાત છે. આ વાત લેખકના પોતાની માતા સાથેના સંબંધની છે અર્થાત સ્વાનુભવની છે.

સ્ત્રીને મન સૌભાગ્યના પ્રતીક સમા મંગલસૂત્રનું કેટલું મહત્ત્વ હોય છે તે પ્રતિત થાય છે. છતાં પુત્ર પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવા પોતાના મૂલ્યવાન મંગલસૂત્રને વેચતા પણ અચકાતી નથી. ખરેખર સ્ત્રીના મનમાં પતિ અને પુત્ર બંનેનું કેટલું અનન્ય સાધારણ મહત્ત્વ છે તેનું પ્રતિબિંબ આ કૃતિમાં પડે છે.


દરેકનું મંગલ ઇચ્છતા અને ત્યાગની મૂર્તિ જેવા લેખકના માતાનું ભાવનાશીલ રેખાચિત્ર અહીં વ્યક્ત થયેલું છે. પતિના મૃત્યુનો આઘાત હોવા છતાં ગૃહિણી કે માતા તરીકેનું કર્તવ્ય તેઓ ભૂલતાં નથી. પતિના મૃત્યુ બાદ પુત્ર જ તેમનાં જીવનનું કેન્દ્ર બની રહે છે. પુત્રને જમાડવા આતુરતાથી તેની રાહ જોતી માતાનું ચિત્ર ખરેખર જ હૃદયદ્રાવક છે.

પિતાજીના કારમા મૃત્યુ પછી બાની ઉદાસીનો પાર નહોતો. એના મુખ પર સ્મિત આવતું તે પણ વિષાદથી છવાયેલું. એના કામમાં, એના વર્તનમાં, અરે અમારા તરફના એના વાત્સલ્યમાં પણ ઉદાસીનો આધાર હતો. મને બાનું ગળું બહુ ગમતું. એક તો આમ પણ બા બહુ દેખાવડી અને નમણી હતી. એના હૃદયની નિર્મળતાનું લાવણ્ય એના ચહેરા ઉપર એવું વિલસતું કે આપણે જોયા જ કરીએ. પણ એ સર્વમાં એની ડોક મને અપાર વહાલી લાગતી. અને એ ગરદનને વળગીને વહાલ કરતાં હું કદી ધરાતો નહીં. નિશાળમાં કંઈક ગુનો થયો હોય, કોઈ છોકરા સાથે તકરાર થઈ હોય, બાપુજીએ આંખ દેખાડી હોય કે બાનું વહાલ જોઈતું હોય ત્યારે હંમેશાં હું એની ડોકે બાઝી પડતો. મંગલસૂત્રથી શોભતા એ ગળાને બચ્ચીઓ ભરતાં હું કદી જ થાકતો નહીં અને એના બદલામાં હું ધરાઈને એનું વાત્સલ્ય પીતો. બાપુજીના ગયા પછી બાનો ઉદાસ ચહેરો મંગલસૂત્ર વિનાના સૂના ગળાથી બહુ જ એકલો લાગતો. બા પણ છત્ર વિનાની અનાથ લાગતી. મારી દૃષ્ટિ જ્યારે જ્યારે બાના ચહેરા પર પડતી ત્યારે આપમેળે એની એકલ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ડોક પર ઊતરીને ડૂસકું ભરી લેતી. આ દુઃખ ખમનાર હું એકલો નહોતો. મારા પાર્વતીફોઈ પણ હતાં. ફોઈ પોતે બહુ રૂપાળાં હતાં. પણ બાના સ્વરૂપનાં એ મોટાં ચાહક હતાં. મને બરાબર યાદ છે – એક દિવસ ફોઈ, બા અને હું એમ ત્રણ જણાં બેઠાં હતાં. પિતાજીનાં સ્મરણોની ઉજાણી ચાલતી હતી. ત્યાં અચાનક ફોઈની આંખ બાના ગળા ઉપર જઈને બેઠી. એમનાથી રહેવાયું નહીં. બોલ્યાં : ''ભાભી, ગળામાં તુલસીની માળા તો રાખ જ. આ સૂની ડોક મારાથી જોવાતી નથી.'' અને સ્વાભાવિક રીતે જ એમનો હાથ બાના ગળાને અડકી પડ્યો. બાએ માથે એવી રીતે ઓઢ્યું કે ડોકની ચારુતા સંતાઈ ગઈ. બા કશું બોલી નહીં. બા ગમતી. બાનું સ્વરૂપ ગમતું. બાની આંખોમાં આંખો પરોવતાં હું થાકતો નહીં. પરંતુ બાની ડોકને બાથ ભરીને બચ્ચી ભરવી એ મારા જીવનનું પરમ ઐશ્વર્ય હતું. છતાં એ એકલવાઈ ડોક જ મને રડાવી મૂકતી અને બાના ગયેલા સૌભાગ્યની યાદ આપીને પિતાજીનાં સ્મરણોની યાત્રા કરાવતી.

ધનતેરસે અમારે ત્યાં ધનની પૂજા થતી. પિતાજી જીવતા ત્યારે પણ બા મારી પાસે જ પૂજા કરાવતી. બાપુજીના ગયા પછી પણ એમ જ થતું. પણ બાપુજીના ગયા પછી ધનતેરસની એ પૂજામાં એક ફેરફાર છાનો ન રહ્યો. હું પૂજા કરી રહું ત્યાર પછી એક નાની-શી રેશમપોટલીમાંથી પોતાનું મંગલસૂત્ર કાઢીને બા દૂધથી અને પછી પાણીથી ધોઈ એની પૂજા કરતી અને પાછી એ પોટલીમાં સંભાળથી એને મૂકીને એક ચાંદીની ડબ્બીમાં મૂકી દેતી. આવી ધનતેરસ દરેક વરસે આવતી અને ચાલી જતી. ધીરે ધીરે પેલું મંગલસૂત્ર મારે મન બા જેટલું જ વહાલું થઈ ગયું.

ઈ.સ.૧૯૨૯માં હું પોંડિચેરીથી પાછો આવ્યો ત્યારે મારું મોટું સુખ બાનો હસતો ચહેરો હતો. હું ગયો ત્યારે એને જે ઓછું આવ્યું હતું તે હું પાછો આવ્યો ત્યારે હસીને એણે ઓગાળી નાખ્યું. અહીં સૌ સુખી હતાં. આવીને મેં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'નવગુજરાત' સાપ્તાહિકમાં સહતંત્રીનું કામ સ્વીકાર્યું. બાને બહુ જ આનંદ થયો. એ કામને કારણે મારે સવારે, બપોરે અને સાંજે એમ ગમે ત્યારે ગમે તેટલું રખડવું પડતું. એક વખત ઉનાળો હતો. વૈશાખનો મહિનો. ગરમી તો કહે મારું કામ. લૂ એવી વાય કે માથું ફાટી જાય. એવા સળગતા બપોરે બે વાગે ભૂખ્યો તરસ્યો હું ઘેર પહોંચ્યો. બા પણ બિચારી ભૂખીતરસી મારી વાટ જોઈને ચિંતા કરતી બેઠી હતી. હું આવ્યો ત્યારે ચહેરો કરમાઈ ગયો હતો. અમે જમ્યાં. જમીને હું જરા જંપ્યો. ઊઠ્યો ત્યારે મારું આખું શરીર તાવથી ધીખતું હતું. બા તો ગભરાઈ ઊઠી. ઘરના બધા ઇલાજો એણે કર્યા, પણ તાવે મચક ન આપી. આખરે દાક્તરને બોલાવવા પડ્યા. દાક્તરની સલાહથી મને ઇસ્પિતાલમાં ખસેડ્યો અને આખરે ઈશ્વરની કૃપાથી અને બાની આશિષથી બે મહિને હું સારો થઈ ગયો.

ત્યાર પછીની ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં. પૂજામાં માત્ર પાંચ રૂપિયા હતા. એક પણ ઘરેણું નહોતું. મને અચંબો લાગ્યો. ધનની પૂજા પછી બાએ નિત્યનિયમ પ્રમાણે પોતાના મંગલસૂત્રની પણ પૂજા કરી. પછી મેં બાને પૂછ્યું ત્યારે ખબર પડી કે મારા પોંડિચેરીના લાંબા નિવાસ દરમિયાન બાએ ઘરેણાં વેચીને ઘર ચલાવ્યું હતું. તે દિવસે હું બાની એકલવાઈ ડોકે બાઝીને ખૂબ રડ્યો.

શિયાળો ગયો ને ઉનાળો આવ્યો. મારી બહુ ઇચ્છા હતી કે હું એક સાઇકલ લઉં. પણ એટલી બચત ક્યાંથી કાઢવી ? એક રાતે બેસીને અમે સૌ વાતો કરતાં હતાં, ત્યાં મારાથી સાઇકલની વાત નીકળી ગઈ. સાઇકલ વિના કેટલી મુસીબત પડે છે એ સાંભળીને બાનું હૈયું ભરાઈ આવ્યું. બીજે દિવસે બપોરે મને પાછું મોડું થયું. બા બિચારી દર વખતની જેમ ભૂખીતરસી મારી રાહ જોઈને બેઠી હતી. મને જમાડ્યા પછી પણ એની એક જ ચિંતા હતી કે હું માંદો ન પડું. બપોરે જમીને હું કામ પર જવા નીકળ્યો ત્યારે બાએ પૂછ્યું : ''બેટા, સાઇકલ હોય તો તને મહેનત ઓછી પડે, નહીં ?'' મેં જતાં જતાં હસીને કહ્યું : ''બા, એ તો કબીરજી કહી ગયા છે.'' જ્યારે જ્યારે મારે બાને હસાવવી હોય ત્યારે હું ઉપરનું વાક્ય વાપરતો.

સાંજે હું ઘેર આવ્યો ત્યારે ઓટલા ઉપર એક નવી સાઇકલ પડેલી. મને એમ કે કોઈ મળવા આવ્યું છે. મારો અવાજ સાંભળીને બા બહાર દોડી આવી. એના મુખ પર અવર્ણનીય આનંદ હતો. ઘણાં વરસ પછી મેં એનો આવો પ્રફુલ્લિત ચહેરો જોયો. એણે કહ્યું : ''કિશન, તારી સાઇકલ આવી ગઈ.'' આનંદ અને આશ્ચર્યની મિશ્ર લાગણીથી દબાઈ ગયેલો હું પૂછવા જાઉં તે પહેલાં તો હાસ્યનું ઇનામ આપીને બા બોલી ઊઠી : ''હું લઈ આવી ગોપાળદાસકાકાને ત્યાંથી. ગમી ને ?'' એમણે કહ્યું : ''હમણાં છોકરાઓ આ ગાડી બહુ શોખથી વાપરે છે. સારી છે ને ?'' મેં કહ્યું : ''પણ બા, હમણાં મારે નહોતી જોઈતી.'' અને હું આગળ બોલવા જાઉં તે પહેલાં એ બોલી ઊઠી : ''ફેરવી જો તો. હું જોઉં તો ખરી કે તને કેવીક ચલાવતાં આવડે છે.'' અને મેં એ નવી સાઇકલ પર ચક્કર માર્યું ત્યારે અમે બંને ખુશખુશ થઈ ગયાં.

ત્યાર પછીની ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં હતાં. બાએ મારી પાસે પાંચ રૂપિયાની પૂજા કરાવી અને પૂજા પૂરી થઈ. બાએ મંગલસૂત્રની પૂજા ન કરી એટલે પૂછ્યું : ''બા, તમારી પૂજા કેમ નથી કરતાં ?'' બાએ હસીને કહ્યું : ''હવે જરૂર નથી. તું સાઈકલ પર બેસીશ અને હું તને જોઈશ એ જ મારી પૂજા છે.'' મારા અંતરમાં ફાળ પડી. મેં કહ્યું : ''બા, તમે મંગલસૂત્ર વેચીને આ સાઇકલ લઈ આવ્યાં ?'' અને મારા ઉતરેલા મુખને બાએ પોતાની ડોક પર ઢાળી દીધું. મારાથી ન બાથ ભરાઈ, ન તો બચ્ચી કરી શકાઈ.

બીજે દિવસે એક મિત્ર પાસેથી એકસો દસ રૂપિયા લઈને ગોપાળદાસકાકાને ઘેર ગયો. કાકા તો ઘેર નહોતા, પણ ગુલાબકાકી હતાં. એ બહાર આવ્યાં ને મેં એમની ડોકમાં બાનું મંગલસૂત્ર જોયું. રૂપિયા મારા ગજવામાં જ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રહી ગયા. કાકાની ખબર પૂછીને હું ચાલી નીકળ્યો. પાછા આવીને મેં બાને કહ્યું : ''ગુલાબકાકીના ગળામાં તમારું મંગલસૂત્ર જોઈને મારાથી એક પણ શબ્દ બોલાયો નહીં.'' બાએ હસીને કહ્યું : ''બેટા, એમનું સૌભાગ્ય અખંડ રહો.'' બાનું એ મુખ આજેય જ્યારે જ્યારે હું મારી સાઇકલને અડકું છું ત્યારે મારી આંખો આગળ આવે છે અને અંતરને અડકે છે. સાઇકલો તો મારી ઘણી બદલાઈ છે પણ બાનો એ ચહેરો નથી બદલાયો.

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન શરૂ કરતા પહેલા દરેક વિદ્યાર્થીઓ પાસેથી તેમની માતા વિશેના તેમના વિચારો જાણી શકાય. સંતાનો માટે માતાના હૃદયમાં રહેલા પ્રેમ વિશેના વાસ્તવિક ઉદાહરણો આપી શકાય.

લેખકના પોતાના જીવનના સ્વાનુભવની જ આ વાર્તા હોવાથી વિદ્યાર્થીઓને પોતાના સ્વાનુભવની પ્રતીતિ કરાવી શકાય.

પ્રસ્તુત કૃતિની વાર્તા હૃદયદ્રાવક રીતે કહીને વિદ્યાર્થીઓની સંવેદનાને જાગૃત કરી શકાય.

સ્વાધ્યાયોને ધ્યાનમાં રાખીને વિષયવસ્તુ ઉપરાંતની વધારાની માહિતી આપી શકાય.

સ્ત્રીઓની વિવિધ ભૂમિકા અને સંબંધોની ચર્ચા કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) સ્નેહ (૨) સૌંદર્ય (૩) વૈભવ (૪) યાદ

(૫) આનંદિત (૬) અંતર (૭) સારવાર (૮) અપરાધ

**સ. ૨.** **જોડણી સુધારીને લખો :**

(૧) વાતસલય (૨) સાપતાહીક (૩) આશીશ (૪) ઈશવર (૫) નીરમળતા (૬) દસ્ટી

**સ. ૩.** **રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડી બનાવો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) ઓછું આવવું | (અ) પોતાના મતને વળગી રહેવું |
| (૨) ચહેરો કરમાઈ જવો | (બ) દુ:ખ લાગવું |
| (૩) મચક ન આપવી | (ક) ઉદાસ થઈ-જવું. |
| (૪) હૈયું ભરાઈ આવવું | (ડ) લાગણીનો ઊભરો અનુભવવો. |

**સ. ૪.** **'આંખ' સાથે સંબંધિત રૂઢિપ્રયોગોના અર્થ જોડણીકોશમાંથી શોધીને લખો :**

(૧) આંખ ઠરવી (૨) આંખ ખૂલવી (૩) આંખ ફેરવવી

(૪) આંખ ભરાઈ આવવી (૫) આંખ કાઢવી (૬) આંખ દેખાડવી

**સ. ૫.** **નમૂના પ્રમાણે નવા શબ્દ બનાવો : દા.ત. સુખ - સુખિયું**

(૧) ધાંધલ (૨) ગાડર (૩) પેટ (૪) લોભ (૫) ધમાલ (૬) પ્રભાત



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ. ૬. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો :**

(૧) બાની ડોકને બાથ ભરવી એ મારા જીવનનું પરમ ________________ હતું.
(૨) પિતાજીના ________________ મૃત્યુ પછી બાની ઉદાસીનો પાર નહોતો.
(૩) બા બહુ દેખાવડી અને ________________ હતી.
(૪) ધીરેધીરે પેલું મંગળસૂત્ર મારે મન બા જેટલું જ ________________ થઈ ગયું.

**સ. ૭. કોઠો પૂર્ણ કરો :**

(૧) બાપુજીના ગયા પછી ધનતેરસની પૂજામાં થયેલો ફેરફાર લખો.

| ક્યારે | ફેરફાર |
|---|---|
| દર વર્ષે | |
| ૧૯૨૯ પછી | |
| સાઈકલની ખરીદી પછી | |

**સ. ૮. નીચેના ભાવ પ્રકટ કરતાં અવતરણો કૃતિમાંથી શોધીને લખો :**

(૧) પુત્ર માટે બાની ચિંતા (૨) બાનો ત્યાગ (૩) પુત્રની ઉદારતા
(૪) બાના પુત્રપ્રેમનો ઉમળકો (૫) બાને હસાવવા માટે પુત્રનું ટેગવાક્ય

**સ. ૯. બીજી કઈ રીતે કહી શકાય તે લખો :**

(૧) આ દુઃખ ખમનાર હું એકલો નહોતો. (૨) અચાનક ફોઈની આંખ ગળા પર જઈ બેઠી.
(૩) ગરમી તો કહે મારું કામ. (૪) રૂપિયા મારા ગજવામાં જ રહી ગયા.
(૫) બાની આંખમાં આંખ પરોવતાં હું થાકતો નહિ.

**સ. ૧૦. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન પૂર્ણ કરો :**

(૧) લેખક પોંડિચેરી ગયા પછી બા એ ઘર ચલાવ્યું ______________
(અ) પારકા કામ કરીને (બ) પુત્ર પાસે પૈસા મંગાવીને (ક) પોતાના દાગીના વેચીને

(૨) બાએ મંગળસૂત્ર વેચી નાંખ્યું ______________
(અ) પુત્ર માટે સાઈકલ લેવા (બ) માંદા પુત્રની સારવાર માટે (ક) ઘરખર્ચ માટે

(૩) ફોઈ, ભાભીને ગળામાં પહેરવા કહે છે ______________
(અ) મંગળસૂત્ર (બ) તુલસીની માળા (ક) મોહનમાળા

(૪) લેખકના માંદા પડવાનું કારણ ____________________________
(અ) લૂ લાગી એટલે (બ) વરસાદમાં ભીંજાયા એટલે (ક) બહારનું ખાધું હતું એટલે

**સ. ૧૧. વાક્યના પ્રકાર ઓળખીને લખો :**

(૧) હું બાની ઉદાસી જોઈ શકતો નહોતો.
(૨) તમે પહેલાં મંગળસૂત્રની પૂજા કરી લો.
(૩) લેખકનો સ્વભાવ સૌમ્ય હતો.
(૪) સાઇકલ કેટલાંની હતી ?
(૫) માની ડોકની ચારુતાની વાત જ જુદી !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ. ૧૨. નીચેનાં વાક્યોમાંથી વિશેષણ ઓળખી રેખાંકિત કરો : (૧) હું ઘરે આવ્યો ત્યારે ઓટલા ઉપર એક સાઇકલ પડેલી.
(૨) બા બિચારી ભૂખીતરસી મારી વાટ જોતી હતી.
(૩) બા એ મારી પાસે પાંચ રૂપિયાની પૂજા કરાવી.
(૪) બાના કરમાયેલા ચહેરાને જોઈ મને દુ:ખ થયું.
(૫) બાની એકલવાઈ ડોક જ મને રડાવી મૂકતી.

સ. ૧૩. પ્રાણીઓમાં જોવા મળતા માતૃપ્રેમને તમારા શબ્દોમાં લખો.

★ 'માતા' વિશે પોતાના વિચારો મૌખિક રીતે રજૂ કરો.

## પ્રકલ્પ

★ 'મા' વિશેના ત્રણ-ત્રણ કાવ્યો ઈન્ટરનેટ ઉપરથી શોધીને એ'લ્બમ બનાવો.

## લેખન કૌશલ્ય

★ નાના ભાઈને ધોરણ આઠમાની શિષ્યવૃત્તિની પરીક્ષાની તૈયારી કરવા માટે પ્રેરણા તેમજ શુભેચ્છા આપતો પત્ર લખો.

## વિશેષ વાંચન

### એકલો

જંગે ચઢ્યો છું, અક્ષૌહિણી સેનાની સામે કૌરવોની.
અભિમન્યુ શો હું એકલો, સ્વજનો થકી વિખૂટો પડેલો,
આજ બસ રંગે ચઢ્યો છું; એકલો જંગે ચઢ્યો છું.

અંગો પર ખીલી ઊઠ્યાં ઘાવનાં ગુલમોર, પણ એ જ મારો તોર;
જીતના કોઠા ન પૂરા જાણતો, પણ યુદ્ધનો આનંદ પૂરો માણતો;
હું એકલો ભયદાનવી દળ, છળ બધાં સામે પડ્યો છું;
એકલો જંગે ચઢ્યો છું.

આ યુદ્ધનો હું અંત જોઈશ, માહરો કે? કોણ જાણે,
મેદાનમાં લડતાં વળી ચિંતા ય શાને? જાણું છું કે હારવાનો હું નથી,
મૃત્યુ અને જીવન ઉભયને જીતથી; સર્વને આલિંગનારી પ્રીતથી.
ઝળકવા હું કાળની સામે પડ્યો છું, એકલો જંગે ચઢ્યો છું.

– જયન્ત પાઠક

7G2EQH

સારા વિચારો રાખવા એ જ આંતરિક સૌંદર્ય છે. – સ્વામી રામતીર્થ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ – ૧

## પત્રલેખન

મિત્રો, તમને થતું હશે કે વૉટસએપ અને ઈમેલના યંત્રયુગમાં પત્રલેખન શીખવાની શી જરૂર? ખરું ને? પણ યાદ રાખો કે, આપણા હૃદયની ભાવનાને શબ્દરૂપે વ્યક્ત કરવાનું કૌશલ્ય મેળવવા પત્રલેખન આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. આપણાથી જોજનો દૂર રહેતા આપણા સ્વજનો સાથે હૃદયની લાગણીઓનું આદાનપ્રદાન પત્ર દ્વારા જ શક્ય બને. પણ હા, આજના યુગના સંદર્ભે તેના સ્વરૂપ વિશે ચોક્કસ વિચારવું જ રહ્યું.

નવમા ધોરણ સુધી તમે પારંપરિક પદ્ધતિથી જ પત્રલેખન શીખ્યા છો. પણ હવે પછી સ્પર્ધાત્મક યુગમાં તમારે તમારી કારકિર્દી ઉજ્જવળ બનાવવાની છે તેથી તંત્રયુગ સાથે કદમ મિલાવવા પણ અનિવાર્ય છે. માટે જ આ વર્ષે આપણે પત્રલેખનનું કૌશલ્ય ઈ-મેલની પદ્ધતિથી શીખીશું.

આપણે ઔપચારિક અને અનૌપચારિક એમ બે પ્રકારના પત્રો શીખવાના હોવાથી તેમની વચ્ચેનો તફાવત સમજી લઈએ.

| ક્રમ | ઔપચારિક પત્ર | ક્રમ | અનૌપચારિક પત્ર |
|---|---|---|---|
| ૧. | સરકારી/બિનસરકારી કાર્યાલયોમાં, ખાનગી કંપનીઓને, પ્રકાશકો કે બોર્ડને વિનંતી / માગણી/ફરિયાદ/અભિપ્રાય માટે પત્રો લખો. | ૧. | માતા, પિતા, ભાઈ, બહેન, કાકા, મામા, માસી, ફઈ, મિત્રો, સ્નેહી વગેરેને લખાય. |
| ૨. | વિષય ફરજિયાત લખવો પડે. | ૨. | વિષય લખવાની જરૂર નથી. |
| ૩. | નિયમાનુસાર જ લખાય. | ૩. | નિયમોનું બંધન હોતું નથી. |
| ૪. | વિષયાનુરૂપ સંક્ષેપમાં લખાણ. | ૪. | આ પત્રો લાંબા પણ હોઈ શકે. |
| ૫. | અંતમાં ડાબી બાજુએ પત્ર લખનારનું સરનામું લખવું આવશ્યક છે. | ૫. | અંતમાં ડાબી બાજુએ પત્ર લખનારનું સરનામું લખવું આવશ્યક છે. |
| ૬. | સંબોધનની પછી જેને લખતા હોય તેનું સરનામું અનિવાર્ય. | ૬. | સંબોધન પછી સરનામાની જરૂર નથી. |
| ૭. | સમાપનમાં આભાર કે વિનંતી. | ૭. | સમાપનમાં હૃદયની ભાવના. |
| ૮. | લિ.માં નામ, સરનામું, ઈમેલ આયડી, ફોન નંબર બધું જ લખાય. | ૮. | લિ.માં સંબંધાનુસાર ઉલ્લેખ અન્ય બાબતો ન લખીએ તો પણ ચાલે. |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વાર્તાલેખન

☞ **વાર્તાલેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

❒ વાર્તાનું લેખન કોઈપણ કાળમાં થઈ શકે. એક જ વાર્તામાં એકથી વધારે કાળનો ઉપયોગ પણ થઈ શકે. પરંતુ તેમાં વિશેષ મહત્ત્વ છે ક્રમિકતા જાળવવાનું. ❒ વાર્તામાંથી બોધ મળે છે. પરંતુ જો બોધ ન મળતો હોય તો પણ આનંદ તો અવશ્ય મળે જ છે. ❒ વાર્તાની શરૂઆત અને અંત એકબીજા સાથે સંકળાયેલા હોય તે જરૂરી છે. ❒ વાર્તાની લંબાઈ માટે પણ કોઈ બંધન નથી. પણ તેના વિષયવસ્તુની પ્રવાહિતા જળવાવી જોઈએ. ❒ વિષયવસ્તુ પ્રમાણે અને તેના પાત્રને અનુરૂપ ભાષાશૈલી જરૂરી છે. ❒ વાર્તામાં બોલીભાષાનો ઉપયોગ થઈ શકે પણ અન્ય ભાષાનો ઉપયોગ ટાળવો. ❒ વાર્તાનું સાચું સૌંદર્ય જળવાવું જોઈએ. ❒ વાર્તાના મુખ્ય પાત્ર, પ્રસંગ કે બોધને ધ્યાનમાં રાખી નાનું પણ આકર્ષક શીર્ષક આપવું. ❒ વાર્તા પરિચ્છેદ પાડીને જ લખવી. અને વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરવો. વાર્તાની રૂપરેખા તૈયાર કરવી અને પછી એ રૂપરેખાનો વિસ્તાર કરવાથી પ્રવાહિતા અને ક્રમિકતા બંને જળવાશે. ❒ વાર્તામાં આવતા પાત્રોની વાતચીત સંવાદરૂપે લખવાથી વાર્તા આકર્ષક બને. ❒ વાર્તાનો આરંભ આકર્ષક અને અસરકારક હોય તો અંત ચમત્કારી, નવાઈભર્યો, ઉપદેશાત્મક, સૂત્રાત્મક કે પછી આનંદદાયક હોય એ ઈચ્છનીય છે.

☞ **વાર્તાલેખન જુદી જુદી રીતે પૂછી શકાય :**

❍ મુદ્દા ઉપરથી વાર્તા લખો. ❍ અધૂરી વાર્તા પૂરી કરો. ❍ વાર્તાનો અંત બદલો. ❍ ચિત્રોનું નિરીક્ષણ કરી વાર્તા બનાવો. ❍ આપેલા શબ્દોનું અનુસંધાન સાંધીને વાર્તા બનાવો વગેરે વગેરે.

# લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ – ૨

## અનૌપચારિક પત્રનો નમૂનો

તમારા જન્મદિવસ નિમિત્તે તમારા મામાએ તમને એક લેટેસ્ટ મોબાઈલ ફોન ભેટ તરીકે મોકલ્યો છે. તેમનો આભાર માનતો પત્ર મામાને લખો.

તા. ૧।૧।૨૦૧૮

પૂ. વડીલ મામા-મામી,

આપ સહુની કુશળતા ચાહતા અમે સર્વે કુશળ છીએ. પ્રકાશની ખૂબજ યાદ આવે છે.

મામા, આપે મોકલેલી મારા જન્મદિવસની ભેટ જોઈને હું એટલી નાચી ઊઠી કે મમ્મીને પકડીને ગોળગોળ ફરવા લાગી હતી. ખરેખર, મામા-મામી તમારો ખૂબખૂબ આભાર.

હું છેલ્લા છ મહિનાથી મમ્મી-પપ્પાને મોબાઈલ લઈ આપવાનું કહેતી હતી. પરંતુ તેમણે કહ્યું કે, 'એસ.એસ.સી.માં સારા માર્કસે પાસ થઈશ પછી અપાવીશું.' મામા તમે મોકલેલા મોબાઈલનો હું સારામાં સારો ઉપયોગ કરીશ. પરીક્ષામાં સારા માર્કસે પાસ થઈને મમ્મી-પપ્પાની ઈચ્છા પણ જરૂર પૂરી કરીશ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મારા મમ્મી તમને બધાને ખૂબજ યાદ કરે છે. પપ્પાએ ખાસ લખાવ્યું છે કે, આ વર્ષે ઉનાળાની રજાઓમાં તમારે બધાએ અહીં આવવાનું છે. મે મહિનામાં આવતો પ્રકાશનો જન્મદિવસ આપણે સાથે અહીં જ ઉજવશું. પ્રકાશને મારી યાદ આપશો.

મામા-મામી, ફરી એકવાર હૃદયપૂર્વક આભાર. કામકાજ હોય તો ચોક્કસ જણાવશો.

લિ. આપની ભાણેજ,
હિયાના પ્રણામ.
૭, હિરા ભુવન, ગાંધીનગર,
ઘાટકોપર વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૮૬.

---

## ઔપચારિક પત્રનો નમૂનો

તમારા લીવીંગ સર્ટિફિકેટની માંગણી કરતો પત્ર શાળાના મુખ્યાધ્યાપકને લખો.

તા. ૧।૧।૨૦૧૮

પ્રતિ,
મુખ્યાધ્યાપક,
સર્વોદય વિદ્યાલય,
ઘાટકોપર.
**વિષય : સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટની માંગણી**
માનનીય ગુરુવર્ય,
સાદર પ્રણામ !

હું આપની શાળામાં ધોરણ ૧૦માં ભણતી વિદ્યાર્થિની છું. મારા પિતાની માંદગીને કારણે અમારે અચાનક જ અમદાવાદ આવવું પડ્યું છે. અહીં આવ્યા પછી તેમની તબિયતમાં સારો એવો ઝડપી સુધારો થયો છે. તેથી અમે હમણાં કેટલોક સમય અમદાવાદમાં જ રહેવાના છીએ.

હવે મારે અહીંની કોઈ શાળામાં પ્રવેશ લેવો પડશે. દસમા ધોરણના છેલ્લા વર્ષે શાળા છોડવાનું મને ઘણું દુઃખ થાય છે પણ પરિસ્થિતિ આગળ લાચાર છું. હું અહીંની 'શારદા વિદ્યાલય'માં પ્રવેશ લેવાની છું. તો આપને મારું લીવીંગ સર્ટિફિકેટ ઉપરના સરનામે ત્વરિત મોકલવા નમ્ર વિનંતી કરું છું.


આપના આશીર્વાદથી હું અહીં ખૂબ અભ્યાસ કરીને આપણી શાળાનું નામ રોશન કરીશ તેવી ખાતરી આપું છું.
તકલીફ બદલ ક્ષમા !
**લિ. આપની વિશ્વાસુ વિદ્યાર્થિની,**
સૃષ્ટિ શાહ
૫૦૪, 'મંથન',
વટવા, અમદાવાદ.
shrustishah9@gmail.com



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરી એક વાર્તા લખો.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ,
પુણે - 411 004. ₹ 42.00
साहित्यभारती इयत्ता दहावी (गुजराती माध्यम)

Downloaded from https:// www.studiestoday.com